॥હરિઃૐ॥

# જીવનસંગ્રામ



પૂજ્ય શ્રીમોટા

પૂજ્ય શ્રીમોટા હરિઃૐ હરિઃૐ આશ્રમ-સુરત

॥ હરિઃૐ ॥

# જીવનસંગ્રામ

પૂજ્ય શ્રીમોટા

હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત

❑ પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સ્થાપના વર્ષ ૧૯૫૬
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫.
ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪
Email : hariommota1@gmail.com
Website : www.hariommota.org

© હરિઃૐ આશ્રમ, સુરત, નડિયાદ.

❑

| **આવૃત્તિ** | **વર્ષ** | **પ્રત** | **આવૃત્તિ** | **વર્ષ** | **પ્રત** |
|---|---|---|---|---|---|
| પ્રથમ | ૧૯૪૬ | ૧૦૦૦ | ચોથી | ૧૯૯૪ | ૨૦૦૦ |
| બીજી | ૧૯૭૬ | ૧૦૦૦ | પાંચમી | ૧૯૯૯ | ૨૦૦૦ |
| ત્રીજી | ૧૯૮૫ | ૧૦૦૦ | છઠ્ઠી | ૨૦૧૨ | ૨૦૦૦ |

❑ પૃષ્ઠ : ૮ + ૮૪ = ૯૨

❑ કિંમત : **રૂ. ૧૦/-**

❑ **પ્રાપ્તિસ્થાન :** હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
હરિઃૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

❑ મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની,** ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

❑ ડિઝાઈનર : **મયૂર જાની,** મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

❑ ટાઈપસેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટેક્સ, અમદાવાદ-૧૪, ફોન : (૦૭૯) ૨૭૫૪૩૬૯૯

❑ મુદ્રક : **સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨
ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

પૂજ્ય શ્રીમોટાનાં સમાજકલ્યાણનાં કાર્યોના મૌલિક
અભિગમથી પ્રેરાઈને કર્મની સાથે જ્ઞાનમાર્ગે
જીવનપંથે પ્રગતિ કરવાની ખેવના રાખનાર
અને
અનેક સાધુસંતોનાં જીવનચરિત્રોના આધારભૂત ગ્રંથોના સંગ્રહ
અને સેવન દ્વારા આચરણમાં મૂકવા મથનાર,
સાથોસાથ
વિજ્ઞાન અને અત્યંત આધુનિક ટેક્નૉલૉજીના અભ્યાસ
સાથે ઈન્ટરનેટનો ભરપૂર ઉપયોગ કરનાર તેમ જ
હરિઃૐ આશ્રમ, સુરતની વેબસાઈટ બનાવવામાં પૂર્ણ
આર્થિક સહયોગ આપી, તે દ્વારા પૂજ્ય શ્રીમોટાના સાહિત્યનો
સમજ સાથે પ્રસારકાર્યના હિમાયતી એવા
સુરત નિવાસી
**શ્રી કરશનભાઈ મેઘજીભાઈ ચોવટીઆને**
તથા તેમનાં ધર્મપત્ની
**શ્રીમતી નર્મદાબહેન કરશનભાઈ ચોવટીઆને**
**અને તેમના સમગ્ર પરિવારને**
**'જીવન સંગ્રામ'**ની આ છઠ્ઠી આવૃત્તિ
અર્પણ કરતાં અમો ધન્યતાની લાગણી અનુભવીએ છીએ.

તા. ૧-૪-૨૦૧૨ **ટ્રસ્ટીમંડળ,**
રામનવમી હરિઃૐ આશ્રમ, સુરત

## • અંજલિ •

(પ્રથમ આવૃત્તિ)

(અનુષ્ટુપ)

મળ્યાં જીવનમાં યુદ્ધો શાં આકાર પ્રકારનાં !
ભૂમિકામાં જુદી જુદી ચેતના પ્રગટાવવા.
કૃપાહાથ પ્રભુનો ત્યાં રૂડો, જોવા પ્રસંગ તે
- મળેલો એમ જાણીને ત્યાં ત્યાં વર્તાયું તે રીતે.
ક્યાંક પાછું પડાતું'તું હાથ ત્યાં પ્રભુનો મળ્યો,
એવા અનુભવોથી તો આજ ઊભો રહી શક્યો.
ગરીબીમાં મને જેણે જેણે સ્હાય, કૃપા દીધી,
તે તે મારા પ્રભુને આ ભાવે હું ધરું અંજલિ.

## • ગુરુદક્ષિણા •

(અનુષ્ટુપ)

કેટલા કેટલા કેવા અન્યાયો જીવને મળ્યા !
ઘડાવાને મળ્યા, એવી મળી જોવાની ત્યાં કળા.
પ્રભુની તે કૃપા ભારે જેની ઉપર ઊતરે,
માટીમાંથી કરે ઊભો એને તો જીવતો ખરે.
અજ્ઞાનીમાંય અજ્ઞાની ફાવે તેવો ભલે હશે
- પામર માનવી, એને પ્રભુકૃપા તરાવશે.
કિંતુ પામરની તેવા ભારે પામરતા હશે,
શોભવા ક્યાંય હો એને પાત્ર તો તુજ પાદ તે.
સંઘરી ના શકે કોઈ, એવાને એક શ્રીહરિ
-આપે શરણનું દાન પડેલાંને જ સંઘરી.
એવા શ્રીહરિના ભાવે ગુરુ પોતે પધારિયા,
સ્વીકારી આપમેળે ને મઠાર્યો શો છતો થવા !
એવા શ્રીગુરુપાદો જે ચેતનાશક્તિ મૂળ છે,
મારા આ જીવવાકેરા પ્રાણઆધાર એક તે.
એનાથી જે મળ્યું એને પાછું આ આપી દક્ષિણા
- આપવા જેવી તેવી હું મથ્યો, તેય ગુરુકૃપા.

સાયલા, ગુરુપૂર્ણિમા, તા. ૧૪-૭-૧૯૪૬ — **- મોટા**

॥ હરિ:ૐ ॥

# નિવેદન

## (છઠ્ઠી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાની કલમ દ્વારા જીવનમાં રોજબરોજ પ્રાપ્ત થતા પ્રસંગોના સ્વીકાર સાથે જીવનવિકાસ સાધવા માટે જે અમૂલ્ય અને વિપુલ સાહિત્ય સ્વજનોને પ્રાપ્ત થયું છે, તેમાં **'જીવન સંગ્રામ'**નું આગવું મહત્ત્વ છે.

જીવનમાં ઊભી થતી સ્થૂળ અથડામણો દ્વારા આધારનાં કરણોમાં જે સૂક્ષ્મ સંગ્રામનું સર્જન થાય છે અને તે દ્વારા શ્રીભગવાન એકમાત્ર તારણહાર છે, એવી પ્રતીતિ થતાં જીવ એનો શરણાગત બને છે. એવા માર્ગની વિગતો આવા સાહિત્યમાંથી મળી આવે છે.

સાધકને સારું એવું માર્ગદર્શન તેમ જ પ્રેરણા આ 'જીવન સંગ્રામ'ના વાચન-મનનથી મળી રહેશે એવી શ્રદ્ધા છે.

ઘણા સમય બાદ લગભગ ૧૩ વર્ષ પછી આ પુસ્તકની છઠ્ઠી આવૃત્તિનું પ્રકાશન થઈ રહ્યું છે. આશા છે કે સ્વજનો આ આવૃત્તિને સ્વીકારશે.

આ પુસ્તકની સૂચિ તૈયાર કરી આપવા બદલ શ્રી કમલેશભાઈ શેઠના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય શ્રી જયંતીભાઈ જાનીએ પૂરા સદ્ભાવથી, ખંતથી અને ચોકસાઈપૂર્વક કર્યું છે, તે બદલ અમો તેમના ખૂબ ખૂબ આભારી છીએ.

સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુપ્રસાદ

પંડ્યાએ પૂજ્ય શ્રીમોટા પ્રત્યેના ભક્તિભાવથી આ પુસ્તકનું મુદ્રણ કરી આપ્યું છે. તેઓશ્રીના આવા અમૂલ્ય અને ઉદારતાભર્યા સહયોગના કારણે જ પૂજ્ય શ્રીમોટાનો અક્ષરદેહ ઘણી ઓછી કિંમતે સમાજચરણે મૂકી શકીએ છીએ.

તા. ૧-૪-૨૦૧૨ **ટ્રસ્ટીમંડળ,**

રામનવમી હરિઃૐ આશ્રમ, સુરત.

# જીવનસંગ્રામ

❑

પૂજ્ય શ્રીમોટા

**‘હું સર્વત્ર વિદ્યમાન છું.’**

‘જીવનદર્શન’, ૧૧મી આ., પૃ. ૪૩૧

**- શ્રીમોટા**

# જીવનસંગ્રામ

**ઉદ્‌ભવી શેં શકે જ્ઞાન સંગ્રામક્ષેત્ર ઉપરે ?**

ગીતાજીમાં યુદ્ધક્ષેત્રની ભૂમિકા ઉપર અર્જુનને શ્રીકૃષ્ણ ભગવાન તત્ત્વજ્ઞાનનો ઉપદેશ આપે છે. તત્ત્વજ્ઞાન પ્રેરાવા કાજે જરૂરી શાંતિ, સમતા, ધીરજ, તટસ્થતા આદિ સાત્ત્વિક ગુણોની જરૂરિયાતવાળી ભૂમિકા હોયા વિના, યુદ્ધભૂમિકા એને કાજે નિમિત્તરૂપ આધાર તરીકે શ્રીભગવાને કેમ લીધી હશે, તે પ્રશ્ન ગીતાના વાચકને થયા વિના નહિ રહ્યો હોય. યુદ્ધક્ષેત્ર ઉપર ગીતાજી જેવો પ્રેરણાત્મક-ચેતનાત્મક બોધ એક રીતે અસંબદ્ધ કે જરા અસંગત લાગે છે, પણ એનું રહસ્ય વિચાર કરતાં ઘણું ઊંડું અને ભારે છે.

સારુંયે જીવન-સમગ્ર વિશ્વ-યુદ્ધથી જ જીવતું રહે છે, એટલું જ નહિ, યુદ્ધથી જ તે વિકાસ પામે છે અને યુદ્ધથી જ તે ઘડાય છે. યુદ્ધને કારણે એની જૂની વિચારસરણી, જૂની ઘરેડ, જૂનાં માપો, જૂનાં મૂલ્યાંકનો, જૂની ટેવો અને બીજી એવી અનેક પ્રકારની ધારણાઓ, માન્યતાઓ અને જીવનની લઢણો-એ બધાંને સખત આઘાત લાગે છે, એથી જ કરીને કંઈક નવું તત્ત્વ, જે જીવનમાં પ્રવેશવા કાજે જરૂરનું હોય છે, તેને પ્રવેશવા માટેની ભૂમિકા પણ યુદ્ધથી જ પાકે છે. સામાન્ય સ્થિતિના માનવીનું મન પડેલા ચીલાથી બીજી રીતે વર્તવા કદી પણ તૈયાર થઈ શકતું નથી. યુદ્ધને લીધે એવી પરિસ્થિતિ ઊપજે છે, કે માનવીને તેમ કર્યા વિના ચાલી જ ના શકે. જે નવી પરિસ્થિતિ માનવીના જીવનમાં ઉદ્‌ભવે છે, તે પ્રત્યેક

માટે કોઈ ને કોઈ આવા જ પ્રકારનું નિમિત્તકારણ હોય છે. સૃષ્ટિના જીવનવિકાસના ઈતિહાસમાં મૂળ તત્ત્વની અંતર્ગત રહેલી ચેતના-એ અંતરમાં રહીને કોઈ ને કોઈ રીતે વ્યક્ત થયા કરી નવાં નવાં રૂપાંતરો પામે છે. સૃષ્ટિના જીવનવિકાસમાં યુદ્ધ એ એક અનિવાર્ય અને વિશ્વને ચલાવનારી અને ચાલુ રખાવનારી અખંડ રચનાનું અને એના દિવ્ય, રમ્ય અને ગૂઢ હેતુનું એક લાક્ષણિક અંગ છે. પ્રત્યેક તત્ત્વમાં અંતર્ગત રહેલી ગૂઢ ચેતનાશક્તિને આધારે જ તે જુદાં જુદાં પરિણામમાં વિકસ્યા કરે છે. માનવીનું ભાવિ એ જ કારણથી ઘણું ઊજળું છે. માનવીના મનનો વિકાસ યુદ્ધની એવી અનેક પરંપરાઓમાંથી જ થયેલો છે. તે સાથે માનવજીવનની રચનામાં આત્માનું સહેતુક જોડાણ થયેલું હોવાથી, તેનો ભાવ કોઈ ને કોઈ કાળે વ્યક્ત થવાનો જ છે. એ જોતાં માનવીની એવી કોઈ સ્થિતિનો ખ્યાલ જાગે છે, અથવા તો વિકાસની એવી કોઈ ભૂમિકા થવાનો સંભવ રહે છે, કે જ્યાં કોઈ પણ પ્રકારનું ઘર્ષણ જ ના હોય અને કોઈ એક એવી ચેતનાશક્તિનો આવિર્ભાવ માનવી આધારમાં થવાની પૂરેપૂરી શક્યતા લાગે છે. માનવજીવનના પ્રત્યેક થરમાં-ભૂમિકામાં-યુદ્ધ રહેલું જ છે. પ્રત્યેક ડગલું ભરવામાં પણ માનવીને શ્રમ લેવો પડે છે. 'યુદ્ધ એટલે માત્ર સંહાર' એવી કલ્પના અને સમજણ બહુ અધૂરી છે. પ્રત્યેક વ્યક્તિ યુદ્ધથી જ જીવનને ટકાવે છે અને વિકસાવે છે. જે કોઈને ટકવું છે, જે કોઈને જીવવું છે, એને યુદ્ધથી ઊપજેલી એવી પરિસ્થિતિ અંગે ફેરફાર કર્યે જ છૂટકો છે. જે કોઈ એમ કરી શકતું નથી, તે કાં તો પાછળ પડે છે કે નાશ

પામે છે. એવાની જીવનશક્તિ બહેર મારી જાય છે અને તે એમ ને એમ પડી રહેતાં વિકાસ કાજે નકામું બની જાય છે.

વિશ્વની રચનામાં કોઈક એવો ગૂઢ હેતુ સમાયેલો છે, કે જેની આંતરપ્રેરણાને કારણે એમ ને એમ કોઈ પડી રહી શકતું પણ નથી. જાણેઅજાણે સર્વ કોઈને, જડચેતન વસ્તુમાત્રને હડસેલાયા કરવું જ પડે છે. જે ઊભું રહે છે, તેને પાછળનાનો ધક્કો લાગે છે અને જો તે ચાલતું નથી તો પડીને અનેક પાછળ આવનારાઓના પગ તળે છૂંદાઈકુટાઈને તે નાશ પામે છે. આપણા શરીરમાં પણ અણુઅણુઓ વચ્ચે પ્રત્યેક પળે, અરે ! એનાથીયે નાના સરખા સમયમાં, એકધારું સતત યુદ્ધ ચાલ્યા જ કરે છે. એને લીધે જ શરીરમાં જોમ, ચેતન આદિ પ્રગટ્યા કરતાં હોય છે. પ્રત્યેકના એકબીજા સાથે કોઈ ને કોઈ રીતે મેળાપ કે અથડામણથી કંઈ ને કંઈ નવું જન્મતું હોય છે. એવા મેળાપમાં પણ એક પ્રકારનું અદીઠ સૂક્ષ્મ યુદ્ધ જ હોય છે, એટલે યુદ્ધની ભૂમિકા વિના ક્યાંય વિકાસ નથી. પ્રત્યેક જીવાત્મા જો વિચારે તો એના જીવનના એક પછી એક થરના પ્રત્યેક ગાળામાં એને કોઈ ને કોઈ પ્રકારનું યુદ્ધ થયા જ કરેલું જણાશે. જીવનની સાધના કરનાર માટે યુદ્ધ કે સામનો કે પ્રતિકારની ભૂમિકા ઘણી જરૂરની છે. તે વિના તે કદી પણ આગળ ડગલું ભરી ના શકે. મનની ભૂમિકા એમ ને એમ કદી પણ બદલી શકાઈ જાણી નથી. મનને પોતાના પડેલા ચીલામાંથી બીજે કૂદવા કાજે કશુંક અવલંબન જરૂરનું રહે છે, અને જ્યાં લગી અત્યંત કટોકટીભરેલી દશા પેદા થતી નથી, ત્યાં લગી મન પોતાની મેળે કદી પણ કશું જ

બદલવાનું કરી શકતું નથી. મનને આગળ ચલાવવા કે એને યોગ્ય દર્શન પ્રાપ્ત કરાવવા, અથવા એ જે ભૂમિકા પર ઊભું છે, એથી બીજી કોઈ ઉચ્ચતર દશામાં એને લઈ જવા કાજે સંઘર્ષણ, અથડામણ, સંતાપ, ક્લેશ, દુઃખ કે એવી રીતનું યુદ્ધ એને માટે અનિવાર્ય છે. આવી જાતની મથામણોના માનવજીવનના પ્રત્યેક જુદા જુદા થરમાં જુદા જુદા પ્રકાર પણ હોય છે. જ્યાં સુધી માનવીનું મન દ્વંદ્વની ભૂમિકા પર રચાયેલું છે અને દ્વંદ્વમાં રમ્યા કરતું હોય છે, ત્યાં સુધી એને કોઈ ને કોઈ પ્રકારની મથામણ કે અથડામણની સ્થિતિ પ્રાપ્ત થયા જ કરવાની. આ વિશ્વની રચનામાં યુદ્ધ સંકળાયેલું જ છે અને તેનો વિકાસ યુદ્ધની ભૂમિકાથી જ થયા કરવાનો છે. પ્રત્યેકના જીવનમાં એનું સ્થાન–તે ઈચ્છે કે ના ઈચ્છે છતાં–રહેવાનું જ છે.

**યુદ્ધના પ્રકાર :-**

યુદ્ધના પ્રકાર અનેક જાતના છે. યુદ્ધ સ્થૂળ અને સૂક્ષ્મ પણ હોઈ શકે. યુદ્ધનાં સ્વરૂપો પણ એકએકથી નિરનિરાળાં રહ્યા કરવાનાં. પ્રત્યેક ભૂમિકામાં યુદ્ધનાં સ્વરૂપ પણ જુદાં જુદાં જ રહેવાનાં. યુદ્ધની સ્થિતિમાં મુકાયા વિના માનવીના મનમાં કદી પણ મંથન જાગી શકતું નથી, અને મંથન વિના તે ઊંડું વિચારવાને તકલીફ પણ લેતું નથી, મનનો એવો સ્વભાવ છે. આથી, જેને આધ્યાત્મિક જ્ઞાન મેળવવાની તમન્ના છે, જેને કકડીને ભૂખ લાગેલી છે, એના જીવનમાં યુદ્ધની સળંગતા અનેક પ્રકારે જળવાઈ રહેલી અનુભવાશે. એક જ જાતનું કર્તવ્ય યુદ્ધની જુદી જુદી ભૂમિકાઓમાં જુદાં જુદાં પરિણામ નિપજાવે છે અને એનો વ્યૂહ પણ જુદો જુદો બદલાતો

રહે છે. એટલે કર્તવ્યનાં પરિણામનો આધાર તે કઈ ભૂમિકા ઉપરથી બનતું હોય છે, એના પર રહેલો છે.

જેને આધ્યાત્મિક માર્ગે જવાનું છે, તેને તો એકની એક સલામત દશામાં પડી રહેવું પાલવી શકે તેવું હોતું નથી. આમેય પ્રત્યેક જ્ઞાની કે અજ્ઞાની એકની એક દશામાં રહી શકતો હોતો જ નથી. પ્રત્યેકના જીવનમાં ફેરફાર થયા જ કરવાનો, માત્ર તે થયા કરે છે એવું એને (અજ્ઞાનીને) જ્ઞાન હોતું નથી. ફેરફાર થયા જવો એ તો **આ સૃષ્ટિના જીવનનો** એક નિત્યનો સળંગ ક્રમ છે અને એ ફેરફાર કોઈ ને કોઈ પ્રકારના યુદ્ધનાં પરિણામ અંગે જ નીપજતો હોય છે. યુદ્ધ આંતરિક પણ હોય અને જેમ જેમ એની ભૂમિકા સૂક્ષ્મ થતી જાય છે, તેમ તેમ યુદ્ધના આકાર અને પ્રકાર પણ સૂક્ષ્મ થતા જાય છે.

**યુદ્ધથી જ વિકાસ**

યુદ્ધ એટલે માત્ર સ્થૂળ હિંસા એવું કશું જ નથી. હા, યુદ્ધથી સ્થૂળ ખંડન પણ હોય અને સૂક્ષ્મ પણ હોય. યુદ્ધથી એકલું ખંડન જ થાય છે, એ કહેવું કે ધારવું ભૂલભરેલું છે. યુદ્ધથી મંડન પણ થાય છે. યુદ્ધથી જ સર્વ કોઈ બદલાવાની પરિસ્થિતિમાં મુકાતા હોય છે. માનવીના જીવનમાં, કોઈ પણ યોનિના જીવનમાં, આમ યુદ્ધની પીઠભૂમિકા કે અંતર્ભૂમિકા કે એનું આંતરિક વહેણ સતત એકધારું ચાલ્યા જ કરતું હોય છે. એવા થતા રહેતા યુદ્ધને જે **જીવ** જોઈ શકે છે, અનુભવી શકે છે અને એમાંથી પોતાના જીવનવિકાસનો હેતુ પરખીને તે પ્રમાણે વર્તવાને નદીનાં પૂરની જેમ ઉત્સાહપૂર્વક એનો સ્વીકાર કરીને અપનાવવા તૈયાર થાય

છે, તે જ યુદ્ધથી વિકાસ પામે છે. અંતર્ગત સાધના થતી રહે છે, તેનું પ્રત્યક્ષ પ્રમાણ આવી જાતના યુદ્ધની અનેક સૂક્ષ્મતમ પરંપરાઓમાંથી **જે રીતે** એમાંથી તે **જીવ** યોગ્યપણે ગ્રહણ કરતો રહે છે, **તે રીતે** સમજાતું હોય છે.

સાધકની બહાર અને અંતર્દશામાં સતત યુદ્ધ ખેલાયા જ જવાનું છે અને આ સંસારને વિશે વિચારીએ તો તે પણ કુરુક્ષેત્ર જ દેખાય છે. ગતિ અથડામણમાંથી જ ઉદ્‌ભવતી હોય છે. તેમાં ભલે હથિયારથી લડવાનું ના બનતું હોય, પરંતુ પ્રત્યેક સ્થિતિ અને સંબંધ સાથે તથા સંસારની સર્વ પ્રકારની પ્રવૃત્તિમાં માનવીને સ્થૂળ કે સૂક્ષ્મ સામનો કર્યા વિના ચાલી શકતું નથી-કરવો જ પડે છે. કોઈ ને કોઈ રીતે માનવીના મનમાં ગડમથલો ચાલ્યા જ કરતી હોય છે. આ સચરાચર જગતમાં સર્વ જે કંઈ છે, તે બધાંના જીવનનો આધાર પણ સંગ્રામથી જ ટકી રહેલો હોય છે. આવું વિધાન ઘણાને મનથી અજુગતું પણ લાગે, કિંતુ એમાં જુગતાપણાનો કે અજુગતા-પણાનો પ્રશ્ન જ રહેતો નથી. પ્રત્યેક જીવનની સંગાથે એ તો ઓતપ્રોત સંકળાયેલું જ રહેલું હોય છે. યુદ્ધ પ્રત્યેક જીવનની ભૂમિકામાં સળંગ એકધારું પ્રવર્તી રહેલું હોય છે. માનવીના મનમાં સતત એકધારી રહ્યા કરેલી એની સુખાકારીનું ભાન એને જાગતું પણ નથી, પરંતુ સળંગ એકધારી સુખાકારીના સમગ્ર પ્રમાણના જેટલું દુઃખ કે રોગ ના હોવા છતાં, તેનું ભાન માનવીને જલદી થતું હોય છે. જે આપણી સાથે સતત એકધારું સંકળાયેલું રહ્યા કરેલું હોય છે, એનું સ્પષ્ટ ભાન માનવીને થતું રહેતું નથી, એવું જ યુદ્ધને વિશે છે. એમ સર્વ

રીતે વિચારતાં અને જોતાં યુદ્ધ સર્વ પ્રકારના વિકાસનું એક યોગ્ય સાધન છે, એટલું જ નહિ, પણ એ એક અવિચળ અને અનિવાર્ય અંગ છે, એટલે જ શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને યુદ્ધભૂમિ પર તત્ત્વજ્ઞાનનો બોધ પ્રેર્યો છે, એ તો એક આધ્યાત્મિક સત્યના સૂક્ષ્મ પ્રત્યક્ષ પ્રતીકરૂપે છે.

**સ્થૂળ યુદ્ધ પ્રતીકાત્મક**

માનવીના મનમાં જાણેઅજાણે દિવસમાંની તેની સર્વ પ્રકારની પ્રવૃત્તિમાં કોઈ ને કોઈ રીતે મથામણ ચાલ્યા જ કરતી હોય છે. એકલા માનવીનાં ક્ષેત્રમાં જ નહિ, પણ સકળ વિશ્વમાં-જડચેતન બધાંમાં-ફેરફાર થતો જતો આપણે અનુભવી શકીએ છીએ, અને એ ફેરફાર એમ ને એમ તો થાય જ નહિ, તે તો સૌ કોઈના સમજવામાં આવી શકે એવું છે. આમ, સંસારક્ષેત્રની કુરુક્ષેત્રરૂપી રણભૂમિ સર્વ માનવીના જીવનમાં કે અંતરમાં એક પ્રચંડ હકીકતરૂપે સદૈવ ખડી જ હોય છે. કાળ અને દેશના લક્ષણે મર્યાદા વિનાનો અને અનંત પ્રકારની જડ અને ચેતન સામગ્રીવાળો આ સંસાર એટલો તો વિશાળ છે, કે માનવીનું મન એને સમગ્રપણે કલ્પનામાં પણ ના ઉતારી શકે. એવા આ સંસારમાં ખરું જોતાં, અનેક જુદા જુદા હેતુથી યુદ્ધ ખેલાયા જ કરે છે. માનવી માનવી વચ્ચે તેમ જ જડ જડ વચ્ચે (તેમ જ જડ અને ચેતન વચ્ચે પણ) અને એમ સર્વ કોઈની વચ્ચે એકબીજાના અણુપરમાણુઓ સ્થૂળ અને સૂક્ષ્મપણે અથડાયા જ કરે છે. એવા અણુપરમાણુઓની સતત અથડામણ ચાલી જ રહેલી છે. એની લીલા કોઈ અપરંપાર છે. એમાંથી ઘણુંયે નવું જન્મે છે અને ઘણું જૂનું વિલીન થાય

છે. એ અણુપરમાણુઓને ક્યાંય આરામ નથી અને એ રીતે પ્રાણીમાત્ર યુદ્ધ કરતાં કરતાં જ પોતાના જીવનને ધારણ કરી શકે છે અને વિકસાવે છે. જુદાં જુદાં તત્ત્વો પરસ્પર આકર્ષણથી જોડાયેલાં રહે છે, નભે છે અને એવા આકર્ષણમાંથી પણ કોઈ જુદા જ પ્રકારનું યુદ્ધ જન્મતું હોય છે. યુદ્ધની આવી પડેલી સ્થિતિમાં જ પ્રાણીમાત્ર પોતાનું સર્વશ્રેષ્ઠ અને સર્વ પ્રકારનું શક્તિબળ એકાગ્રપણે અજમાવવાના તાનમાં રહે છે, પોતાની સર્વ શક્તિ કેંદ્રિત કરી તેમાં ખર્ચે છે અને એમ કરતાં કરતાં જ જીવનશક્તિનો વિકાસ કરતાં રહે છે. યુદ્ધની એવી અનિવાર્યતાને લીધે જ ઇંદ્રિયો, મન અને મનમાંની વિચિત્ર શક્તિઓનો ઉદય થતો રહે છે અને તે વિકસ્યા કરે છે.

જીવવાની અને વિજય મેળવવાની સહજવૃત્તિ સર્વમાં રહેલી જ છે. યુદ્ધમાં જય મેળવવાની અને જીવનને પ્રતિષ્ઠિત કરવાની, અથવા તો જીવન પ્રતિષ્ઠા કાજેની એકધારી ઝંખનાવાળા કાર્યને લીધે સર્વ કોઈ તેમાં વિચાર અને કર્મ કરવાને સ્વભાવતઃ પ્રેરાતાં જતાં હોય છે. એમ સહજમેળે પ્રેરાતાં જવામાં વિચારશક્તિ, પ્રાણશક્તિ, જીવનશક્તિ અને બીજાં સૂક્ષ્મ આંતરિક કરણોની શક્તિ વગેરે ખીલતાં જતાં હોય છે. આવા થતા સર્વ પ્રકારના વિકાસમાંથી દોષ અને ગુણ પણ જન્મતા હોય છે અને એમનો પણ પરસ્પર સંગ્રામ મચે છે. વ્યષ્ટિથી તે સમષ્ટિ સુધી જો અંતર્ગતપણે વિચારીએ તો સર્વત્ર એકમાત્ર સંગ્રામ જ ચાલી રહેલો છે. જીવ જન્મતાંની સાથે સાથે જ વિવિધ અનુકૂળ પ્રતિકૂળ બળ લઈને અથવા તો એના સૂક્ષ્મ બીજરૂપે સંસ્કાર ધારણ કરીને જગતમાં જન્મે છે

અને **જીવને** જીવનયુદ્ધમાં ધકેલે છે. આવા સંગ્રામમમાં જય મેળવવા માટે વ્યષ્ટિ કે સમષ્ટિની સર્વશ્રેષ્ઠ શક્તિ એકાગ્ર, કેંદ્રિત અને એકલક્ષી પણ હોવાની અત્યંત જરૂર છે. એવી રીતે જગતની આવા પ્રકારની રચના હોવાને લીધે, વ્યક્તિને, જાતિને કે સમાજને સંઘબદ્ધ થયા વિના ચાલતું જ હોતું નથી. જે કોઈની શક્તિ એના સર્વશ્રેષ્ઠ યોગ્યપણામાં સંઘબદ્ધ રહ્યા કરે છે, તે જ જીવવાને લાયક રહે છે. જેની એવી શક્તિ સંઘબદ્ધ થતી નથી, તે બધાં પોતાની મેળે નિર્બળ થતા જાય છે અને તેમની તેમની જીવનશક્તિ, આત્મરક્ષા અને આત્મપ્રતિષ્ઠાની શક્તિ આ સંસારના યુદ્ધ માટેની યોગ્ય લાયકાત ખોઈ બેસતાં પોતે જીવતાં છતાં હાર પામતાં જાય છે.

એવી હાર પામતી જતી વ્યક્તિ, જાતિ કે સમાજ, જેનું લક્ષ પોતાના જીવનધ્યેય પર જીવતું, એકધારું રહ્યા કરે છે, તે એવી જણાતી હારમાંથી પણ જીવનની પ્રેરણાત્મક અને ચેતનાત્મક શક્તિ મેળવે છે. જેનાં દૃષ્ટિ, વૃત્તિ અને વલણ ધ્યેયમાં જ એકાકારપણે જીવતાં રહે છે, તેને મન દેખીતી હાર કે નિરાશા, એ હાર કે નિરાશા નથી, ઊલટું તે તો જીવનસંગ્રામને આગળ ધપાવવાનું કોઈ એક જુદા જ પ્રકારનું પાસું છે. એવાને મન હાર એ તો માત્ર જગતની દૃષ્ટિએ જ છે, શબ્દની જંજાળરૂપ છે. જીવનવિકાસની દૃષ્ટિએ હાર કે નિરાશા એ તો તેવી સાંપડતી જતી સ્થિતિનો તે જીવાત્મા કેવી રીતે સ્વીકાર કરે છે અને કેવી રીતે ઉકેલ કાઢે છે, એના ઉપર આધાર રાખે છે, એના પરથી જ એના જીવનની ચેતનાલક્ષણાનો આપણને ખ્યાલ આવી જાય છે અને એવી

રીતે સ્થૂળ અને સૂક્ષ્મપણે સમગ્ર સૃષ્ટિમાં જ્યાં ત્યાં યુદ્ધ ચાલી રહેલું હોવાથી, આંતર સજાતીય પ્રાણીઓમાં તેમની અંતરની આત્મીયતાનું ભાન અને બંધન તેમનામાં ધીમે ધીમે દૃઢ થતું જાય છે અને જેમ જેમ એવી આત્મીયતાનું ભાન જેમનામાં સવિશેષપણે જાગતું રહે છે, એવા આગળ વધેલા અનેક પ્રકારના જીવોમાં કે પ્રાણીઓમાં, તેમના જીવન અને વહેવારમાં યુદ્ધની પીઠભૂમિકા સળંગપણે વર્ત્યા કરતી હોવાને કારણે કુળ, કુટુંબ, સમાજ, સંઘ અને જાતિના જથ્થાઓ બંધાતા અને સંધાતા જાય છે. વળી, એની સાથે સાથે જ કેટલાંયે જૂનાં તેવા પ્રકારનાં સંઘ, સમાજ, જાતિ તૂટતાં પણ જતાં હોય છે. એમ 'સર્વ કંઈનું' જન્મવું અને નાશ પામવું, એ તો આ વિશ્વની રચનાનું એક સનાતન મહત્ત્વનું અંગ થઈ પડેલું છે.

**સાચું યુદ્ધ અંતરમાં**

જીવનની સાધના કરનારા સાધકે પોતાના અંતરમાં સતત યુદ્ધ ખેલ્યા જ કરવું પડશે, એ તો એના કે સર્વ કોઈના જીવનમાં જીવનના એક ભાગ તરીકે વણાઈ ગયેલી, નિર્માણ થયેલી દશા જ છે. આવી રીતે સ્વભાવતઃ ખેલાતાં રહેતાં યુદ્ધમાં જે સાધક જીવનવિકાસનો એકાગ્ર, કેંદ્રિત, જીવતો ખ્યાલ રાખ્યા કરીને તથા ચેતનાભરી જાગૃતિ રાખીને મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહં વગેરે જે અજ્ઞાનની ભૂમિકામાં દોરાયેલાં રહ્યા કરે છે, તેમને તે રીતે વહેતાં જવામાં, મતલબ કે સાધકની તે તે કરણોની અધોગામી પ્રવૃત્તિમાં જે કદી સાથ આપી શકતો નથી અને તેને અનુમતિ પણ આપતો નથી, એવા સાધકને પ્રત્યેક પળ યુદ્ધરૂપે જ હોય છે. વિચાર, વૃત્તિ

કે લહરી ઊઠી તે સાથે સાધક હંમેશાં તેના પર સતત જીવતો ચોકીપહેરો રાખતો હોય છે. એવા જે ચોકીપહેરા પોતાનાં કરણોની અધોગામી પ્રવૃત્તિ વિશે (અને આગળ જતાં કોઈ પણ પ્રવૃત્તિ વિશે) સતત રાખી શકે છે, તે જ સાધક જીવનવિકાસ પામતો જાય છે. એવી સહજ ચેતનાભરી જાગૃતિ જેના જીવનમાં એકધારી પ્રવર્તે છે, તેવો જ સાધક જીવનને પોતાના ધ્યેયે પહોંચાડી શકે છે. જેને યજ્ઞની ગગનચુંબી જ્વાળાઓની માફક ઉચ્ચ જીવનની તમન્ના ભભૂકેલી છે, તે ઠરીઠામ બેસી રહી જ કેમ શકે ? તેની પ્રકૃતિ તેને કોઈ ને કોઈ પ્રકારે કશામાં ધકેલ્યા જ કરશે. બીજી બાજુથી તેમાં સાથ કે અનુમતિ દેવાની તે ના પાડશે. આમ, તેનામાં તેની દ્વિમુખી ગતિ ઘમસાણ મચાવે છે. એવા ઘમસાણમાં જે **जीव** પોતાના **अहं** પર મુસ્તાક રહીને ટટ્ટાર ઊભો રહેવા મથે છે, તેના તો સાવ ભૂકા ઊડી જાય છે. એવા **जीव**ને અનેક વાર પાછા પડવાપણું બને છે, છતાં તેની પ્રવૃત્તિ ઊર્ધ્વજીવનની ભાવના કાજે (ભલે પછી તેની તેવી પ્રવૃત્તિ તેના એકમાત્ર **अहं** વડે કરી પ્રેરાયેલી રહ્યા કરી હોય) ભગવાન એના પર કૃપા કરીને તેના **अहं**ને તોડીફોડીને ચૂરા થઈ જવા માટે એવા ઘણાયે પ્રસંગો પ્રગટાવે છે. જે **जीव** શ્રીભગવાનના એવા કૃપાપ્રસંગને સ્વીકારી શકે છે, તે ધન્ય બને છે. વળી, જીવનમાં મળતાં સર્વ પ્રસંગો અને પરિસ્થિતિની પાછળ જીવનવિકાસનો સમગ્ર હેતુ જે **जीव** ખ્યાલમાં રાખી શકે છે, તેને તો તે સર્વ તેના જીવનના સાફલ્યાર્થે જ કૃપાથી મળ્યા લાગે છે અને તે તે બધાંનો તેવી જ ભાવનાથી જીવનને કૃતકૃત્ય કરવાને કાજે

જ તે ઉપયોગ કરે છે. જે જાતિ, સંઘ કે સમાજ જેટલા પ્રમાણમાં જય મેળવવા માટેનાં સાધન અને સામગ્રીને એકઠાં કરવામાં સમર્થ બને છે, તેટલું જ નહિ, પણ જે કાળે અને જે સ્થળે યુદ્ધને સફળ કરવામાં જે યોગ્ય અને જરૂરનું હોય છે, તેને ત્યાં ત્યાં તુરંત લઈ જવામાં એકદમ ચેતનાયુક્ત જાગૃતિ રાખે છે અને સમગ્રપણે યુદ્ધનું અવલોકન કર્યા કરીને જે રીતે વિજય મેળવી શકાય એવા મોરચા માંડી માંડીને પ્રતિપક્ષનો સતત સામનો કર્યા જ કરે છે, તે જ જાતિ, સંઘ કે સમાજ તેટલા જ પ્રમાણમાં યુદ્ધને જીતવા શક્તિમાન બને છે, એમ આપણે જોયું, જાણ્યું અને અનુભવ્યું છે. આવી લૌકિક, પારલૌકિક, જય અને પરાજયની સર્વ ક્રિયાઓમાં વિજ્ઞાન-પ્રજ્ઞાનનો વિકાસ થયા કરે છે અને એમ કરતાં કરતાં તે તે કાર્યમાં તે એકાગ્રપણે તેમાં જ પ્રવર્તેલો રહ્યા કરતો હોવાથી, તેમાંથી માનવીને કુદરતી શક્તિઓ સાંપડે છે. જે સાધક પોતાનાં મનચિત્તાદિ કરણની પ્રવૃત્તિનો જ્ઞાનચેતનાયુક્ત સામનો કરતો નથી અને તેવી ને તેવી સ્થિતિમાં જો તે ઘસડાયા કરે છે, તો તેવાને આવી શક્તિનો અનુભવ કોઈ કાળે થતો જ નથી. પોતાના જીવનની પડેલી રીતરસમોની રીતે જીવવાનું, વિચારવાનું, માનવાનું, માપવાનું, કલ્પવાનું, અનુભવવાનું એને છોડવું જ પડે છે. આવું આંતરિક યુદ્ધ ખેલીને જ તે પોતાના જીવનનો વિકાસ સાધી શકે છે.

**સૂક્ષ્મ યુદ્ધ પર વિજય**

માનવીના આધારના પ્રત્યેક કરણની પ્રવૃત્તિમાં યુદ્ધ ખેલાયા જતું હોય છે. અજ્ઞાની માનવીને પણ જુદા જુદા

પ્રકારની મથામણ થયા વિના રહેતી નથી, માનવીની બુદ્ધિનાં ક્ષેત્રમાં પણ જુદી જુદી જાતનાં યુદ્ધ જાગે છે. માનવીને અનેક પ્રકારના વિચારો ઊઠે છે, જે વિચારો ઊઠે છે, તેમનાથી વળી સામી બાજુના કોઈ બીજા પ્રકારના વિચાર પણ એને ઊઠે છે. ઊંધાચત્તા, આડાઅવળા, અવળાસવળા, ઊંચાનીચા, કાળા-ધોળા, સારાનરસા-એવા પ્રત્યેક વિચારની સાથે એની સામી બાજુના વિચારના પણ સંગ્રામ ખેલાય છે. તે સાથે સાથે વળી માનવીના મનમાં અનેક પ્રકારના જુદા જુદા મતાગ્રહોનું અને તે તે મતાગ્રહોના પણ અંતરમાં મંથન જાગે છે. એક પ્રકારનો આગ્રહ જાગ્યો કે સાથે સાથે તેની સામી બાજુનો બીજી તરફનો આગ્રહ પણ હોય છે જ. તેવી જ રીતે માનવીની ટેવ વિશે પણ છે. તે ઉપરાંત વળી પ્રાણની જુદી જુદી કામના, આશા, લાલસા અને વાસનાઓનાં પણ યુદ્ધ જાગ્યા કરે છે. એક ઇચ્છા ઉદ્‌ભવી, તો તેની સામેની બીજી ઉદ્‌ભવીને અથડામણ ઊભી કરાવે છે. વળી, માનવીના મનમાં તેના જીવન વિશેના કંઈ કંઈ જાતના આદર્શો પણ જાગતા રહે છે અને તેનું પણ યુદ્ધ હંમેશાં ચાલ્યા કરતું હોય છે. આપણા જીવનમાં અનેક પ્રકારનાં વિચાર, મત, ટેવો, માન્યતા, કલ્પનાઓ, સમજણો, ખ્યાલો, આદર્શો આદિની અથડામણો અને મંથનોનાં જે યુદ્ધ જન્મે છે, એની અસર મન પર પડ્યા વિના રહી શકતી નથી. માનવીના આધારમાં એની પ્રત્યેક ભૂમિકા પર અને એનાં કરણોની પ્રવૃત્તિમાં ત્યારે જુદી જુદી કક્ષાનાં યુદ્ધ મંડાયા જ કરે છે. તે ઉપરાંત, આ સૃષ્ટિમાં પણ અનેક તરેહનાં યુદ્ધો ચાલ્યા જ કરતાં હોય છે. પ્રત્યેક જીવનઆદર્શ અને એના

વિચાર અને તેના પ્રવાહની દિશા કે પટ ઘડાયા કરવાને માટે અને એને ચિરંજીવી બનાવવા કાજે મનમાં તેમ જ અનેક સંઘ, સમાજ અને જાતિઓમાં પણ અનેક પ્રકારની અથડામણો જન્મે છે. આમાં જે જાતિનો વધારે સંહાર થાય છે અને એમ જે વધારે દુર્બળ બને છે, તેનો નાશ થાય છે, પરંતુ જે જાતિ ઉચ્ચતમ જીવનના ધ્યેય કાજે ભલે સ્થૂળપણે નાશ પામે, છતાં જે જીવનની ઝંખના કાજે તેણે મૃત્યુનો પણ સ્વીકાર કર્યો, એવા દિવ્ય સમર્પણની અસર ઊપજ્યા વિના રહી શકતી નથી. એનો એવો વારસો માનવજીવનના વિકાસમાં અમૂલ્ય ફાળો આપે છે અને એનું સ્થૂળ અસ્તિત્વ ના હોવા છતાં પણ જીવતા જીવનરૂપે સર્વમાં પાંગરે છે, એટલે એવી વ્યક્તિ, સંઘ કે જાતિ સ્થૂળ મૃત્યુ પામતી હોવા છતાં જીવતી જ રહ્યા કરે છે, એવું જીવન સંપૂર્ણપણે નષ્ટ થયેલું લાગે છે, છતાં એ જીવનનું અસ્તિત્વ માનવજીવનની કોઈ ને કોઈ ભૂમિકામાં રહ્યા જ કરતું હોય છે. તેવી જ રીતે માનવીનાં મનાદિકરણની પ્રવૃત્તિ પર શ્રીભગવાનની કૃપાથી જે વિજય મેળવે છે, તે સાચા અંતરતત્ત્વને પામી સંપૂર્ણ વિકાસ પામતો જાય છે અને એમ જીવનસંસ્કૃતિના એક પછી એક વિકાસનાં એવાં પગલાંઓમાં તેનો સંસ્કાર-પ્રાણ એટલો તો ઉન્નત થતો જાય છે, કે એના વિચાર અને કર્મની ભૂમિકામાં એનું સજીવ સળંગપણું કદી પણ ચલિત કે તૂટક બની શકતું નથી.

### અંતરતત્ત્વનો વિકાસ

તે સાથે સાથે વળી જીવનના અનેક પ્રકારના સૂક્ષ્મ થરોમાં થતાં જતાં યુદ્ધની નવી પરંપરાઓ પણ ઊભી થાય છે. જેમ

પર્વતની સર્વોચ્ચ ટોચે પહોંચવા અગાઉ અનેક શિખરોની હારમાળાઓ એક પછી એક આવતી જ રહે છે, તેવું જ જીવનની સાધનામાં પણ હોય છે. એવા **જીવ**ને અમુક હદ સુધીની મનની આગળની કક્ષા વટાવતાં એક પ્રકારની નિરાંત લાગે છે, છતાં ત્યાંયે પણ યુદ્ધ તો રહ્યા જ કરે છે. એવા યુદ્ધથી એની નિરાંત ઘવાતી નથી તે ખરું, પણ તે છતાં કેટલીક વાર તે તેનાથી આવરાઈ પણ જતો હોય છે. એવા સૂક્ષ્મ યુદ્ધને કે એવા સૂક્ષ્મ વાતાવરણને તે સૂક્ષ્મ જાગૃત વિવેકશક્તિથી સમજવામાં ગફલત પણ કરી બેસે છે. તે વેળા તેને ભ્રમણામાં પડી જવાનો પાકો ભય રહે છે, કિંતુ જે ભગવાનને સતત પ્રાર્થના કર્યા કરવામાં જીવતું એકાગ્ર લક્ષ રાખ્યા જ કરે છે, એને શ્રીભગવાન ઊંચકીને પણ તેમાંથી ઊંચે લઈ ગયા વિના રહેતો નથી. શ્રીભગવાનનો ભાવ એ કંઈ બુદ્ધિગમ્ય, રમ્ય કલ્પના માત્ર નથી. એવી સાધનામાં સર્વ ભાવે અને સર્વ રીતે જેણે ઝંપલાવ્યું છે, એવા અનુભવીઓની પરંપરા આ દેશમાં અખંડ ધારાવત્ ચાલુ રહ્યા કરેલી છે. જેમ વિજ્ઞાનના પ્રયોગથી સિદ્ધ થયેલી હકીકત માનવામાં આપણને હરકત હોતી નથી, તેમ આવા સંત, ભક્ત, જ્ઞાની, યોગી આત્માના તેવા તેવા જીવનઅનુભવના સંસ્કાર આજે પણ પ્રજામાનસમાં સંસ્કારના પ્રાણરૂપે જીવતા રહેલા છે, પણ એને તે રીતે સ્વીકારવા આજે માનવીનું મન તૈયાર નથી.

### સંગ્રામ અનિવાર્ય

આમ, જ્ઞાન, પ્રેમ, ભક્તિ, યોગ, ભાવનાની ચેતનાભરી ઉત્કટ જાગૃતિપૂર્વકનો જ્યાં જેવો અને જે કંઈ ઉત્કર્ષ સધાયો

હોય છે, એટલે કે માનવીના જીવનની આંતરિક સર્વ ભૂમિકામાં જેટલો પ્રસાદ-ભાવવિકાસ-થયો હોય છે અને જીવાત્મા જેટલી જેટલી પરિપૂર્ણતાની સીમાએ પહોંચતો જાય છે, તે બધું જો વિચારીએ, તો તે યુદ્ધ દ્વારા જ થયું હોય છે. સમગ્ર દૃષ્ટિએ વિચારતાં અને જોતાં સંગ્રામ એ તો સકળ સંસારપ્રવાહની એક ગૂઢ સનાતન સમસ્યા છે અને તે સાથે એ એક અટળ વિશ્વનિયમ છે, એટલું જ નહિ, પરંતુ તે અનિવાર્ય પણ છે, કારણ કે સૃષ્ટિની અંદર તેના વિકાસના હેતુને અર્થે શ્રીભગવાને એને એક વિધાન તરીકે ત્યાં મૂકેલો છે, તેથી જ સમગ્ર વિશ્વજીવન અને જગતના ઉત્તરોઉત્તર ચડતા વિકાસ માટે શ્રીભગવાનની એ લીલા-કળારચના-એના અપાર કૌશલ્યરૂપે જણાયા વિના આપણને રહેતી નથી.

**વિશ્વની રચનામાં જોડકાં**

આ વિશ્વની રચનામાં અને તેના જીવનપ્રવાહમાં જો આપણી ઊંડી દૃષ્ટિ, વૃત્તિ અને વલણ રાખ્યા કરીને તટસ્થતાપૂર્વક વિચાર કરીએ, તો અનેક પ્રકારનાં સામસામેનાં જોડકાં દેખાયા જ કરે છે. એ જોડકાંની લીલા જડચેતન-સચરાચરમાં વ્યાપેલી છે. દિવસ અને રાત્રિ, તેજ અને અંધકાર, આશા અને નિરાશા, વિજય અને પરાજય, જશ અને અપજશ, માન અને અપમાન, કરુણા અને ઘૃણા, પ્રેમ અને ધિક્કાર, દયા અને હિંસા, સત્ય અને અસત્ય, લાભ અને ગેરલાભ, સંપત્તિ અને વિપત્તિ, સંયોગ અને વિયોગ, ઉત્પત્તિ અને વિનાશ, આરોગ્ય અને અનારોગ્ય, સુખ અને દુઃખ, જુવાની અને ઘડપણ, જન્મ અને મરણ, રાગ અને દ્વેષ, સંબંધ અને અસંબંધ, ભાવ અને અભાવ. એમ કામ,

ક્રોધ, લોભ, મોહ અને એની સામસામેનાં એવાં બીજાં અનેક જોડકાં કે દ્વંદ્વ હોય છે. એવી રીતે અનેક જુદા જુદા પ્રકારનાં દ્વંદ્વોની પરંપરા, સકળ વિશ્વમાં મૂળભૂત પાયારૂપે રહેલી છે. આ દ્વંદ્વની રચના એટલે જ સંસાર અને દ્વંદ્વની રચનાની ગોઠવણમાં જ અનેક પ્રકારનાં યુદ્ધ સમાયેલાં રહે છે. એથી જ કરીને જીવનમાં પ્રતિદિન ક્યાંક ને ક્યાંક અથડામણ, મથામણ, સંતાપ, ક્લેશ અને દુઃખરૂપી ઉલ્કાપાત તથા એવા અનેક પ્રકારના માનસિક ઉદ્વેગો તથા સ્થૂળ અને સૂક્ષ્મપણે થતા ધરતીકંપ, આગ, આંધી, તોફાન, વિપ્લવ અને એવી એવી અનેક જાતની ક્રિયાઓ ચાલી આવી છે. માનવી જો જ્ઞાનપૂર્વક વિચારે તો આવું બધું તેના જીવનનો એક નિત્યનો ક્રમ હોય તેવું એને લાગ્યા કરે છે. એમાં કોઈને કશી નવાઈ લાગતી નથી. માનવીનું મન એવા પ્રકારની એક ઘરેડવાળું બની ગયું હોય છે. જીવનમાં અનેક જુદી જુદી જાતનાં દ્વંદ્વો સાથે-તે ઇચ્છે કે ના ઇચ્છે તોપણ-એને યુદ્ધ ખેલ્યા જ કરવું પડે છે. કોઈ પણ એનાથી મુક્ત થઈ શકતું નથી. વિશ્વજીવનની કોઈ પણ ભૂમિકામાં યુદ્ધ ચાલતું ના હોય, એવું ક્યાંય પણ નથી, કારણ કે એ તો પ્રકૃતિના સ્વભાવનું સહજ લક્ષણ છે. માનવીના જીવનમાં તે એટલું બધું તો સહજપણે ઓતપ્રોત થયેલું છે, કે એનો એને ખ્યાલ ઝટ આવી શકતો જ નથી, આવાં અનેક પ્રકારનાં દ્વંદ્વોનાં યુદ્ધ દ્વારા જ સૃષ્ટિમાં શ્રીભગવાનનો દિવ્ય સૂક્ષ્મ હેતુ સધાયા જતો હોય છે.

**દ્વંદ્વોનાં જોડકાં**

માનવીમાં આવાં અનેક પ્રકારનાં જે દ્વંદ્વો છે, તેમાંનું તેને એક ગમતું હોય છે અને બીજાં ગમતાં હોતાં નથી. અનેક

પ્રકારનાં દ્વંદ્વોનાં જે જોડકાં ઉપર ગણાવ્યાં તેમાંનું સારું સારું માનવીના મનને ગમે અને તેનાથી ઊલટા કે ઊંધા પ્રકારનું તેને ગમતું હોતું નથી, પરંતુ તેના આવા ગમવા કે ના ગમવા પર તેવા કશાનો આધાર રહી શકતો નથી. એક વસ્તુ તેને ગમે તે માટે તેને મળવી જ જોઈએ, એવું સાધારણ રીતે બનતું નથી અને માનવીના મનના એવી રીતના ગમવા કે ના ગમવાના વલણને લીધે એને કદી નિરાંત કે શાંતિ મળી શકતી નથી. માનવીનું મન જે જે ઇચ્છે અને જે જે ના ઇચ્છે તે પ્રમાણે કદી પણ બન્યા કરતું નથી. માનવી ત્યાં તટસ્થતાપૂર્વક સમતાથી, નિરપેક્ષપણે અને તેવી તેવી ભાવનાથી જો વિચાર કરે, તો તે સહજપણે અંતરમાં સમજી શકે, કે એક બાબતના સુખમાં એની સામેની બાબતનું દુઃખ સમાયેલું જ છે. એકનો જે લાભ તે બીજાને હાનિરૂપ બને છે. એકનો જે વિજય તે બીજાનો પરાજય હોય છે, અને એવી રીતે આ સકળ વિશ્વનાં દ્વંદ્વની રચના, એ એકબીજાથી સ્વતંત્રપણે કદી અલગ થઈ શકતી નથી. દ્વંદ્વનો એક ભાગ જ્યાં છે, ત્યાં બીજો ભાગ પણ સાથે હોવાનો જ. એમ આંતરિક જીવનના સંયોગમાં ઊપજતું સુખ કે આનંદ, તે તેના વિયોગની ભૂમિકાની આંતરિક વ્યથા વિના કદાપિ જન્મી શકવાનું નથી. વિશ્વજીવનમાં દ્વંદ્વની રચના જ એવી છે, કે એમાં એકને ત્યજી બીજાનો ઉપયોગ કરવાનું કદી પણ શક્ય થઈ શકતું જ નથી. જ્યાં એક છે ત્યાં બીજું છે જ. જો રાગ છે તો દ્વેષ પણ છે. જ્યાં જન્મ છે ત્યાં મરણ છે જ. જો સુખ છે તો દુઃખ પણ છે જ. જશમાં અપજશ સમાયેલો જ છે, એવી રીતે જયમાં પરાજય પણ રહ્યા જ

કરેલો છે, એમ અનેક રીતે એકની સાથે બીજું તેનું વિરોધી અનુષંગી-સ્વભાવતઃ વળગેલું રહ્યા કરેલું છે.

આ બધું માનવીની બુદ્ધિ કબૂલે છે ખરી, તેમ છતાં એકની પ્રાપ્તિ અને બીજાના ત્યાગ કાજે **જીવ**માત્ર આકાંક્ષા સેવ્યા જ કરતો હોય છે અને આવી આકાંક્ષાને સંતોષ આપવા જતાં, અથવા તો તે આકાંક્ષાને મૂર્તિમંત કરવાની હરેક એક પછી એક થતી ક્રિયામાં એને સંગ્રામને ભેટવું જ પડે છે. એ બધાંની રચનાના અંતરમાં માનવી જરાક ઊતરે, તો દ્વંદ્વ અને તેને લીધે ઊભું થતું યુદ્ધ, એ જાણે કે સમગ્ર વિશ્વની રચનાનો એક અંતર્ગત મૂળભૂત અનુલંઘ્ય સનાતન નિયમ હોય એવું સમજાશે. આવાં દ્વંદ્વ અને એનાથી જાગતાં યુદ્ધ એ માત્ર આપણા એકલાના જ જીવનમાં છે એવું નથી, પણ સર્વ કોઈના જીવનમાં, અરે ! એટલું જ નહિ, જડ અને ચેતન સર્વમાં, દ્વંદ્વ દ્વારા યુદ્ધ પ્રત્યેક ક્ષણે પ્રસરેલું આપણે જોઈ શકીએ છીએ. એની અખંડ પરંપરા સતત ચાલ્યા કરતી જ રહે છે, તેમાં ત્રુટી કદી પણ આવી શકતી નથી, તેથી માનવીમાત્ર આવી જાતનાં અનેક તરેહનાં દ્વંદ્વ અને એના યુદ્ધમાં જોડાયેલો રહ્યા જ કરે છે, એવું હોવા છતાં એનો તે કદી ગંભીરતાથી વિચાર સરખો પણ કરતો હોતો નથી. કોઈ જીવ કોઈ ધન્ય પળે એવું કરે છે, તો એનાં મૂળ સુધી જવાની ધીરજ તેને હોતી નથી. વળી, ભાગ્યે જ કોઈ જીવ એવા એના હેતુનું સમગ્રતાથી ભાન કે જ્ઞાન રાખી શકતો હોય છે, તો પછી એનો એવો અનુભવ તો ક્યાંથી જ તે કરી શકે ? એના સમગ્ર વ્યાપક રૂપમાં એવું એનું ચિંતન મનન કરવાનું તો એને સૂઝે જ

ક્યાંથી ? કારણ કે આવાં અનેક પ્રકારનાં દ્વંદ્વોનો અને તે દ્વારા થતાં યુદ્ધનો સ્થૂળ અને સૂક્ષ્મ ખેલ જે સર્વ કોઈના જીવનમાં રચાયા અને રમાયા કરે છે, તે તો મહામાયા પ્રકૃતિનો સનાતન ખેલ છે. એનાથી અલગ થઈને જોવાની, વિચારવાની અને અનુભવવાની દૃષ્ટિ, વૃત્તિ અને વલણ ભાગ્યે જ કોઈનામાં જાગેલાં રહી શકવાનો સંભવ છે, એટલે તો શ્રીભગવાન સમસ્ત વિશ્વને પોતાની માયાથી મૂઢપણે ભમાવ્યા કરે છે, એમ જે ગીતાજીમાં લખ્યું છે તે અક્ષરશઃ સાચું છે.

**જીવની જીવદશા**

આવા યુદ્ધનું ભયંકર મૂર્તિમંત સ્વરૂપ માનવીના મન સમક્ષ કોઈક વાર આવી જ્યાં ઊભું થાય છે અને વળી જ્યારે એનાં ના ઈચ્છવાયોગ્ય પ્રકારનાં પરિણામો, અથવા તો જેને આપણે પોતાનાં માન્યાં કરેલાં છે, એવાંઓનો નાશ કરવા કાજે તે પ્રત્યક્ષપણે પ્રવૃત્ત થયેલું અનુભવવામાં આવે છે, ત્યારે માનવીનું મન ભય, વેદના અને દુઃખથી બહુ જ આકુળવ્યાકુળ બની જાય છે. જ્યારે એવું યુદ્ધ પોતાના જીવનમાં નક્કર હકીકતરૂપે એની સામે આવેલું એને લાગે છે, ત્યારે માનવીની સર્વ વિચારશક્તિ લય પામે છે, અને તે તેના મૂળમાંથી જ ઘેરાઈ જાય છે અને પોતાની કર્તવ્યબુદ્ધિનું તેમ જ તે આવી પડેલી પરિસ્થિતિના યોગ્ય ધર્મનું એને પૂરેપૂરું જ્ઞાનયુક્ત ભાન રહેતું જ નથી. આવી વેળાએ તેનામાં સમતા, શાંતિ અને પ્રસન્નચિત્તતા ટકી શકતી નથી. માનવી પોતાની જાતને ત્યારે ગુમાવી બેસે છે અને એમ જ્યાં માનવી પોતાની જાતને ગુમાવતો જતો હોય છે, ત્યાં એની નિર્બળતાની હદ

આવી પહોંચે છે, તેવી પળોમાં એને ઊભા થવાનું મુશ્કેલ બની જાય છે. એવી વેળાએ જેને કોઈ આધાર નથી, તેવો તો મૂઓ જ પડ્યો જાણવો. જીવનની સાધનામાં માનવીને એવાં અનેક પ્રકારનાં દ્વંદ્વો સાથે સતત જાગ્રત ચેતના સાથે યુદ્ધ આપવું જ પડે છે. એનાં માની લીધેલાં મંતવ્યો, સમજણો, ટેવો, આગ્રહો, અભિપ્રાયો, ગમતું અને અણગમતું, રુચિ અને અરુચિ, તેમ જ પ્રાણની અનેક પ્રકારની કામનાઓ, લાલસાઓ, વાસનાઓ અને પડેલા સંસ્કારો-એ બધાં પણ માનવીના અંતરમાં જીવતાં રહેલાં સ્વજનો જેવાં જ છે. એ સ્વજનો જીવદશાનાં સ્વજનો છે, ઊર્ધ્વ જીવનનાં સ્વજનો નથી. **જીવ**ને જીવદશામાં જકડી રખાવવાની એમની અનેક પ્રકારની પેરવીઓ એક પછી એક સૂક્ષ્મ રીતે નવાં નવાં રૂપ ધર્યાં કરી અનેક લીલા ખેલતી હોય છે.

આવાં સ્વજનોનો સંહાર કરવા માનવીનું મન તૈયાર હોતું નથી, અથવા સાચું કહીએ તો તૈયાર થતું નથી. એમનો સાથ છોડવા માનવીનું મન જરાયે રાજી હોતું નથી. આવું હોવા છતાં પણ પ્રકૃતિથી સ્વભાવતઃ મૂઢપણામાં માનવજીવનમાં યુદ્ધ તો ચાલી રહેલું જ હોય છે, કિંતુ તેમાં તે બેળે બેળે ઘસડાતો હોય છે. એમાં એનું કશું ચાલતું હોતું નથી. પ્રત્યક્ષપણે જીવતું-જાગતું જ્ઞાનપૂર્વક તેવું યુદ્ધ આપવામાં અને એનો પરાજય કરવામાં માનવીને કંઠે પ્રાણ આવે છે અને તેવી વેળાએ આ કરવું કે આ ના કરવું, એવી એક પ્રકારની દ્વિધાવૃત્તિ તેના મનમાં જાગે છે.

## મહાવીર યોદ્ધો અર્જુન

બરાબર આ જ પ્રમાણે કુરુક્ષેત્રના મેદાનમાં બે આત્મીય પક્ષની વચમાં-યુદ્ધ માટે તૈયાર થયેલા પક્ષોની વચમાં-અર્જુનની પણ કંઈક આવા જ પ્રકારની માનસિક દશા બને છે. ભલા, જરા વિચાર તો કરી જુઓ ! અર્જુન કંઈ સામાન્ય સંસારી માનવી જેવો નથી, તેમ એ જેવો તેવો યોદ્ધો પણ નથી. અગાઉ એના જીવનમાં અનેક પ્રકારની સમસ્યાઓ આવી ઊભી થયેલી હતી, ત્યારે તેનામાં દ્વિધાપણું ઊભું થયું ન હતું. એણે તો અનેક યુદ્ધો ગાંડીવના ટંકારે રંગથી ખેલેલાં હતાં અને યુદ્ધવિદ્યામાં તે કાળનો એક મહાવીર ગણાતો હતો, એટલું જ નહિ, પણ **નર**ના પ્રતીક સમો ગણાતો હતો. પ્રતીક સમો શા માટે ? **નર** જ હતો. **નર**ના અવતાર તરીકે મહાભારતમાં અર્જુનને સ્વીકારેલો છે. અનેક યુદ્ધોમાં વિજયવરમાળા પહેરી ચૂકેલ તે એક પીઢ મહારથી હતો. અનેક યુદ્ધોમાં તેણે વિજેતાપદ પ્રાપ્ત કરેલું છે. મહાવીર તરીકેની અસાધારણ યશપ્રાપ્તિ પણ તેને વરેલી છે. તેણે આદરેલાં આવાં યુદ્ધોમાંથી અકથ્ય ભયંકર વ્યથાઓ, ભારે અવ્યવસ્થા, ગેરવહીવટ, નુકસાન, અંધાધૂંધી શું ત્યારે નહિ જાગ્યાં હોય ? અર્જુનથી લડાયેલાં તે યુદ્ધોથી કેટલાંય માનવી કુળોનો સર્વનાશ પણ થયો જ હશે. અનેક જીવ ભયંકર દુઃખની વેદનામાં પડ્યા હશે. અનેક જાતિ અને સમાજ છિન્નભિન્ન થઈ ગયાં હશે. અનાજથી ભરચક ભરેલાં લીલાંછમ ખેતરોનો કેટલોયે નાશ થયો હશે અને એમ અનેક દેશ વેરાન બન્યા હશે ! હજારો કુટુંબોમાં જેના પર સુખની

આશા છે અને જેઓ પ્રેરણારૂપે છે, એવાં સ્વજનો પણ હણાઈ ગયાં હશે જ. અર્જુનની આવી વિજય-પરાક્રમની ગાથાઓમાં કેટલીયે વેદનાઓની હૃદયભેદક કથાઓ સમાયેલી હશે !

**અર્જુનની મનોવ્યથા**

કુરુક્ષેત્રના યુદ્ધમેદાન ઉપર અર્જુનના દિલમાં યુદ્ધનાં પરિણામો વિશે જે જે વિચારો સૂઝે છે, તે તે પરિણામો એણે આદરેલાં યુદ્ધોમાંથી નીપજી ચૂક્યાં હતાં જ, પરંતુ યુદ્ધનાં-પ્રત્યેક વસ્તુની જેમ-અનેક પાસાં હોય છે. અર્જુનને ત્યારે યુદ્ધમાંથી વિજય પ્રાપ્ત કરવા સિવાયનો બીજો કશો હેતુ અંતરમાં પ્રગટ્યો ન હતો. એના સિવાય બીજા કોઈ પણ યુદ્ધનાં પાસાંનો મૂંઝવતો-દિલમાં અથડામણ ઊભી કરતો-ખ્યાલ તેને જાગ્યો ન હતો. એના મનમાં તો ત્યારે યુદ્ધથી વિજય મેળવવાનો-અને તેથી કીર્તિ પ્રાપ્ત કરવાનો-એક પ્રકારનો ઉગ્રમાં ઉગ્ર આવેગનો ઉત્સાહ હતો. અર્જુને એવો જય પ્રાપ્ત કરવા પૂરેપૂરી લાયકાત મેળવવાની તૈયારી પણ ભારે હર્ષ સાથે કરી રાખી હતી અને તે ઉપરાંત, તેને યુદ્ધને અત્યાર લગી તો જય મેળવવાના એકમાત્ર સાધન તરીકે જ સ્વીકારેલું હતું, એટલું જ નહિ, પણ પોતાની કીર્તિ-મહત્તા પ્રગટાવી, પોતાની યશપરંપરાથી કૌરવોને ડારવાની દૃષ્ટિથી તે યુદ્ધ સ્વીકારતો હતો. વિજય પ્રાપ્ત કરવા સિવાય બીજી કોઈ પણ દૃષ્ટિ એના દિલમાં ત્યારે જાગેલી ન હતી. યુદ્ધનાં બધાં પરિણામો વિશે અર્જુનને તે વેળાએ મનમાં કશું પણ મંથન જાગતું ન હતું. વિજય સૃષ્ટિનાં સ્વપ્નમાં તે મશગૂલ હતો. એકમાત્ર જય,

જય ને જય જ એના મનમાં રમ્યા કરતો હતો. યુદ્ધમાંનું નિશાન જીતવું જ એ એકમાત્ર એના દિલમાં સચોટપણે જાગતું રહેતું. એ એકલાનું જ ચિંતન એને થયા કરતું અને એને સફળ બનાવવા કાજે એકમાત્ર તે બાજુનું જ જે જે વિચારવું ઘટે, તે બધું જ તે વિચારતો, એટલા માટે તેના દિલમાં તે વિના બીજા કોઈ પણ પ્રકારનું ગંભીર સંવેદન પ્રગટ્યું જ ન હતું. એને માટે એના મનમાં જરાયે નિરાંત કે ફુરસદ એને ન હતી. એક વિજયી વીર તરીકેની પ્રતિષ્ઠાની જ ત્યારે એના મનમાં કામના જાગેલી હતી. એ ઉન્માદકારી ઝંખનાએ તેને આવરી લીધેલો હતો. એવી કામનાયુક્ત ઝંખનાએ એને એના વિના બીજું કશું ના વિચારવાને આંધળો બનાવી દીધો હતો. આમ, માનવ **જીવ**ને જેવા જેવા પ્રકારની ઉન્માદકારી ઝંખના પ્રગટે છે, તેને લગતું જ વિચારવાની દશામાં તે હોય છે. જ્યાં લગી માનવીના મનમાં સ્થિરતા, સમતા, શાંતિ આદિ ગુણો પ્રગટ્યા નથી, ત્યાં લગી એના જીવનમાં ઊભા થતા પ્રશ્નોનું સમગ્રપણું અને એમાંથી મળતું જીવનવિકાસના હેતુનું જ્ઞાન, એને કદી પણ મળી શકતું નથી. જીવનપ્રશ્નને યોગ્ય, ઉત્તમ પ્રકારે જીવનવિકાસની દૃષ્ટિએ જો ઉકેલવાનો હોય, તો પ્રશ્નથી અલગ થયા વિના એને કદી પણ પૂરેપૂરી યોગ્ય રીતે ઉકેલી શકાતો નથી. એવું અલગ થવાપણું હજુ અર્જુનના મનમાં તે વેળા જાગેલું ન હતું. ઝંખનાનો આવેશ કે આવેગ જ્યારે જ્યારે માનવીના દિલમાં પ્રગટે છે, ત્યારે ત્યારે એને એક પ્રકારનું ઝનૂન કે ધૂન પ્રગટે છે, તે વેળા ઓરથી જેમ ગર્ભ રૂંધાય છે, પ્રકાશ વાદળાંથી ઘેરાય છે, તેમ માનવીની

મતિ પણ એવી જ રીતે આવરણથી ઢંકાઈ જાય છે. આમ હોવાથી ઉપર જણાવેલાં પ્રશ્નો, ગૂંચો કે સમસ્યાઓ અર્જુનના દિલમાં ઉદ્‌ભવી શકે એવું હતું નહિ અને કદાચ ઉદ્‌ભવ્યાં હશે, તો તે પણ ઉપરછલ્લી રીતે જ. અર્જુને લડેલા યુદ્ધથી અને તેના વિજયથી સામો પક્ષ કે જેનું અસ્તિત્વ છેક લુપ્ત થઈ જવાની અણી સુધી પહોંચી જતું હતું, જેનું જીવનસત્ત્વ સાવ હણાઈને છિન્નભિન્ન થઈ જતું હતું, તે કેટકેટલો કચડાઈ જતો હતો તથા સર્વસામાન્ય પ્રજાની અપરંપાર પાયમાલી થતી હતી અને સારોય દેશ કેટકેટલો વેરાન થતો હતો, તેની સ્થિર બુદ્ધિએ સમાલોચના અર્જુન યુદ્ધથી મળતાં જતાં વિજયોન્માદથી અને એના લાભથી કરી શક્યો ન હતો. તે સાથે સાથે તેના મનને તે બીજી રીતે પ્રેરાવી શકે તેમ હતું પણ નહિ અને તેથી કરીને જ આવાં ભયંકર વિકરાળ યુદ્ધો અને એમનાં અનિષ્ટ પરિણામો તેનાં મનહૃદયને હલમલાવી શકવાને સમર્થ બની શક્યાં ન હતાં.

**અર્જુનનું મનોમંથન**

પરંતુ અત્યારે તો પરિસ્થિતિ સાવ નિરાળી હતી. કુરુક્ષેત્રના યુદ્ધમેદાનમાં ઊભેલા અર્જુનની સામે અત્યારે કોઈ નવો જ કોયડો આવીને ઊભો થયો હતો. જે જીવનસમસ્યા તેની સામે ઊભી થઈ હતી-આવી પડી હતી-તે યુદ્ધનો પ્રકાર અને તેના જીવનમાં જે બીજાં અનેક યુદ્ધો લડાઈ ચૂકેલાં હતાં તેનો પ્રકાર, એ બંનેમાં આકાશ પાતાળનો ભેદ હતો. પોતે જેમની સામે લડવાને તૈયાર થયો હતો, તેવા આ યુદ્ધમાં પોતાની સામે પોતાનાં જ આત્મીય સ્વજનો ઊભાં હતાં. ત્યાં

સામે પોતાના જ દાદા હતા, જેમણે તેમને હૃદયની મમતાથી ઉછેર્યા હતા, જેમની પાસેથી જીવનના સંસ્કાર પામ્યા હતા અને જીવનની કેળવણી મેળવી હતી અને જેમની જીવનકારકિર્દી પોતાના ગૌરવનો વિષય હતી, જેમના વિશે તેના દિલમાં ભક્તિભર્યો સદ્ભાવ, પ્રેમભાવ અને અત્યંત મમતા હતાં, એવા દાદાને સંહારવાની પરિસ્થિતિ સર્જાઈ ત્યારે જ તે વિચાર અને મંથનમાં પડી જાય છે. વળી, અત્યારે તેની સામે પોતાના જ વિદ્યાગુરુ હતા. જે ગુરુની કૃપાથી આજે તે યુદ્ધકળામાં નિષ્ણાત હતો, એનું પ્રેરણામૂળ તે ગુરુ જ હતા. આજે તે જેવો હતો તેવો એના જ પ્રભાવે અને પ્રતાપે બન્યો હતો. એમની જ પ્રતિભાથી એણે પ્રતિભા સંપાદન કરી હતી. એવા ગુરુ પ્રત્યેનો આદર, ભક્તિભાવ તે કેમ ભૂલી શકે ? શ્રીભીષ્મપિતામહ અને શ્રીદ્રોણાચાર્ય જેવા ગુરુનું ઋણ **નર**-પુરુષ સંસ્કારી અર્જુન કેમ વીસરી જઈ શકે ? એની સામે પોતાના જ બાંધવો હતા, જેમની સાથે નાનપણમાં પોતે રમ્યા હતા, નાનપણના જીવનના પોતાના અનેક પ્રસંગો જેમની સાથે ગાળેલા હતા, એવાં એવાં અનેક સંસ્મરણો એના દિલમાં જડાઈ રહેલાં હતાં, અને તે ઉપરાંત, જેની સાથે સારુંય જીવન સંકળાયેલું અને વણાયેલું હતું એવા ઘણા ઘણા પોતાની સામે યુદ્ધમાં ઊભેલા હતા. જેને પોતાના જ માનેલા છે, એવા પણ આજે સામા પક્ષમાં ઊભેલા છે. એ જ નિમિત્તકારણથી અર્જુનના મનમાં ભારે મંથન જાગે છે. પોતાનાં જ વડીલ, ગુરુ અને સ્વજનો સામે લડવું, એ એના સંસ્કારને આઘાતજનક લાગે છે અને મનમાં કંઈક વિચારોની ભારે ગડમથલ જન્મે

છે. યુદ્ધની વિનાશક બાજુ એના મન આગળ તાદૃશ ખડી થાય છે. બંને પક્ષે પોતાનાં સગાંવહાલાં છે. ગમે તે હારે કે ગમે તે જીતે, તોપણ પોતે પોતાને જ જાણે હણતો હોય કે જીતતો હોય, એવી આકરી કસોટી અને ગૂંચ એનાં આંખ અને મન આગળ ઊભી થાય છે. એથી તે વિચારમૂઢ થઈ જાય છે, તે કિંકર્તવ્યમૂઢ બની જાય છે. શું યોગ્ય અને શું અયોગ્ય, એનો વિવેક તે કરી શકતો નથી અને ઊલટું મનમાં એ વિચારવા લાગે છે, કે આવા ભયંકર યુદ્ધનાં પરિણામે જગતને શોભારૂપ, જગતની સંસ્કૃતિરૂપ, જગતને પ્રેરણારૂપ એવા કેટકેટલા અને કેવા કેવા મહાન પુરુષોનો નાશ થવાનો ! કેટકેટલા લોકનો સંહાર, કેટલાંય કુટુંબો અને કુળોનો નાશ થશે ! એટલું જ નહિ, કિંતુ એમાંથી જે વર્ણસંકરતા પેદા થશે, તેનાથી કુળનો અને જાતિનો, ધર્મ અને જીવનસંસ્કૃતિનો સમૂળગો નાશ થવાનો. યુદ્ધથી જગતમાં કેટકેટલું નુકસાન થવાનું, એવી એવી એક લાંબા વિચારની પરંપરા તેના મનમાં જાગે છે. એવા વિચારથી તે વ્યાકુળ થઈ જાય છે. અને જ્યાં માનવીનું મન વ્યાકુળ થઈ જાય, ત્યારે એને સૂઝે પણ શું ? અને શાંતિ કે સમતા જેવું પણ ક્યાંથી રહે ? અને વિચારી તો જુઓ કે અર્જુન કંઈ જેવો તેવો યોદ્ધો ન હતો ! પોતાના ક્ષત્રિયધર્મનું એને ભારે અભિમાન હતું-ઘમંડ પણ હશે. યુદ્ધ જીતવું એ તો ક્ષત્રિયનો પરમ ધર્મ તે માનતો હતો. એ ધર્મ પાળવામાં અત્યાર લગી એણે પાછી પાની કરી નથી, બલકે એવો ધર્મ પાળવામાં અત્યાર સુધી પોતે ગૌરવ અને કૃતકૃત્યતા માનતો હતો, કિંતુ એવા અત્યાર લગી આચરેલા સ્વધર્મને એ

અધર્મ છે એમ તેને પહેલી વાર સૂઝે છે. માનવીના જીવનકાળમાં એક પરિસ્થિતિ ઉત્પન્ન થતાં જે સ્વધર્મ લાગે તે જ 'સ્વધર્મ' બીજી પરિસ્થિતિ ઉત્પન્ન થતાં તે અધર્મ પણ લાગવા માંડે એવું બને છે. એટલે અર્જુનને પહેલાં જે ધર્મ લાગતો અને તે તેમ માનતો તે સાચો, કે અત્યારે જે બધું સૂઝી રહેલું છે તે સાચું ? એનો નિર્ણય અર્જુન પોતે કરી શકતો નથી. એવી ડામાડોળ દશા અર્જુનના મનની થાય છે. આમ, ધર્મ અને કર્મની બાબતમાં શું કરવું અને શું ના કરવું, તે બાબતમાં પોતે સંશયગ્રસ્ત બને છે અને તેથી કરીને તે કોઈક અકલ્પનીય વેદના ભોગવી રહેલો છે. એક રીતે જોતાં તો માનવીના જીવનનો પ્રવાહ જે વહ્યા કરતો રહે છે, તેમાં કોઈ કોઈ જાતનું યુદ્ધ-ઘમસાણ ચાલ્યા જ કરતું રહે છે.

**અર્જુનનો વિષાદયોગ**

સર્વ કોઈ પ્રકારના જીવનમાં તેના વિકાસ કાજે યુદ્ધ એ એક અનિવાર્ય હકીકત છે, તેમ છતાં **આ** યુદ્ધની ભયંકરતા, નિર્દયતા અને એની મહાનમાં મહાન સંહારકતા તથા યુદ્ધનાં એવાં બીજાં અનેક આનુષંગિક પરિણામો અને ખાસ કરીને તો સામે પક્ષે ઊભેલાં વડીલ, ગુરુ અને સ્વજનોનો સંહાર-એ બધું-તેના મન આગળ કારમું નૃત્ય કરી રહેલું દેખાય છે. પોતાના જ પિતામહ, જેના લાડકા હાથમાં તે પોતે રમ્યો છે, ઊછર્યો છે, જેનો પ્રેમ અત્યારે પણ તેની રગેરગમાં ઊછળી રહ્યો છે, જેના પ્રત્યેનો ભક્તિભર્યો સદ્ભાવ અત્યારે પણ એનાં ચરણમાં પોતાનું માથું સહજમેળે કૃતકૃત્યભાવે નમવાને ઉદ્યત છે, જે ગુરુ જેની ભક્તિ અને જેના પ્રેમ-અનુરાગથી

એનું જીવન ભરપૂર છે, એવાં બીજાં અનેક આત્મીય સ્વજનોનો લડાઈમાં સંહાર કરવાનું પોતાને ભાગે આવતાં તે બેબાકળો બની જાય છે. અત્યાર સુધીનો મહાબાહુ નરકેસરી પોતાનાં પ્રભાવ અને પ્રતાપ, તેજ અને શક્તિ, શૌર્ય અને લડાઈની વિદ્યાકળા-જાણે હરાઈ જતાં પોતે અનુભવે છે અને અનિષ્ટ યુદ્ધક્ષેત્રને છોડી પોતે પાછો ફરવાની તૈયારી બતાવે છે. એવી લાગણીથી તે એટલો બધો તો દોરવાઈ જાય છે, કે **'કાર્પણ્યદોષ'***થી પોતે આવરાઈ જાય છે. પોતે-અર્જુન કેવી રીતે ભાગી શકે ? શ્રીકૃષ્ણ જેવા જેના સારથિ છે, તે તેને ભાગવા પણ કેમ દે ?

શ્રીકૃષ્ણને પોતે અત્યાર લગી મિત્ર સમાન ગણ્યા છે. પોતાના યુદ્ધના વિજયનાં યશોગાન જે શ્રીકૃષ્ણે અત્યાર લગી ગાયાં છે અને જે પોતાના જીવનના એક મૂળ આધારભૂત પ્રેરણારૂપે છે, એવા શ્રીકૃષ્ણ ભગવાન જેને મન એકમાત્ર આશારૂપ અને સર્વ સંકટમાં, મુશ્કેલીઓમાં, સંતાપમાં અને વિમાસણમાં જે સહભાગી છે, જેણે અત્યાર લગી તેને સહાનુભૂતિ પ્રેર્યા કરેલી છે, તે જ શ્રીકૃષ્ણ અત્યારે પણ તેની સાથે જ હોવા છતાં તે સાવ પાણીમાં જ બેસી જાય છે. રાજ્ય મેળવવાનો તેણે કરેલો દૃઢ નિશ્ચય પણ ક્યાંય અદૃશ્ય થઈ જાય છે. જીવનનો નક્કી કરેલો આદર્શ પણ જાણે ઓગળી જતો તેને લાગે છે. પોતે કરેલી પ્રતિજ્ઞાઓ પણ ભૂલી ગયો હોય એવી એની દશા થાય છે. આના કરતાં તો રાજ્ય જ નથી જોઈતું એમ તેને લાગે છે. રાજ્ય મેળવવું હોય તો

* લાચારી

સ્વજનોને હણવાં જ પડશે, એવી પ્રત્યક્ષ દિલમાં ખૂંચતી સમસ્યા એની સામે જ્યારે ખડી થાય છે, તે વેળા એનું બધું અંતર્જ્ઞાન ક્યાંય ઊડી જાય છે. દિલને ડહોળાવી નાખે, હલમલાવી નાખે, એવા આકરા પ્રસંગોમાંથી જ માનવીના મનની સાચી સ્થિતિ પરખાઈ જાય છે. પોતાના એકમાત્ર આદર્શને જ જે માનવી સતત ધ્યાનમાં એકાગ્ર, કેંદ્રિત અને સમગ્રપણે રાખ્યા કરે છે અને આદર્શને સિદ્ધ કરવાને જે એકધારો મંડ્યો રહે છે, એવાને આવી સમસ્યાઓ તો જીવનમાં મળ્યા જ કરવાની. તેવી વેળાએ જે માનવી પોતાના જીવનધ્યેયનો સળંગ અને સમગ્ર વિચાર ચૂકે છે, તે પડે છે. ધ્યેયપ્રાપ્તિ કાજે સર્વ ભાવે અને સર્વ રીતે સર્વ સમર્પણ કરવાની જેની જીવતીજાગતી તૈયારી થયેલી નથી, તેવો માનવી તે વેળા ભાંગી પડે છે.

આમાં એકલી જડસુ તૈયારી કામ લાગતી નથી, પણ એવાં સ્વજનોને અથવા ધ્યેયને મૂર્તિમંત કરવાના માર્ગમાં જે સામે પક્ષે ઊભાં છે, તેમને હરાવવામાં જેને એક પ્રકારનું-જ્ઞાનભક્તિપૂર્વકનું ઝનૂન પ્રગટે છે અને તે નિર્ણયને પોતે નદીનાં પૂરના જેટલા આનંદોત્સાહથી સ્વીકારી લે છે, તેવો જ જીવ તેમાં ફાવી શકે છે. જે નિર્ણયની પાછળ વિષાદ રહે છે, દુઃખ રહે છે, સંતાપ જાગે છે, ક્લેશ ઊપજે છે, તે નિર્ણય યોગ્ય રીતે હૃદયથી સ્વીકાર પામેલો નથી એમ જાણવું. જે નિર્ણયની પાછળ શુદ્ધ સાત્ત્વિક આત્મસમર્પણ નથી, તેવું બલિદાન જીવનવિકાસના યજ્ઞમાં યોગ્ય પરિણામ ઊપજાવી શકતું નથી. જીવનમાં યુદ્ધ છે અને યુદ્ધ છે તો સમર્પણ કરવું જ પડશે.

બેળે બેળે-અનિચ્છાએ-થયેલું સમર્પણ જીવનને ઊલટું કચરી નાખે છે. તેજસ્વિતા, શક્તિ, આનંદ, સમ્યગ્દૃષ્ટિ, યોગ્યાયોગ્ય કર્તવ્યની અણીશુદ્ધ વિવેકશક્તિ, સમતા, સ્થિરતા, તટસ્થતા, શાંતિ, ધીરજ આદિ જીવનવિકાસ-શક્તિનાં રચનાત્મક પાસાં ખીલતાં જતાં પોતાના આધારમાં તે પોતે અનુભવી શકતો હોય તો જ તેનું આત્મસમર્પણ શુદ્ધ અને સાત્ત્વિક છે એમ કહેવાય. ધ્યેયપ્રાપ્તિ અર્થે એવું આત્મસમર્પણ કરી ના શકે, તે ધ્યેયને કેમ વરી શકે ? અને ધ્યેયને પ્રાપ્ત કરવા જતાં **જીવ** અનેક ડગલાં ભરી ભરી, જે ઠીક ઠીક તૈયારીઓ કરી ચૂક્યો હોય તેવાને પણ એની પરીક્ષાની પળ આવ્યા વિના રહેતી નથી. એવા **જીવે** જો સતત શ્રીકૃષ્ણને જ એકમાત્ર મિત્ર તરીકે સ્વીકારી પોતાના જીવનરથના સારથિ અને નિયંતા તરીકે નિશ્ચિતપણે તેમને લગામ સોંપી દીધી હોય છે, તો તેને ભગવાન કદી પણ વીલો મૂકતા નથી. તેની ઈચ્છા કે અનિચ્છા હોવા છતાં એને તે એના યોગ્ય ધર્મમાં જકડી લે છે. શ્રીકૃષ્ણ ભગવાન કદી પણ એને છટકવા દઈ શકતા નથી અને એવા **જીવ**ને એનાં યોગ્ય ધર્મમાં-કર્મમાં કૃપા કરીને પ્રેર્યા કરે છે.

**એકમાત્ર તારણહાર-શ્રીકૃષ્ણ**

અર્જુનને જેમ સ્વજનો સામે ઊભાં છે, તેમ સાધકને પણ એવાં જ સ્વજનો યુદ્ધમાં સામે આવીને ઊભાં રહેવાનાં જ. એ સ્વજનો કયાં કયાં તે તો આપણે ઉપર જોયું. એમને હણવાની તાકાત અને વિષાદ, સંતાપ, ક્લેશ કે દુઃખ વિના, એટલે કે તે પરિસ્થિતિનો સ્વીકાર કરતી હૃદયની નિર્મળ

આનંદની ભૂમિકા સાથે જો તે કટિબદ્ધ હશે, તો એનો બેડો પાર થવાનો જ છે. જો તેવી તૈયારી નહિ હોય, તોપણ જેણે શ્રીકૃષ્ણ ભગવાનના હાથમાં પોતાના જીવનરથની લગામ સોંપી દઈ પોતાના એકમાત્ર આધાર અને પોતાની સર્વ પ્રવૃત્તિઓના પ્રેરક, સંચાલક અને નિયામક સૂત્રધાર તરીકે તેમને જીવનમાં સર્વ ભાવે સ્વીકાર્યા છે, તેને ભગવાન કદી પણ છોડી દેતા નથી, કારણ કે જેની પ્રેરણાથી અને અનુગ્રહથી પોતે પોતાનું ધ્યેય પ્રાપ્ત કરવા ઉદ્યત થયેલો છે, એને તે અધવચ મૂકી શકતો નથી-એ ઈચ્છે કે ના ઈચ્છે તોપણ.

માનવીને પોતાનાં માની લીધેલાં આગ્રહો, મતો, ટેવો, માન્યતાઓ, કલ્પનાઓ, સમજણો, સંસ્કાર તથા એવાં અનેક જાતનાં સ્વજનો પ્રત્યે આદર અને રાગ પણ હોય છે અને તેમાંનાં કેટલાંક પ્રત્યે તો મોહ અને મમતા પણ હોય છે. એ બધાંય જ્યાં લગી સાધક જીવનમાંથી ખસી ના જાય, ત્યાં લગી તેનાં આવરણ દૂર થઈ શકતાં નથી અને તે દૂર ના થાય, ત્યાં લગી એ ધ્યેયને પણ વરી શકતો નથી. એવાં એનાં આવરણો તોડાવવાને કારણે એવા પ્રસંગ પણ સાધકના જીવનમાં શ્રીભગવાનની કૃપાથી ઊભા થાય છે. તે વેળા એ શું પસંદ કરે છે અને કેવી રીતે વર્તે છે અને કયા ભાવે તે પ્રસંગને વધાવે છે, એના પરથી જ એનું જીવનસત્ત્વ કેવા પ્રકારનું છે તે પરખાઈ આવે છે. એવી જ રીતે અર્જુનને અત્યારે એવો પ્રશ્ન ઊભો થયો છે. અર્જુન, ભીમ આદિ માનતા હતા, કે પોતાને રાજ્યના હક્ક બાબતમાં અન્યાય થયો છે, એટલું જ નહિ, પણ રાજ્ય પર પોતાનો જ હક્ક છે, તે

ઉપરાંત વળી કૌરવો આદિ અધર્મથી રાજ્ય કરે છે, તેથી પ્રજાના કલ્યાણમાં પણ ધર્મભાવનાથી રાજ્ય કરી શકે તેવો રાજા હોવો જોઈએ, એવું પણ તેમના મનમાં હતું. જેનાથી સર્વ સાધારણ જનતાના જીવનનું કલ્યાણ છે અને પોતાનું પણ છે, એમ જેમને લાગ્યું હતું, તે ધ્યેય પ્રાપ્ત કરવા તેઓ અત્યાર સુધી સતત મચેલા રહ્યા હતા, તેમના જીવન આગળ અત્યારે કટોકટીની પળ આવેલી છે. તે વેળા અર્જુનના મનમાં આત્મીય સ્વજનો પરત્વેનો રાગ જાગી ઊઠે છે. અજ્ઞાનની પરાકાષ્ઠા ક્યાં સુધી પહોંચતી જાય છે, એનું ભાન તેવી વેળાએ જ માનવીને થાય છે.

સાધકના જીવનમાં પણ એવી ભ્રમદશા આવતી હોય છે. પોતે ક્યાં તો મેળવ્યું છે, કે ક્યાં તો સંપૂર્ણ તૈયારીવાળો અને તાકાતવાળો પોતે છે, એવું અંતઃકરણપૂર્વક સાચી રીતે માનતો હોવા છતાં એવી કટોકટીની પળો એના જીવનમાં આવે છે, ત્યારે એનો ભ્રમ ભાંગે છે. એમાં જ શ્રીભગવાનની અપરંપાર કૃપા રહેલી છે. જે શ્રીભગવાનને શરણે રહ્યા કરે છે, કે શરણે રહેવાને સર્વ ભાવે હૃદયથી તૈયાર રહ્યા કરે છે, એનો ભ્રમ ભાંગવાને કૃપા કરીને શ્રીભગવાન એને મથાવવાના જ. એને એકની એક સલામત સ્થિતિમાં તે કદી પણ પડી રહેવા દેશે નહિ. એને તો તે ઉથલાવ્યા જ કરશે. જરૂર પડતાં મુશ્કેલીઓનો દાવાનળ પણ પ્રગટાવશે. યુદ્ધ એ તો શ્રીભગવાને આપેલો કૃપા પ્રસંગ છે, અથવા શ્રીભગવાનની પ્રત્યક્ષ કૃપાનું તે મૂર્તિમંત સ્વરૂપ છે, એવું જેને હૃદયમાં જ્ઞાન જાગેલું છે, તે માનવી એવા કાળે શ્રીકૃષ્ણ ભગવાનને મૂકી તો

શાનો દે, પણ તે વધુ ને વધુ વળગતો જાય છે અને માર્ગદર્શનની સહાય ખરા હૃદયથી યાચે છે. એવી કારમી વેળાએ-જીવનનાં નવાં દર્શન પામવાની વેળાએ એને જ જે સતત પાસે રાખ્યા કરે છે અને આવી પડેલા યુદ્ધનું સંચાલન કરવાનું એને જ જે મનહૃદયથી સોંપ્યા કરે છે, તેને શ્રીકૃષ્ણ ભગવાન હાથ પકડી ઊભો કરે છે અને સાચી દિવ્ય દૃષ્ટિ પ્રાપ્ત કરાવે છે.

**શ્રીકૃષ્ણનું માર્ગદર્શન**

અર્જુનને પણ એવાં અજ્ઞાન અને મોહ અત્યારે ઘેરી વળ્યાં છે. એને લીધે જ તે ભારે મૂંઝવણમાં પડી જાય છે. શ્રીભગવાન એને કૃપા કરીને બતાવે છે, કે અલ્યા ભલા આદમી ! તું નજર તો ફેરવ ! જ્યાં જ્યાં નજર પડશે, ત્યાં ત્યાં યુદ્ધ જ ચાલી રહેલું છે. એક પળ પણ યુદ્ધ વિના આ જગતમાં ખાલી જતી નથી. સારુંય સંસારક્ષેત્ર એ એક પ્રકારનું યુદ્ધ જ છે. એક પણ જગ્યા એવી નથી, કે જ્યાં યુદ્ધ ચાલી રહેલું ના હોય. યુદ્ધની અનેક જાત અને અનેક રીત હોય છે. તેનાં અંગઉપાંગો પણ ઘણાં હોય છે. જુદે જુદે ઠેકાણે અને જુદી જુદી દિશામાં અને જુદી જુદી જાતના વાતાવરણમાં યુદ્ધનો તો માત્ર આકાર જ ફરે છે અને એમ સર્વ કાંઈ યુદ્ધનાં પરિણામોથી જ વિકાસ પામ્યા કરતું દૃષ્ટિગોચર થાય છે. શરીરની રક્ષા કરવા કાજે જ અનેક પ્રકારનાં પ્રાણીઓને જુદી જુદી જાતની પ્રતિકૂળ શક્તિઓ સાથે યુદ્ધ કરવું પડે છે. માનવીના મનમાં જે અનેક પ્રકાર અને રીતથી યુદ્ધ ચાલ્યા કરે છે, તેનો અને ઉપલા યુદ્ધનો પ્રકાર તદ્દન જુદો જુદો છે

અને તેનાં લક્ષણો પણ જુદાં જુદાં હોય છે, એના કરતાંયે વળી પોતાના દેશની રક્ષા માટે જે લોકો યુદ્ધ કરે છે, તે યુદ્ધના આકાર અને રંગ ઉપર જણાવેલાં અનેક પ્રકારનાં યુદ્ધોથી વળી તદ્દન જુદી જાતનાં હોય છે, કિંતુ તે બધાં છે તો યુદ્ધ જ. એક સંસારી માનવી સંસારમાં પડ્યો પડ્યો પણ અનિચ્છાએ યુદ્ધોમાં રગદોળાતો હોય છે, તેના કરતાં જાતિ, સમાજ કે દેશને કાજે જે માનવી યુદ્ધ ખેલે છે, તે માનવી સંસારની ટૂંકી મર્યાદાના બંધનથી તેટલા પ્રમાણમાં મોકળો થતો જાય છે. એનું દષ્ટિબિંદુ વધારે ઉદાર અને વિશાળ થતું જાય છે. પ્રત્યેક કોઈ જીવ જે કાળે અને જે દેશમાં જે જાતનાં શક્તિસામર્થ્ય લઈને જેવી અવસ્થામાં મુકાયેલ હોય છે, તે પ્રમાણે તેને યુદ્ધ કરવું જ પડે છે. તે કદાચ બુદ્ધિથી-ઇચ્છાથી વિચારપૂર્વક યુદ્ધ કરવાની ના પાડે, તોપણ શ્રીભગવાનની પ્રકૃતિ એને બળજબરીથી યુદ્ધમાં જોડી દે છે, કારણ કે યુદ્ધ એ શ્રીભગવાનની નિમિત્તપ્રકૃતિનું એક અંગ જ છે. વિશ્વની આદિ-અનાદિની રચનામાં જડાઈ ગયેલું શ્રીભગવાનનું એ અટળ યોજનાનું એક મુખ્ય અવિભાજ્ય સ્વયંભૂ અંગ છે. એને કોઈ નકારી શકે નહિ. એમાં **જીવ**ને પડવું જ પડે છે.

### શ્રીભગવાનને ચરણે

**જીવ**ને જ્યારે એવું યુદ્ધમાં પડવાનું આવે છે અને તે પડે છે, ત્યારે એમાં જીવનવિકાસનો હેતુ તે જ્ઞાનપૂર્વક ખ્યાલમાં-ભાનમાં રાખી શકતો નથી. એવો પ્રસંગ કયા ઉદ્દેશથી ઊપજ્યો છે, એનો યોગ્ય વિવેક જે **જીવ** કરી શકતો નથી, તે તેમાં પડતો હોવા છતાં જીવન ઉત્કર્ષના માર્ગમાં એનો યોગ્ય લાભ

લઈ શકતો નથી. એવાને કર્મે તો અજ્ઞાનભર્યાં દુઃખ, ક્લેશ, અથડામણો, મુઝારો આદિ જ રહેવાનાં, પરંતુ જે **જીવ** એમાં પોતાનાં અનેક માની લીધેલાં એવાં સ્વજનોનો સંહાર થવાની અણી વેળાએ એવા સંહારના અંતરનું હાર્દ જાણી લે છે અને એમાં જે એવી રીતે અને જે ભાવનાએ તે પ્રસંગનો આનંદથી સ્વીકાર કરે છે, તેવા **જીવ**ને તો તે પ્રસંગ તેના જીવનનું એક મહાપર્વ કે મહાઉત્સવ લાગ્યા વિના રહેવાનો નથી, એટલું જ નહિ, પણ તે શ્રીભગવાનની પોતાના પર એવી પ્રત્યક્ષ કૃપા થતી જોઈ શ્રીભગવાન પર વારી વારી જઈ, એનાં ચરણકમળનો જ એકમાત્ર આશ્રય સ્વીકારી સ્વીકારી એના મય જ બનવામાં પોતાનો જ્ઞાન-ભક્તિ-યોગ સેવશે. જેને શ્રીભગવાનની જ આસક્તિ લગાડવી છે, એનામાંથી બીજાં બધાંની આસક્તિ નીકળી જવી જોઈશે. સાધકના મનની તે દશા પરિપૂર્ણ થઈ જતાં તે પછી તો બીજાં બધાંમાં પણ શ્રીભગવાનની આસક્તિ અને ભાવના તે અનુભવશે, કિંતુ **જીવ**ની તેવી દશા થયા પહેલાં તો સર્વ કોઈ સાથેની તેની આસક્તિ તૂટી જવી જ જોઈશે. તે આસક્તિ તૂટ્યા વિના કોઈ પણ **જીવ** શ્રીભગવાનની આસક્તિમાં રહી કે ટકી શકવાનો નથી. અર્જુન આગળ પણ તેવો પ્રશ્ન ઊભો થયો છે. અત્યાર સુધી દૃઢતાથી વળગી રહેલા ધ્યેયને તે ભૂલી જાય છે. આત્મીયજનો પરત્વેની તેના હૃદયમાંની આસક્તિ તે વેળા ચીસ પાડી ઊઠે છે. જીવનમાં આવી મળતા પ્રત્યેક પ્રસંગમાં **જીવ** કોને પ્રથમ પંક્તિનું મહત્ત્વ આપવાનું પસંદ કરે છે, તેના પરથી તેની જીવન ભાવનાની કક્ષા કેવા પ્રકારની છે, તે

પરખાઈ આવે છે. બીજો કોઈ સામાન્ય **જીવ** તે ઠેકાણે હોય તો તે તેમાં ડૂબી જ જાય, કિંતુ અર્જુને તો શ્રીકૃષ્ણ ભગવાનને-પોતાના મિત્રને-સારથિ કરેલા છે, તે એને એવો કેમ રહેવા દે ? વિશ્વની અખંડ ચાલુ રખાવનારી રચનાના હેતુના અંગભૂત વણાઈ ગયેલા એવા તત્ત્વને કોઈ કોરાણે મૂકી શકે તેમ નથી, કે એને ફેરવી શકે તેમ પણ નથી, એટલે જ સંસારમાં મળ્યા જતા એવા યુદ્ધમાં જે **જીવ** તપશ્ચર્યાની ભાવના જ્ઞાન-ભક્તિ-યોગની ધારણા, ભાવનાપૂર્વક, ચેતનાભરી જાગૃતિથી રાખી શકે છે, તેવા જ **જીવ** સંસારને શ્રીકૃષ્ણ ભગવાનની કૃપાથી તેના લીલાત્મક સ્વરૂપમાં ફેરવીને એમાં એના જ હેતુને સિદ્ધ કરવાને પોતે યંત્ર બની શકે છે.

**પ્રાર્થનાથી પ્રભુકૃપા**

સંસાર અનેક પ્રકારનાં યુદ્ધોની પરંપરાનું ક્ષેત્ર છે. **જીવ**ને તેમાં જાણેઅજાણે પડ્યા જ કરવું પડે છે. તો **જીવ** એને તપશ્ચર્યાની ભાવનાથી કેમ સ્વીકારી-વધાવી શકતો નહિ હોય ? એ એક પ્રશ્ન ઉદ્‌ભવે ખરો જ, પણ જેવા જેવા પ્રકારની સામગ્રી-શક્તિ જે જીવની હોય, એને એના જીવનયુદ્ધમાં તેવી તેવી રીતનો જ પ્રકાર લાગ્યા કરવાનો, તેથી બધા જીવ સંસારના એવા યુદ્ધમાં તપશ્ચર્યાનો ભાવ અનુભવવા સમર્થ નીવડતા નથી, કિંતુ જેને જીવનની સાધના કરવી છે, એ કાજે જેણે હૃદયની ભાવનાથી પ્રયત્નો આદરવા માંડ્યા છે, જેનામાં એવા સંસ્કાર છે, જેણે પોતાના જીવનનું એને જ એકમાત્ર ધ્યેય કર્યું છે, એવા સાધકે તો એની કૃપાથી પ્રાપ્ત થતાં આવાં

યુદ્ધમાં તપશ્ચર્યાનો જ ભાવ જીવતો રાખવો ઘટે. જીવની એવી ભાવના સહજમેળે હૃદયથી પ્રત્યેક પરિસ્થિતિમાં જીવતી રહ્યા કરે, તો જ સાધકનું મન જીવનધ્યેયમાં નિષ્ઠાવાળું છે એમ ગણી શકાય. પરિસ્થિતિ અથવા તો પ્રસંગો-એ પણ બધાં-એક પ્રકારનાં યુદ્ધ જ છે. પ્રત્યેક યુદ્ધનો હેતુ પણ હોય છે. તે હેતુને જીવનસાધનાને અનુકૂળ નીરખી અને તેવી ભાવનાથી સ્વીકારી લઈ જે વળાવી શકે છે, તે જ પ્રભુનો ભક્ત બની શકે છે. એવું કરવા જતાં જે કાયર બને છે, છતાં એવો, હૃદયનો ખુલ્લા મનનો એકરાર પ્રભુનાં ચરણકમળમાં આર્દ્ર અને આર્ત ભક્તિભાવે કરે છે અને પોતાને યોગ્ય દર્શન આપવા ગદ્ગદભાવે પ્રાર્થના કર્યા કરે છે, એવાને શ્રીકૃષ્ણ ભગવાન કૃપા કરી પોતાનો હાથ આપી ઉઠાડે જ છે. એવા ધન્ય અનુભવ સાધકને થયા વિના રહેતા નથી. એવા સાધકને શ્રીભગવાન કે એનો ભાવ દિલમાં સુપ્રતિષ્ઠિત બની જાય છે. યુદ્ધની એવી અનેક પરંપરાઓમાંથી જીવ પસાર થયા કરતો હોય છે. એમાંથી સ્વતંત્રપણે અલગ પડી વર્તવાની કોઈની તાકાત નથી.

**શરીરનું મૃત્યુ**

છેક મૃત્યુની પળે પણ જીવ સ્વભાવતઃ મરણની સામે યુદ્ધ કરીને બચવાની કોશિશમાં જ રહેતો હોય છે અને આખરે મૃત્યુથી હાર પામીને પોતાની હાર કબૂલી એને મરવું પડે છે. જે શરીરને તે પોતે **જીવ**રૂપ જ માનતો હતો, જેનો તે રાગી બની ગયો હતો, જેના મય જ જે થઈ ગયો હતો, એને પણ છોડવું પડે છે, પણ એમાંની એની વાસના એને મૂકી શકતી

નથી. ત્યાં પણ એનાં કર્મે તો યુદ્ધ જ લખાયેલું છે. એમ જોવા જતાં આ સંસારમાં રહીને કોઈ પણ **જીવ** શ્રીભગવાનના એ અવિચળ અટળ નિયમનું ઉલ્લંઘન કરવાને કદી પણ શક્તિમાન થતો નથી.

**સર્વક્ષેત્રે યુદ્ધ**

સંસારનાં ક્ષેત્રમાં હોવ કે માનસિક ક્ષેત્રમાં હોવ કે પછી દિવ્ય ભૂમિકાનાં ક્ષેત્રમાં હોવ, અથવા બીજા ગમે તે ક્ષેત્રમાં હોવ, ત્યાં યુદ્ધ તો હોવાનું જ, અને યુદ્ધ એટલે જ ખંડન અને મંડન. **જીવ**ને જ ના રુચે અથવા તેનાથી સહન ના કરી શકાય, તેવાં પરિણામ ઉપજાવતું ક્ષેત્ર, તે પણ યુદ્ધ છે અને તેમાં વિચાર પરોવાતાં માનવીનું મન કંપી ઊઠે, તે છતાં પૂરેપૂરું તે એમાંથી મુક્ત બની શકતું નથી. ત્યાં કોઈનો પણ ગજ ચાલી શકતો નથી, એવી તેની લાચારી છે, છતાં આ કાળમાં બધાં સ્વતંત્રતાની બૂમ મારે છે. સ્વતંત્રતાની વાત કરે છે, ત્યારે તે બધું હાસ્યાસ્પદ લાગે છે. કોની સ્વતંત્રતા અને શેનાથી સ્વતંત્રતા? એનો ઊંડો વિચાર છેક મૂળ સુધી કોઈ કરતું લાગતું નથી. સંસારમાં સકળ પ્રકારનાં યુદ્ધો ખેલવાનાં હોય છે, એટલે જ એ તો વ્રજભૂમિ છે કે તપોભૂમિ છે, એવી રીતે અને એવી ભાવનાથી એને સ્વીકારવાથી અને એ પ્રમાણે વર્તવાથી જ **જીવ**નો ઉદ્ધાર છે. જ્યાં સુધી જીવીશું ત્યાં સુધી જીવનની કોઈ ને કોઈ ભૂમિકા પર કોઈ પણ પ્રકારનું યુદ્ધ તો ચાલ્યા જ કરવાનું છે. સર્વ કોઈ **જીવ** પ્રકૃતિનિયુક્ત સહજ સૂક્ષ્મ તીવ્ર એવી પ્રેરણાથી યુદ્ધમાં પ્રેરાયા જતો હોય છે, એનું પ્રત્યક્ષ આબેહૂબ દર્શન શ્રીકૃષ્ણ ભગવાન કૃપા કરીને અર્જુનને

બતાવે છે, ત્યારે જ એને હૃદયથી એવી પ્રતીતિ થાય છે. આમ, યુદ્ધ જો જીવનનું-સૃષ્ટિનું-તેની સર્વ પ્રકારની કક્ષાઓમાં એકધારું વહેતું રહેતું એક તત્ત્વ છે, તો પછી જીવનને તેજસ્વી બનાવવા, જીવનનું રૂપાંતર કરવા, એને દૈવી બનાવવા, ભક્તિ-જ્ઞાન-યોગભાવે જે **જીવ** યુદ્ધને સ્વીકારે છે, તે જ **જીવ** જીવનને એની યોગ્યતામાં પ્રભુકૃપાથી ફળાવી શકવાનો છે. યુદ્ધમાં સર્વ કોઈને ઘસડાવું તો પડે છે જ. હતાશ થઈને, નિશ્ચેતનભાવથી, બળે બળે જે તેમાં ઘસડાયા જાય છે, તેવા નિર્માલ્ય **જીવ** જીવનનો સર્વનાશ વહોરે છે.

**પ્રાપ્ત કાર્યક્ષેત્રનો સદુપયોગ**

અહીં એક શંકા ઉપસ્થિત થાય, કે જો યુદ્ધ એ વિકાસની ભૂમિકા કાજે જ નિર્માણ થયેલી સ્વાભાવિક હકીકત છે, તો તેનાથી વિનાશ કેવો ? પ્રત્યેક કર્મનાં પરિણામનો આધાર તો તે કર્મ કેવી વૃત્તિથી કરાય છે, તેના પર રહેલો છે, કિંતુ નાશ અને એનાથી વિરોધી ભાવવાળું દ્વંદ્વ તો વિશ્વની રચનામાં સમાયેલું જ છે. જે જે કર્મક્ષેત્ર જીવનમાં **જીવ**ને મળે છે, તેમાં યુદ્ધનું તત્ત્વ રહેલું છે જ, એટલે તે કર્મક્ષેત્ર પ્રભુની પ્રસાદી ગણીને એમાંથી જે જીવને વિકસાવવા જ્ઞાન-ભક્તિ-યોગભાવે, કર્મક્ષેત્રમાં તપશ્ચર્યાની ભાવનાથી એને સ્વીકારી પ્રભુને જ સઘળું સમર્પણ કર્યા કરે છે, એવા **જીવ**ને **આદિ** રહેવાનું નથી. એવા **જીવ**ને ક્યાંય આરંભ નથી અને એમ કરતાં કરતાં એની સર્વ ક્રિયા સહજ આરંભ વિનાની થયા જશે. આમ, વિશ્વની રચનામાં દ્વંદ્વને લીધે ઊપજતું યુદ્ધ જેથી કરીને જીવનના સર્વોચ્ચ આત્યંતિક આદર્શની સિદ્ધિમાં **જીવ**ને પ્રત્યક્ષ મદદ મળતી હોય, તે જાતના

યુદ્ધમાં તેવાં દૃષ્ટિ, વૃત્તિ અને વલણથી, પોતાની સમગ્ર શક્તિ વડે શ્રીભગવાનની તે અટળ યોજનામાં જે પોતાની જાતને લગાડી દેવાનું કરે છે, તે જ **જીવ** પોતાને મળતી જતી પરિસ્થિતિનો સાચામાં સાચો જ્ઞાનપૂર્વક ઉપયોગ કરી જાણે છે એમ કહેવાય. તે જ **જીવ** જીવનઉત્ક્રાંતિ પામી શકે છે. કોઈ પણ માનવી યુદ્ધને નકારી શકે તેમ તો નથી. તેમાં તેને વશે કે કવશે જોડાવું તો પડે છે, તો પછી જો માનવી ધારે તો અને અંતરથી ચાહે તો તેવાં પ્રાકૃતિક યુદ્ધને પોતાના જીવનધ્યેયની પ્રાપ્તિ અર્થે જીવનમાં વધાવી શકે છે અને હૃદયથી એનો સ્વીકાર કરી એનો હેતુ જીવનમાં ફળાવી શકે છે. જીવનમાં મળતા સંજોગો અને પ્રસંગોમાં વ્યષ્ટિ અને સમષ્ટિના જીવનભાવનો સમન્વય રહેલો છે. વ્યષ્ટિ અને સમષ્ટિ બેઉનાં જીવનહેતુ અને શ્રેય એકસાથે રહેલાં છે. એ દૃષ્ટિથી જે એનો આનંદથી સ્વીકાર કરે છે, તે જ પ્રભુની ઇચ્છાને ઓળખે છે અને તેની ઉત્તમ સેવાભક્તિ કરે છે.

### ગીતાબોધનો હેતુ

આમ, જીવનમાં જ્યાં ત્યાં અને જ્યારે ત્યારે યુદ્ધ તો રહેલું જ છે અને એમાં કોઈ હારીને, કોઈ આનંદથી પડે છે, એટલે એ યુદ્ધની ભૂમિકામાં માનવીનું મન કેવા પ્રકારની ભાવનાવાળું રહે છે એના ઉપર તેના જીવનવિકાસનો ખરો આધાર રહેલો છે. યુદ્ધક્ષેત્ર પર અર્જુનના મનને જીવનકલ્યાણના હેતુથી વાળવા કાજે શ્રીકૃષ્ણ ભગવાને તેને ગીતાબોધ આપેલો છે, તે કેટલો યથાર્થ છે, એનું ખરું રહસ્ય અને મહત્ત્વ હવે આપણને સમજાશે. પ્રત્યેક જીવ યુદ્ધક્ષેત્ર

પર જ ઊભેલો છે એ કારણે માનવીનું મન શ્રીભગવાનની કૃપાથી યુદ્ધને જીવનકલ્યાણ અર્થે સ્વીકારી શકે એવું જ્યાં સુધી ના બને, ત્યાં સુધી માનવીનું જીવન જેમ તેમ વેડફાવાનું. માનવીનાં મનાદિકરણો જેમ જેમ શુદ્ધ થતાં જાય છે, જેમ જેમ તેનામાં સમતા આવતી જાય છે, તેમ તેમ તેનું ચૈતન્ય વધુ ને વધુ વિકાસોન્મુખ બનતું જાય છે અને કામના-વાસનાઓનો વેગ તેનામાં મોળો પડતો જાય છે. માનવીના આધારમાં સાત્ત્વિક ગુણનો વિકાસ થઈ જાય છે, ત્યારે પ્રેમ, મૈત્રી અને કરુણાની જુદી જુદી દિવ્ય કક્ષાની ભાવનાઓ જીવનમાં સહજમેળે વિકાસ પામતી માનવી અનુભવે છે.

માનવીનાં મનાદિકરણોનું અધોગામી વલણ ત્યારે શૂન્યવત્ થતું જાય છે અને મનની ચંચળતા, વ્યગ્રતા, અસ્વસ્થતા વગેરે કોઈ ચમત્કારિક રીતે અદૃશ્ય થઈ જતી માનવીને ત્યારે લાગે છે. સ્વાભાવિક રીતે જ ત્યારે **જીવ**ને સાચો વૈરાગ્ય પ્રગટે છે. અહીં વૈરાગ્યનો અર્થ એટલે સંપૂર્ણ અનાસક્તિભાવ-એટલે કે શ્રીભગવાનનાં ચરણકમળમાં જ અનન્ય આસક્તિ. માનવી જીવનનું જે નકારાત્મક વલણ છે, તેમાં તેને હવે જરાકે વૃત્તિ રહેતી નથી, તો પછી રુચિ તો થાય જ શાની ? કર્મક્ષેત્રની વાસનામૂલક ભૂમિકાથી અને આ સંસારના અધોગામી પ્રકારના કોલાહલથી ક્યાંય દૂર પરમ શાંતિમાં લય પામવા માનવીની ચેતના વિરહાકુલ બને છે. આવી વેળાએ માનવીને જે લગની લાગે છે અને એ લગનીમાં જે એકાત્મભાવ પ્રગટે છે અને એમાંથી એને જે અનુભવદર્શન થાય છે, તે અનુભવથી એને પોતાની તે વેળાની

જીવનભૂમિકાથી મુક્તિ પ્રાપ્ત કરવામાં જ પરમ પુરુષાર્થ રહેલો છે, એનું એને સ્પષ્ટ દીવા જેવું જ્ઞાન થઈ જાય છે. એવો જીવાત્મા તે વેળા પોતાની આસપાસ દ્વંદ્વ અને એનાથી ઉત્પન્ન થતું સંઘર્ષણ અને યુદ્ધ નિહાળે છે અને સારોય સંસાર એનાથી જ વીંટળાયેલો એને જણાય છે. એવા સંસારમાંથી મુક્તિ પામ્યા વિના **જીવ**ને ક્યાંયે સુખ નથી, ચેન નથી, શાંતિ નથી, એવું એને ઉત્કટતાપૂર્વક ભાન જાગે છે. તે વેળાએ એના જીવનની યોગ્ય રચનાત્મક બાજુએ વળવાના વળાંકરૂપી કટોકટીની પળ પર ઊભો હોય છે. તે વેળા તે સફાળો જાગે છે અને સહજમેળે તેમાંથી ઊઠવાના સતત પ્રયત્નોમાં જ મથ્યો- મંડ્યો રહે છે. એવો પ્રયત્ન પણ એક યુદ્ધ જ છે.

**માનવજીવનની ભૂમિકા**

માનવજીવનની પ્રત્યેક ભૂમિકામાં જુદી જુદી જાતનું યુદ્ધ સમાયેલું હોય છે. આધ્યાત્મિક ઉચ્ચ ભૂમિકામાં જે યુદ્ધ સાધક સામે આવી ઊભું રહે છે, તે કોઈ ઓર જ હોય છે. સંભવ છે, કે સાધક એવા યુદ્ધને યુદ્ધ તરીકે કદાચ પ્રથમ સમજી પણ ના શકે. તેમાં એને ભુલાવામાં પડી જવાની પણ શક્યતા રહે છે. તે ઉચ્ચતમ ભૂમિકાના યુદ્ધનો પ્રકાર આગળ જતાં સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમ થતો જાય છે. જીવનની સાધના માટે પ્રવૃત્ત થયેલા સાધકને તે વેળા અનેક બાજુનું જુદું જુદું યુદ્ધ ખેલવાનું સાંપડે છે. એક બાજુએ માનવીના **જીવ** પ્રકૃતિના સ્વાભાવિક વલણ અનુસાર સંસાર **જીવ**ને યુદ્ધ કાજે પોકારી રહ્યો છે અને બીજી તરફ એને સંસારનાં એવાં રાગ-વિષયાત્મક યુદ્ધ પરત્વે દિલમાં વૈરાગ્યની ભાવના પ્રગટે છે. તેવી પળે એવી સાંસારિક

મથામણોમાંથી મુક્તિ મેળવવા કાજે **જીવ**નું મન ઉત્કંઠ થયેલું હોવાથી, તે ક્ષેત્રમાં પેલી સંસારી વૃત્તિથી પળ વાર પણ રહેવા તેનું મન માનતું હોતું નથી. વળી, કર્મમાત્ર વાસના, કામનાની કે દ્વંદ્વની ભૂમિકા ઉપર બને, ત્યારે તે સંસ્કારજનક અને બંધનકારક નીવડે છે, એટલે એવી ભૂમિકા ઉપર થતાં કર્મથી નિવૃત્ત થવાને તેનું મન તલસે છે, કિંતુ તે સાથે સાથે કર્મ કર્યા વિના ચાલતું પણ હોતું નથી. એ કારણે કર્મની પ્રવૃત્તિ સામે કર્મત્યાગની પ્રવૃત્તિથી તુમુલ અને અવર્ણનીય મથામણોની હારમાળા માનવીના અંતઃકરણમાં જન્મે છે. કર્મમાત્રનો ત્યાગ તો તે કરી શકતો નથી અને તે સાથે સાથે તેવી પરિસ્થિતિને કારણે મનમાં ઊપજતાં અનેક જાતનાં મંથનોથી જુદાં જુદાં કર્મને લીધે થતા દોષ પણ એની નજરમાં સ્પષ્ટ તરી આવતા હોવાથી, આગળ જતાં સાધકના મનમાં તેવું મંથન કરવાની વૃત્તિ પણ શમતી જાય છે. આવી બે એકબીજાથી વિરુદ્ધ એવી સામસામેની બાજુની વૃત્તિ, માનવીના દિલમાં ઊભી થાય છે, ત્યારે તે પાછો મુઝાય છે. તે સ્થિતિ એને ઘણી જ આકરી લાગે છે, જીવનમાં આવી સ્થિતિ, જીવનના ઉચ્ચતર અને ઉચ્ચતમ શિખરો વટાવીને જે જે ગયા છે, તે સર્વ મહાપુરુષોના જીવનમાં જન્મ્યા વિના રહેલી નથી, કેમ કે એમ ને એમ સ્થિતિસ્થાપક દશામાં-ત્યાંનું ત્યાં-તો કોઈ પણ પડી રહી શકતું નથી. ગમે તેવા પર્વતોમાં અટવાઈ ગયેલી નદી પોતાનો માર્ગ કર્યા વિના રહેતી નથી. તેવી રીતે તેવા લોકોની, જીવનને પાર કરવાની જ્વાળામુખી સમી તમન્ના, એમને યોગ્ય નવો માર્ગ સુઝાડ્યા વિના રહેતી નથી.

સર્વ પ્રકારના વિચારશીલ માનવી આગળ જીવનમાં અનેક કોયડા અનેક પ્રકારે ઊભા થતા હોય છે. એવી સમસ્યા તેમના દિલમાં આંતરિક યુદ્ધ જન્માવે છે અને તેનો ઉકેલ કરવા માટે તેઓ સર્વ રીતે તૈયાર થાય છે. જ્યાં જ્યાં તેઓ મુઝાય છે, કે અટકી પડે છે, ત્યાં પોતાના જીવનસારથિ આગળ એનો નિવેડો લાવવાને તે પોતે શાંત ભાવે, પ્રસન્નચિત્તે શરણે જાય છે. યુદ્ધ જાગ્યા વિના, મનોમંથન થયા વિના, કોઈ પણ પ્રશ્નનો ઉકેલ માનવી પોતે એની મેળે કરી શકતો નથી. જીવનમાં એવી પરિસ્થિતિ પણ ઊભી થાય છે, કે જેનો યોગ્ય ઉકેલ માનવી પોતે કરી શકવાને અસમર્થ નીવડે છે. એવી વેળા એને કોઈનું શરણ લેવું જ પડે છે. જીવનની એવી પળોએ માનવીને શરણ લીધા વિના ચાલતું નથી, પછી તે પ્રશ્ન ગમે તે ભૂમિકા પરનો હોય.

**શ્રીકૃષ્ણ જીવનસારથિ**

માનવીના જીવનમાં જન્મથી તે તેના દેહના મૃત્યુ પર્યંત વિધ વિધ પ્રકારની અસંખ્ય પરિસ્થિતિ આવે છે અને જાય છે. માનવી **જીવ**ના સકળ સંસારના જે જન્મદાતા, નિર્માતા અને નિયંતા છે, તે જ એક રીતે તો સર્વ કોઈને યુદ્ધનાં ક્ષેત્રમાં પ્રેર્યા કે યોજ્યા કરતા હોય છે, એવું કોઈ માને તે પહેલાં તે વિધાનનું સત્ય માનવી **જીવ**ની કઈ ભૂમિકા પરથી જાગેલું છે, તેનો વિચાર કરવો જરૂરનો છે. માનવીના **જીવ** સ્વભાવનાં વલણો, વિચિત્ર પ્રકારની વૃત્તિઓ અને તેનાથી ઊપજતાં વિચિત્ર પ્રકારનાં આંદોલનો, તેના મનની જુદી જુદી જાતની રુચિ અને તેની સામેની જુદી જુદી અરુચિ, મનની વિચિત્ર પ્રકારની

પ્રવૃત્તિઓ અને તેના હેતુઓ, માનવીના મનમાં એવી પ્રકૃતિ દ્વારા ગડમથલ જન્માવે છે. તે પોતે તો તદ્દન સૂક્ષ્મ, અલિપ્ત રહીને, **જીવ**નાં તેનાં વિચિત્ર કર્મનાં પરિણામો ઉપર અંકુશ પણ રાખે છે. (જો તેમ ના હોત તો માનવીના મનમાં કશાની વૃત્તિ ઉત્પન્ન થતાં તેના જીવનનો સર્વનાશ થઈ જાત, ત્યાં સુધી તે તેમાં પ્રવૃત્ત રહ્યા કરત, અથવા તો ઊર્ધ્વમુખી ભાવના જાગતાં તેમાં જ તે એની ટોચ સુધી પહોંચ્યા કરવામાં જ એકધારું રહ્યા કરી ત્યાં જઈને સમાઈ જાત.) જે બધીયે કર્મપ્રવૃત્તિઓ અને ભોગપ્રવૃત્તિના પ્રેરક તથા નિયંતાના રૂપમાં દરેક **જીવ**ની અંદર હોવા છતાં પણ પોતાનું અસ્તિત્વ છૂપું રાખે છે, તેને માનવી **જીવ** અજ્ઞાને કરીને પોતાના જીવનના સારથિ તરીકે સ્વીકારી શકતો નથી. સમસ્ત વિશ્વની રંગભૂમિનો તે જ એકમાત્ર અદ્વિતીય અને અવર્ણનીય તેમ જ સૂક્ષ્મપણે સર્વ ચરાચરના અંતરમાં અંતર્યામી સારથિરૂપે વિરાજેલો એવો જે નિર્માતા અને નિયંતા છે, તે જીવનમાં સાથે ને સાથે હોવા છતાં કોઈને પણ એના પ્રત્યેનું સાચું પૂરેપૂરું પ્રત્યક્ષ જ્ઞાનભાન પ્રગટતું નથી. તે જ આપણા જીવનને દોરવે છે, તે જ આપણો સાચો સાથી છે અને તે જ જીવનસારથિ પણ છે, પરંતુ આપણે તેને ઓળખીને તે ભાવે તેનો સ્વીકાર કરી શકતાં નથી.

**અભિમાન**

આવો જે આપણા જીવનને દોરનારો સારથિ માનવીથી પરખી શકાતો કેમ નથી ? અર્જુનને પણ તેવો જ પ્રશ્ન નજર સામે આવે છે. અત્યાર સુધી અનેક યુદ્ધો પોતાના જ બળે,

પોતાના જ યુદ્ધકૌશલ્યથી જીત્યાં છે અને પોતે જ સર્વનો કર્તાહર્તા છે, એવું તેનું અભિમાન શ્રીકૃષ્ણ ભગવાન પાસે હોવા છતાં તેમને યોગ્ય રીતે ના ઓળખી શકવામાં આવરણરૂપ બને છે. માનવીમાત્ર પોતાના જીવને પોતે જ ચલાવી રહ્યો છે, પોતે જ તેનો સર્જક છે અને પોતે જ પોતાનો ભોક્તા છે એમ માને છે અને પોતાના વિના બીજા કોઈનું એને ભાન જાગી શકતું નથી. એટલે જ આ વિશ્વની રંગભૂમિકાનો અંતર્યામી નટખટ ખેલાડી તેને તેના સાચા સ્વરૂપમાં અનુભવજ્ઞાનમાં કદાપિ આવી શકતો નથી, કારણ કે કર્મમાત્રમાં તે પોતાની **જીવ** પ્રકૃતિ કે સ્વભાવના પ્રેરણાબળથી જ દોરાયા કરવામાં મસ્ત હોય છે, પરંતુ તે પ્રકૃતિ કે સ્વભાવને સતત પ્રેરનારી જે અકલ્પ્ય, ગૂઢ, સૂક્ષ્મ અને દિવ્ય ચેતનાશક્તિ છે, જેના ચલણ વિના કોઈ પણ કર્મ થવું શક્ય જ નથી. તે ચેતનાશક્તિનું, કર્મ કરતી વેળા **જીવ**ને કદી પણ ભાન જાગતું નથી. એ જ કારણે શ્રીકૃષ્ણ ભગવાન તેના જીવનમાં પ્રેરકરૂપે કે પરમ ચૈતન્યરૂપે કદી પણ અનુભવમાં આવી શકતા નથી. વળી, ભગવાનનું એવું સ્વરૂપ અને એવું કાર્ય સમજાયા છતાં માનવીનું મૂર્ખ, પાજી, અજ્ઞાની મન, તેનો તેવા ભાવમાં પૂરી રીતે જ્ઞાનભક્તિપૂર્વક સ્વીકાર કરી શકતું નથી. તેને માત્ર એક મદદ કરનાર અથવા બહુ બહુ તો તેને પોતાની કામનાઓને સંતોષનાર માત્ર સમજે છે. તો વળી, કોઈક એને કર્મનું પરિણામ આપનારો અને કોઈક તેને ઉદાસીન માને છે. કોઈક **જીવ** તો વળી એને સર્વ સંબંધથી રહિત એવો નિષ્ક્રિય પણ ગણે છે અને શ્રીભગવાન વિશેની જુદા જુદા **જીવ**ની જુદી જુદી માન્યતાઓમાં પૂરતું યોગ્ય

સજીવપણું પણ જુદા જુદા **જીવો**માં જુદા જુદા પ્રકારનું રહ્યા કરે છે. માનવીનું અભિમાન પણ જુદી જુદી ભૂમિકામાં ચડતાં ઊતરતાં, સ્થૂળમાં સ્થૂળ, સૂક્ષ્મ ભૂમિકામાં સૂક્ષ્મ, એમ જુદા જુદા આકાર ધરતું હોય છે. **જીવ** પોતાના એવા અભિમાનને જીવનની કોઈ પણ કક્ષામાં વેગળું કરીને જ્ઞાનભક્તિપૂર્વક વર્તતો ના હોવાથી, શ્રીભગવાનને તેના જીવનના સર્જક, ચાલક, નિયંતા અને અંતર્યામીના સ્વરૂપમાં અનુભવી શકતો નથી, પરંતુ માનવીનું અભિમાન પણ એના જીવનકાળમાં ઘણીયે વેળા ભાંગીને ભૂકો થઈ જાય છે, એના ચૂરેચૂરા બની જાય છે, એવી વેળા જેના જીવનમાં સાંપડે છે, તે તેના જીવનની, પોતાના જીવનના નિયોજક, સંચાલકને ઓળખવાની એક અમૂલ્ય દૈવી પળ છે એમ સમજવું. માનવીની બુદ્ધિ અને માનવીની શક્તિ ત્યારે કંઈ જ કામ કરી શકતી નથી અને પ્રવૃત્તિમાત્ર સંકોચ પામે છે. પોતાપણાનું અભિમાન અને પોતા ઉપરનો વિશ્વાસ અને પોતા પરનો સર્વ કાબૂ માનવી ખોઈ બેસે છે, તેવી વેળાએ માત્ર શ્રીભગવાનનાં દર્શનની ઝંખનાની શક્યતા એનામાં જાગે છે. તેના જીવનની એવી પળે જો તે યોગ્ય રીતે વિચારે અને પ્રસન્ન હૃદયે શ્રીભગવાનને પ્રાર્થે તો શ્રીભગવાન કૃપા કરીને પ્રગટ થાય છે અને સમગ્ર વિશ્વની તેમ જ વ્યષ્ટિના જીવનની સમસ્યાનો ઉકેલ તેને કૃપા કરી બતાવે છે. આ સકળ વિશ્વમાં પળેપળ અણુએ અણુમાં ચાલી રહેલાં યુદ્ધનું રહસ્ય, મહત્ત્વ અને એનો હેતુ એ સકળ જીવનના વિકાસ અર્થે છે, તેનું જ્ઞાન શ્રીભગવાન તેનામાં પ્રેરે છે અને એમ કરીને જીવનના પરમ કલ્યાણનો માર્ગ તેને બતાવે છે.

## વિષમ પરિસ્થિતિ

માનવીના જીવનમાં વિષમ પરિસ્થિતિ ઉત્પન્ન થયા વિના તે કદી પણ ઊંડું વિચારી શકતો નથી. શ્રીભગવાન પરમ કૃપા કરીને તેને એવી વિષમ પરિસ્થિતિમાં મૂકે છે, કે જેથી તે પોતાને વિશે યોગ્ય વિચાર કરવાને પ્રેરાય. ઐહિક અને પારલૌકિક કર્મનું આચરણ કરતાં કરતાં શ્રીભગવાનની દૈવી માયાથી મોહ પામીને, અભિમાનથી પ્રેરાઈને માનવી પોતાની વિદ્યાને, બુદ્ધિશક્તિને, પોતાના જીવનમાર્ગમાં પ્રવૃત્ત કરી રહ્યો હોય છે અને તેના બાહ્ય અને અંતઃસ્વરૂપના જીવનમાં કુરુક્ષેત્ર જ્યારે પ્રગટે છે, તે વેળા બંને બાજુએ એનાં પોતાનાં જ સ્વજનોને ઊભાં રહેલાં તે પોતે જુએ છે. આમ, નકારાત્મક વલણવાળાં, **જીવ** સ્વરૂપવાળાં સ્વજનોનો પરાજય કરીને, તેમનો લય કરીને, તેમના સ્વભાવના ધર્મમાંથી મુક્તિ પ્રાપ્ત કરાવીને યુદ્ધમાં વિજય મેળવવાનું તે કરે છે, પરંતુ પોતાના જીવનના એવા સ્વધર્મના આચરણમાં જે ભયંકર ઘોર અધર્મ થતો પોતે જુએ છે અને જેમાં મનુષ્યત્વહીનતા પણ સમાયેલી જ છે તેનો નાશ કરવાનું નિમિત્ત તેને થવું પડે છે. તેમ કર્યા વિના પ્રભુમય જીવનને તે પામી શકતો નથી. અત્યાર સુધી જેને પોતાના માન્યા છે, જેના વડે જીવનને પોષણ મળ્યું છે, જીવનનું શિક્ષણ મળ્યું છે અને જીવનને ચલાવ્યા કર્યું છે, તેમને હરાવીને, તેમને વટાવીને જવાનું આવતાં માનવીનું મન ત્રાહિત્રાહિ પોકારી ઊઠે છે. એની બુદ્ધિ ત્યારે **કિંકર્તવ્યમૂઢ***
થઈને શ્રીકૃષ્ણ ભગવાનનું સારથિ તરીકેનું શરણું લે છે.

* મૂંઝાયેલું

શ્રીભગવાનની ચૈતન્ય શક્તિ સર્વ કોઈ **જીવ**ના અંતરમાં વસેલી છે અને માનવી એનો જ પ્રેરાયો સર્વ ક્ષેત્રમાં પ્રેરાય છે, કિંતુ મનુષ્ય તો 'હું જ બધાં કર્મોનો કર્તા છું, કશામાં પ્રવૃત્ત થવામાં કે ના થવામાં હું સંપૂર્ણ સ્વતંત્ર છું અને મારી સ્વતંત્ર વિચારશક્તિ, પ્રાણશક્તિ, બુદ્ધિશક્તિ અને ચિત્શક્તિ જ બધાં કર્મનું નિયમન કરે છે,' એમ ધાર્યા કરે છે અને સમજ્યા કરે છે. **જીવ** સંપૂર્ણ જ્ઞાનની કક્ષામાં આવ્યા પછી તેવી સમજ યોગ્ય ગણાય, પણ **જીવ** બિચારો અજ્ઞાનની કોટિમાં પણ તેવું જ માન્યા કરે છે, એવી એની વિચિત્રતા છે. **જીવ**માં બુદ્ધિ હોવા છતાં જો તે પોતે સર્વશક્તિમાન છે, તો તેને કશામાં મંથન કરવાપણું રહેતું નથી અને સર્વ વહેવારમાં તેવું બનતું હોતું નથી, તેમ છતાં પણ તેવું માનવાની ભ્રમણામાં આવો અલ્પ જ્ઞાની **જીવ** પડ્યો રહે છે. ઊંઘતો બોલે, કિંતુ જાગતો હોય તે છતાં ઊંઘવાનું કરીને પડી રહ્યો હોય તે ના બોલે, એવી એક કહેવત છે, એટલે એવા પ્રકારના **જીવ**નો ઉદ્ધાર થવો કદી શક્ય નથી.

### અર્જુનની સંસારી ભૂમિકા

જીવનમાં જે કંઈ બન્યા કરે છે, તેનો પોતે જ સંયોજક, નિયોજક છે, એવું અત્યાર સુધી અર્જુને પણ માન્યા કર્યું હતું. પોતાની આત્મપ્રિયતા અને આત્મપ્રતિષ્ઠા વધારવામાં જ તેણે સર્વ કાંઈનો ઉપયોગ કર્યા કર્યો હતો. પોતાનો કુટુંબકબીલો એનું અસ્તિત્વ પણ એને કાજે હતું. કીર્તિની પણ એને ભૂખ લાગેલી હતી અને જીવનમાં એને સર્વોપરી બનવું હતું. કૌરવોનો સામનો કરવામાં તેવું થવું તેને જરૂરનું લાગતું હતું,

અને તેથી એ જ દૃષ્ટિ, વૃત્તિ અને વલણથી પોતાનાં સર્વ સાધન, સંપત્તિ તે અર્થે જ વાપરવાનું કર્યા કરતો. અને પોતાને મળતાં યશ અને માન એને યુદ્ધમાંનાં હથિયારની જેમ જરૂરનાં લાગતાં હતાં. જીવનના સંગ્રામનો પોતે જ સ્વતંત્ર માલિક અને પોતે જ સ્વતંત્ર સર્જક અને નિયંતા છે એમ તે માનતો. જીવનમાં આવી પડતાં કર્મમાં યોગ્યાયોગ્યનો અને કર્મના કૌશલાકૌશલનો હું પૂરેપૂરો વિચાર કરી શકું છું. અને સંપૂર્ણતાથી મારી ઈચ્છા પ્રમાણે દરેક કર્મ કરી શકું છું એવું તેને અભિમાન પણ હતું. શ્રીકૃષ્ણ ભગવાન ઘણી વખતે તેમની બધાંની સાથે હતા, (તેમનો સંબંધ ન હતો, ત્યારે પણ તે ન હતા એમ તો ન હતું) તેમની સલાહ પણ લેવાતી, કિંતુ માનવી જ્યાં સુધી બધી બાબતમાં પોતાને જ સર્વશ્રેષ્ઠ સમજતો હોય છે, ત્યાં સુધી શ્રીભગવાનનો ભાવ કદી પણ તેના આધારમાં જાગી શકવાનો જ નથી. શ્રીભગવાનના ભાવને અનુભવવા જેવી પણ માનવીના મનની ભૂમિકા એમ ને એમ કદી તૈયાર થઈ શકતી નથી. તેના મન સાથે અને સ્વભાવ સાથે તથા અનેક પ્રકારનાં એનાં વહાલાં સ્વજન સાથે તેને અનેક વાર લડવું પડે છે.

**ભગવાનની ભક્તિ**

આમ તો **જીવ**દશામાં પણ તેવું લડવાનું તો ઊપજ્યા જ કરે છે, પરંતુ તેવી રીતનાં ઊપજ્યાં કરેલાં યુદ્ધમાંથી **જીવ**નો જ્ઞાનભૂમિકામાં વિકાસ થવો કદી પણ શક્ય નથી, એટલા સારુ જે **જીવ** પોતાનાં મન અને સ્વભાવને પલટાવવાનું સમજપૂર્વકનું જ્ઞાન, પોતાનાં રોજનાં કર્મ, વહેવાર અને

સંબંધમાં ખંતપૂર્વક ચેતનાભરી જાગૃતિથી ભગવાન-ભક્તિની ધારણાએ રાખ્યા કરશે, તેના સ્વભાવમાં જરૂર ફેર-પલટો થવાનો છે. એટલું જો નક્કી છે, કે **જીવ** ઇચ્છે કે ના ઇચ્છે, તોપણ અથડામણો તો અનિવાર્ય છે, તો તેમાં તેવી જ્ઞાનપૂર્વકની સમજણ રાખવાનું તે કેમ નહિ કરતો હોય ? જે **જીવ**ના જીવનકાળમાં લાંબા ગાળા સુધી કોઈ ને કોઈ રીતે શ્રીભગવાનનો સંબંધ રહ્યા કરેલો હોય છે, તેવો **જીવ** જ જાગી શકવાનો છે. અર્જુનના જીવનમાં શ્રીકૃષ્ણ ભગવાનનો તેવો સંબંધ જોડાયેલો હતો. એ સંબંધમાં એનાં (અર્જુનનાં) જ્ઞાન, ભક્તિ અને યોગ, ધ્યાનની જીવતી ભાવના, ધારણા ભલે ન હતાં, પરંતુ એનો સ્પર્શ, એનો ભાવ, સંસ્કાર અને એનું સાહચર્ય અને એનો જીવંત સંપર્ક તો એને હતાં જ. તે સંસ્કારનાં બીજ તેના ચિત્તમાં વવાઈ ચૂક્યાં જ હતાં. શ્રીભગવાન કૃપા કરીને એવા **જીવ**ને એની અનેક પ્રકારની પકડો કે ગ્રંથિઓ તોડાવવાને જીવનમાં એવી જાતના પ્રસંગો સંપડાવ્યા કરે છે અને એવા ધન્ય પ્રસંગ વેળાએ જે **જીવ** પ્રભુનો હાથ જુએ છે તે જ **જીવ** ભાગ્યશાળી છે. એવો **જીવ** ચેતેલો છે એમ સમજવું.

### ભક્તિની ઊણપ

શ્રીભગવાન એવા **જીવ**ના અનેક પ્રસંગોમાં રહેલા હોય છે, તેને કૃપા કરીને જગાડવા, ચેતવવા, અવનવા પ્રસંગો આપે છે અને એવા અનુભવ પણ કરાવે છે, પરંતુ હજુ ભક્તિના ભાવથી જે **જીવ**ની મનોભૂમિકા આર્દ્ર બનેલી નથી, તે **જીવ**ના આધારમાં તેવા અનુભવો થતા હોવા છતાં, તેનો

ઉઠાવ, છાપ કે અસર પૂરતાં પડી શકતાં નથી. જીવનના પ્રત્યેક વહેવાર, સંબંધમાં જે **જીવ** શ્રીભગવાનની ભાવનાને હેતુપૂર્વક જોડ્યા કરે છે અને એવી વેળા જે **જીવ**નું મન શ્રીભગવાનની ભક્તિમાં રમ્યા કરે છે, અથવા એવો જેને અભ્યાસ છે અને હૃદયની જેને ઉત્કંઠ એવી ઝંખના છે, તે **જીવ** શ્રીભગવાનને સર્વ ભાવે અને સર્વ રીતે, સર્વશ્રેષ્ઠ, સર્વસમર્થ માનીને એને જ શરણે દોડ્યો જશે. જીવનના રોજના વહેવારમાં પણ કોઈ પણ મોટા ગણાતા સજ્જનનો સંબંધ આપણા ખપમાં આવે છે, તો જ્ઞાન-ભક્તિ-યોગ-ભાવનાથી કરી શ્રીભગવાનનો સંબંધ જે **જીવ** કેળવે છે, તે તો કેમ કરી ફોગટ થઈ શકે ? આપણે જ શ્રીભગવાનને હડસેલી મૂકીએ છીએ અને ઘણીયે વેળા તેનો સ્પષ્ટ ઈન્કાર પણ કરીએ છીએ. **જીવ** એના પર શ્રદ્ધાવિશ્વાસ રાખતો નથી, પણ **એ** તો રાખે છે જ. **જીવ** એને ઘણાયે અન્યાયો કરે છે, એના અસ્તિત્વને પણ તે સ્વીકારતો નથી. તેમ છતાં તે **જીવ**ને અવગણતો નથી. **જીવ** એને અવગણે છે, પરંતુ એવું હોવા છતાં પણ **જીવ** જ્યારે એને પ્રેમભક્તિભાવે યાદ કરે છે, ત્યારે તે આવ્યા વિના પણ રહેતો નથી. અર્જુનના જીવનમાં એવું ઘણીયે વેળા બન્યું હશે અને એને જીવનજ્ઞાન પ્રેરાવવા કાજે કુરુક્ષેત્રનું યુદ્ધ યોજાયેલું છે. એમ તો સર્વ કોઈને પ્રકૃતિથી પ્રેરાઈ યુદ્ધમાં જોડાવું જ પડે છે અને એવી રીતે અનેક વાર તે યુદ્ધમાં જોડાયેલો છે, કિંતુ યુદ્ધ એ શ્રીભગવાનના વિશ્વની સકળ રચનામાં સંકળાયેલું સ્વયંભૂ એક વિધાન છે, તેનું ત્યારે તેને જ્ઞાન થયેલું કે જાગેલું રહ્યા કરતું હોતું નથી.

કુરુક્ષેત્રના મેદાનમાં અત્યાર સુધી અર્જુને કરેલા દૃઢતા-પૂર્વકના સંકલ્પો અને એના કર્તવ્યનું ધર્મ્ય જ્ઞાન તે વેળા ક્યાંયે ઊડી ગયાં હતાં. યુદ્ધના પોતાના મનથી ઊપજાવેલાં સ્વરૂપને તથા મનથી કલ્પેલા એના નવા પરિણામને નિહાળી તેના મનમાં વિચાર જાગે છે, કે શું ત્યારે અત્યાર સુધીની પોતાની બધી પ્રવૃત્તિ અધર્મથી પ્રેરાયા કરેલી હતી ? તેને સમજાતું નથી કે ખરું શું અને ખોટું શું ? પોતાની સામે ઊભા થયેલા યુદ્ધમાં પોતાના મનથી કલ્પેલા અધર્મનું ભાન એને જાગે છે, ત્યારે એનો ત્યાગ કરવાને તત્પર બને છે ખરો, પરંતુ મન અને વિચારની કઈ અને કેવા પ્રકારની ભૂમિકા પરથી યુદ્ધનો પોતે ત્યાગ કરવાને તૈયાર થયો છે, તેનો તેને જ્ઞાનયુક્ત ખ્યાલ જન્મ્યો નથી. પોતે કર્મમાત્રનો ત્યાગ કરવાને, અથવા તો પોતાનાં સર્વ પાપના પ્રાયશ્ચિત્તરૂપે સામા પક્ષના શસ્ત્રના આઘાતથી પ્રાણત્યાગ માટે પણ તત્પર બને છે. તે પોતે વિચારે છે, કે આ યુદ્ધને આવા સ્વરૂપમાં પ્રગટાવનાર, આવી સ્થિતિ ઉત્પન્ન કરનાર અને તેનો સ્વીકાર કરનાર તે પોતે હતો અને છે, તો એનો સ્વતંત્રતાપૂર્વક નકાર કરનાર પણ પોતે જ હોઈ શકે. તેથી સામે આવી પડેલાં યુદ્ધમાં જ્યારે પોતાનું મન ગોઠતું નથી, ત્યારે તેનો ત્યાગ કરવામાં પણ પોતે સંપૂર્ણ રીતે સ્વતંત્ર છે એમ પણ તે મનમાં માને છે, પરંતુ આ તેનું નર્યું અજ્ઞાન છે. જીવનમાં મળતાં સર્વ પ્રસંગો, પરિસ્થિતિ, કર્મ, વહેવાર, સંબંધ આદિથી **જીવ** કદી પણ અળગો થઈ શકતો નથી. તેના પૂર્વજીવનની રચનાનાં અને પુનર્જીવનની રચનાનાં તે બધાં અંગ છે, સાંકળરૂપ છે. જેમ શરીરનાં આંખ, કાન,

હાથ, પગ વગેરે સ્થૂળ અંગો શરીરથી જુદાં નથી, તેમ ઉપર જણાવ્યું તે સર્વ માનવજીવનની સાથે ગાઢ રીતે સંકળાયેલાં છે. કોઈ એને પોતા સાથે કશો સંબંધ નથી એમ ગણી ત્યાગ કરે તોપણ તે બધું એનામાં સૂક્ષ્મપણે સંસ્કારની દશામાં રહેતું હોય છે જ. એટલે સાચી રીતે તો તે બધાંથી મુક્ત નથી.

**વિશ્વની રચનાનો હેતુ**

સમસ્ત વિશ્વ અને સંસાર ભગવાનનાં છે, કારણ કે એની ચેતનાશક્તિ જ સમસ્ત સંસારની બધી ક્રિયાઓની સંયોજક, નિયોજક, વિયોજક, વિધાતા અને નિયંતા છે. બધા માનવી, બધા જ પ્રકારના **જીવો**, તેની સૂક્ષ્મ ગૂઢ રચનાની એક સળંગ અને સમગ્ર સાંકળરૂપે જ છે, તેથી કોઈ પણ પોતપોતાના આંકડાથી વિમુખ બની શકતો નથી. શ્રીભગવાન પોતાની મોહમાયાથી **જીવ**માત્રને ભમાવે છે. સમસ્ત વિશ્વનો રચનાવિકાસ અને તેના ગૂઢ દિવ્ય હેતુને, પ્રભુના દિવ્ય સંકલ્પને, મૂર્ત સ્વરૂપ આપવા બિચારો **જીવ** તો પૂતળાંની જેમ બસ એકમાત્ર નિમિત્તરૂપે જ વર્તે છે. આ મહાન તત્ત્વજ્ઞાન અર્જુનના હૃદયમાં ઊતરી શક્યું ન હતું. અર્જુન ભ્રમમાં પડેલો હતો. હજુ એનું આવરણ દૂર થયું ન હતું. આ સંસારરૂપી સમુદ્રમાં તેના ક્ષણજીવી તરંગોમાં આમથી તેમ અફળાતો-ફેંકાતો દરેક માયામુગ્ધ **જીવ** કોઈ ને કોઈ આવી જ જાતની ભ્રમણામાં પડેલો હોય છે, કિંતુ સામાન્ય **જીવ**માં અને અર્જુનમાં ફેર માત્ર એ છે, કે તેને શ્રીભગવાનનો સંબંધ કોઈ ને કોઈ પ્રકારે જીવનમાં રહ્યા કરેલો છે. શ્રીકૃષ્ણ

ભગવાન અર્જુનને પોતાનો ભક્ત બનાવવા ચાહે છે. તે જ્યારે કૃપા કરે છે, ત્યારે તેની કૃપાનો પાર રહેતો નથી. પોતે પોતાને પ્રગટ કરીને અર્જુનને તે વેળાએ દિવ્ય અંતર્દષ્ટિ આપે છે. એને સ્પષ્ટપણે અનુભવ કરાવે છે, કે આ સકળ સંસારનો કર્તા મનુષ્ય નથી, એટલું જ નહિ, પરંતુ માનવીમાત્રનાં સકળ કર્મો તેમની સ્વતંત્ર ઇચ્છાથી, શક્તિથી કે બુદ્ધિથી નથી બનતાં, પરંતુ તેમની પ્રકૃતિમાં પ્રેરાઈ રહેલી ચેતનાશક્તિને આધારે તે તે સઘળું થયા કરતું હોય છે, પણ માનવી તેમાં પોતાપણાનું અભિમાન રાખ્યા કરતો હોય છે, એટલે તેમાં તે વધારે ને વધારે જકડાતો જાય છે. આ સંસારનાં ક્ષેત્રમાં સર્વત્ર જે અનેક પ્રકારનાં યુદ્ધ ખેલાઈ રહેલાં છે, તે એની મેળે કદી પણ ઉદ્ભવતાં હોતાં નથી. જે જાતની શક્તિસામર્થ્યવાળી પરિસ્થિતિમાં **જીવ** હોય છે, તે પ્રમાણે એનું કર્મ રચાતું હોય છે અને તે પ્રમાણે જ આ સંસારનાં યુદ્ધક્ષેત્રમાં એને પ્રવૃત્ત થવાને યોજાવું પડે છે. સર્વ કોઈના જીવનમાં તેના જીવનવહેણનો પટ નિશ્ચિત થયેલો હોય છે અને પ્રત્યેક **જીવ**ને પોતાના જીવનમાં એને એ રીતે વ્યક્ત કરવો પડે છે.

'તો પછી માનવી **જીવ**ને પોતાના વિશે સ્વતંત્રતા જેવું ભાન ઊઠ્યા કરે છે તેનું શું ?' એમ સહેજે મનમાં પ્રશ્ન ઊઠે. જમીન પર વરસાદ પડતાં લીલા અંકુરો ફૂટી નીકળે છે. એમાં જમીનમાં તે લીલોતરીનું ચેતનબીજ અંતર્ગત હતું જ, અને તેને માટી સાથે વરસાદનો સ્પર્શ થતાં તે ઊગી નીકળ્યું. જનસમાજનું અવલોકન કરતાં જણાશે કે કેટલાકમાં, દા.ત., સંગીતની વિદ્યાકળા ખૂબ વિકસેલી હોય છે. સાધારણ રીતે

તેવો સંગીતકાર પોતે અને બીજાં બધાં માને છે, કે તે અમુક ઉસ્તાદ પાસે શીખ્યો અને આટલાં વર્ષો મહેનત કરી, તેથી એવો પ્રવીણ થઈ શક્યો, પણ એનામાં સંગીતને ઝીલવાની અને એ વિદ્યાકળાનો વિકાસ કરે એવી અંતર્ગત ચેતનાશક્તિ જ ના હોત તો ? - એનામાં સંગીતશક્તિ બીજરૂપે પડી રહેલી ના હોત તો ? એટલે એનામાં પહેલેથી જ એવું 'કંઈક' હતું, કે જે સંજોગો મળતાં આપોઆપ બહાર ખીલી નીકળ્યું. એવી રીતે દરેક ક્ષેત્રમાં માનવીનું વ્યક્ત થવું થાય છે, કેમ કે માનવીની રચનામાં જ કંઈક એવું છે, કે જે વ્યક્ત થાય છે. એમાં કંઈ તે વ્યક્તિની સ્વતંત્રતા નથી.

માટી જો એમ સમજે, કે મેં મારામાંથી ઝાડ કે વનસ્પતિ ઊપજાવી તો તે અયોગ્ય છે. માટીમાં જ કંઈ એવું તત્ત્વ રહેલું છે, કે જે વરસાદ, તાપ વગેરે સંજોગો મળતાં વનસ્પતિરૂપે વ્યક્ત થાય. જો એમ ના હોત તો અળસિયાં વગેરે જીવોની ઉત્પત્તિ માટીમાંથી કેમ થાય ?

તેવી જ રીતે અવકાશમાં કે આકાશમાં પણ નિહારિકા અને તેમાંથી તારાની ઉત્પત્તિ થાય છે, કેમ કે આકાશમાં જ એવું કંઈક છે, કે જે એવી રીતે છેવટે વ્યક્ત થાય છે. એક નાના સરખા અણુમાં એક આખા શહેરનો વિનાશ કરવાની અંતર્ગત શક્તિ છે અને તે પણ સંજોગો મળતાં તેનું આપોઆપ એવું વિનાશકારક તત્ત્વ બની શકે છે, એ તો આપણી માહિતીની વાત છે.

નદીનો પ્રવાહ પણ એવી જ રીતે અંતર્ગત કંઈક વ્યક્ત થવાથી થાય છે. પાણીનો ગુણ જ એવો છે, કે તે નીચાણવાળા

ભાગે વહી જાય, એટલે આપોઆપ રેલો થાય છે અને ઘણા રેલા મળતાં નદી થાય છે.

**બાળકેળવણી**

જો બાળકમાં કંઈક અંતર્ગત એવું ના હોત, કે જેથી તે મોટું થઈ શકે, તો પછી માનવજાતિની હયાતી જ ના હોત. માના પેટમાં, જ્યારે એને 'બાળક' પણ ના કહેવાય, એવી સ્થિતિમાં પણ, એના સહજ સ્વભાવથી એની અભિવ્યક્તિ થયા કરે છે. અંગ્રેજીમાં કેળવણી માટે 'ઍડ્યુકેશન' શબ્દ છે. તેનું મૂળ લૅટિન ભાષાના બે શબ્દો છે. ઈ એટલે બહાર, ડ્યુકો એટલે હું ખેંચું છું. આમ, ઍડ્યુકેશન એટલે અંદર હોય તે બહાર ખેંચી આણવું. કેળવણી કંઈ નવું જ તત્ત્વ બાળકમાં જેનું બીજ જ ના હોય તેવું તત્ત્વ બહારથી આણતી નથી. માત્ર બાળકમાં જે અંદર રહેલું જ છે, તેને તે બહાર ખેંચી આણે છે અને વ્યક્ત કરાવે છે.

**માનવી સ્વતંત્ર નથી**

આમ, સર્વ કંઈની રચનાનાં મૂળમાં જ એવું કશુંક રહેલું છે, કે જેનાથી કરી સર્વ કાંઈ વ્યક્ત થયા કરે છે અને કર્મમાં પ્રવેશે છે, અને નવું નવું રૂપાંતર પામે છે. એને તે પોતાની સ્વતંત્રતા છે એમ સમજે છે.

શ્રીભગવાનની ચેતનાશક્તિ બધાંમાં રહેલી છે, તે વ્યક્ત થયા કરવાની જ. એ વ્યક્ત થવાની ક્રિયા પણ તેના અંતરમાં અને તેની રચનામાં અંતર્ગૂઢ રહેલી જ છે. તેવી જ રીતે પ્રત્યેક માનવ **જીવ**ની પ્રકૃતિની અંદર પોતાની વિચારશક્તિરૂપે ઇચ્છાશક્તિને સૂક્ષ્મપણે સંગ્રહી રાખેલી હોય છે, એને લીધે

જ માનવીને પોતાની સ્વતંત્રતાનું ભાન તે કર્મક્ષેત્રની મર્યાદા પૂરતું થતું હોય છે. માનવી **જીવ** જો ખરેખર સ્વતંત્ર હોય, તો એના જીવનનાં સર્વ પાસાંમાં તે પોતાના ધાર્યા પ્રમાણે જ વર્તવા શક્તિમાન હોવો ઘટે. માનવી પોતાના ઘરની મર્યાદામાં જ સ્વતંત્ર છે, મર્યાદા બહાર સ્વતંત્ર નથી અને પોતાના ઘરમાં પણ તે તદ્દન સ્વતંત્ર તો નથી જ. ત્યાં પણ એને ઘરનાં કેટલાંય સ્વજનોની ઇચ્છાને આધીન રહેવું જ પડે છે. આમ, વિચારતાં **જીવ**ને લાગતી સ્વતંત્રતાનું ભાન પણ શ્રીભગવાને ઘડેલી માનવીની પ્રકૃતિનો જ અંશ છે. **જીવ**ને નક્કી થયેલા પોતાનાં જીવનક્ષેત્રમાં જ એવી સ્વતંત્રતાનું ભાન જાગે છે અને એવા નિશ્ચિત થયેલા સાધનક્ષેત્રમાંથી ભાગી છૂટવાની સ્વતંત્રતા માનવીને નથી. માનવી જો ખરેખર એવો સ્વતંત્ર હોત, તો પોતાની બધી ધારણાઓ ફળાવી શક્યો હોત. માનવી ધારે છે તે રીતે તેવું કશું પૂરું ફળાવી શકાતું નથી. એમ હોત તો નરસિંહ મહેતાના ગાવા પ્રમાણે, સૌ કોઈ શત્રુ મારીને મિત્ર જ રાખત અને ભવન પર છત્ર દાખવત. જીવનમાં સદ્ભાવના કેળવી કેળવીને **જીવ**માત્ર પ્રત્યે જે **જીવ** પ્રેમભાવ જ રાખે છે, તે પણ સંપૂર્ણ સ્વતંત્ર નથી. એને પણ ઊંધી રીતે જોનારા અને સમજનારા **જીવો** હોય છે, એટલે બુદ્ધિથી વિચારતાં માનવી કોઈ રીતે સ્વતંત્ર નથી.

**જીવનસંગ્રામમાંથી મુક્ત**

માનવી જો પોતાની વિચારશક્તિ, ઇચ્છાશક્તિ, બુદ્ધિશક્તિ અને ચિત્શક્તિને યોગ્ય રીતે કેળવીને, ખીલવીને, ઉપરનું તત્ત્વજ્ઞાન સમજી લે અને શ્રીભગવાને નિર્મેલી

વિશ્વરચનાના સાધન સંગ્રામમમાં શ્રીભગવાને જ આપેલાં શક્તિ અને સામર્થ્ય પૂરેપૂરાં અજમાવે, કર્મના કર્તૃત્વની અને એનાં ફળની આકાંક્ષા અને કામનાની પૂરેપૂરી નિરર્થકતા મનથી સમજી લે, જે છે અને જે મળે છે અને જે મળશે, તે બધું એની પ્રસાદીરૂપ ગણી એને સ્વીકારી લે અને પોતાની પ્રકૃતિ અને અવસ્થાને યોગ્ય હૃદયની પ્રેરણાથી જીવનસાધનામાં જો લાગી જાય, તો તે જીવનસંગ્રામમમાંથી મુક્ત થઈ શકે અને તેનું જીવતર ધન્ય થઈ જાય. માનવી જો આવી રીતે જ્ઞાન-ભક્તિ-યોગ-ભાવે પોતાનું જીવન શ્રીભગવત્પ્રીત્યર્થે જ ગાળવાનું કરે, તો તેને રાગ અને દ્વેષ, સુખ અને દુઃખ, શોક અને મોહ વગેરેનું કંઈ કારણ રહેતું નથી, અને મનમાં તેવું જ્ઞાન ઊગે, તો કોઈ પણ પ્રકારનો વિષાદ જાગવાનો સંભવ પણ રહેતો નથી.

દરેક માનવી પોતાનાં કાર્યમાં કઈ રીતે દોરાય છે, તે આપણે વિચારવું જોઈશે. શ્રીહરિની અકળ અને અટળ વિશ્વરચનાના દિવ્ય ગૂઢ હેતુના ફલનાર્થે વિશ્વની પ્રકૃતિ અને **જીવ**ની પોતાની પ્રકૃતિ, એનાથી ચલાયમાન થઈને, પોતાનાં જ જીવનક્ષેત્રને અનુલક્ષીને પ્રત્યેક માનવી કર્મમાં પ્રેરાતો જતો હોય છે, કિંતુ પ્રત્યેક માનવીની વિચારશક્તિનો વિકાસ જે જે પ્રમાણે થતો જાય છે તે તે પ્રમાણે તેના આકાર પણ થતા જતા હોય છે. માનવીનું માનસ તેની રચેલી દુનિયાની મર્યાદામાં જ રમ્યા કરે છે. તેનાથી છૂટું તેનું જવું, રહેવું, ઊડવું, જીવવું, ઘણું કરીને શક્ય હોતું નથી. પ્રત્યેક માનવીને પોતપોતાનાં કર્મક્ષેત્રની મર્યાદા હોય છે. તે મર્યાદાનો વિસ્તાર પણ તે ધારે તેમ કરી શકતો નથી.

## માનવીની માનસિક દુનિયા

માનવીની માનસિક દુનિયા પણ જુદા જુદા પ્રકારની હોય છે. કોઈકની ઇંદ્રિયોની લોલુપતામાં, તો કોઈકની લૌકિક સંપત્તિમાં, તો કોઈકની દુનિયામાં માનમરતબો મેળવવામાં સમાયેલી રહ્યા કરે છે. કોઈકની સત્તાની પ્રાપ્તિમાં, કોઈકની સદ્‌ગુણ પ્રાપ્તિમાં, કોઈકની અનુયાયી મેળવવામાં અને તેમને દોરવામાં, કોઈકની સમાજ રચનાના તેમને ગમેલા ધ્યેયની પ્રાપ્તિમાં કે પોતાના કોઈ સમૂહ કે ભૌગોલિક મર્યાદાથી અંકાયેલા દેશમાં કે પોતાને મનગમતા મંતવ્યના ફેલાવામાં કે મનગમતી રીતે પોતાની કલ્પના મુજબની માનવસેવામાં, કોઈકની ભૌતિક કે માનસિક વિજ્ઞાનની કોઈ શાખાનાં લક્ષણની શોધમાં કે કલ્પનાને કે લાગણીને શબ્દનો આકાર આપવામાં, કોઈકની સ્વજનોને સહાયરૂપ કે વિઘ્નરૂપ થવામાં, વેપારઉદ્યોગ વગેરેમાં, કામક્રોધાદિ વૃત્તિઓનાં વમળમાં કે તેમાંથી કોઈ પણ એક કે વધારેના તીવ્ર અનુશીલનમાં-એવી એવી અસંખ્ય જુદી જુદી જાતની પણ તેમ છતાં સંકુચિત પટમાં સમાયેલી હોય છે.

જેવા જેવા પ્રકારની વાસના, કામના, લાલસા, આશા, ઇચ્છા, વૃત્તિ અને ભાવના છે, તેવા તેવા પ્રકારની તેવા **જીવ**ની તેવી તેવી સૃષ્ટિ નિર્માણ થતી રહે છે. **જીવ**ની જે જે પ્રકારની જે જે કામ પૂરતી વૃત્તિ રહ્યા કરે છે, તે પ્રકારે જ માનવી દોરવાયા જતો હોય છે, અને તે તે કર્મક્ષેત્રની મર્યાદામાં પોતાની શક્તિનો ઉપયોગ તે પ્રમાણે કર્યા કરે છે. તેમાંયે વળી કોઈક જ **જીવ** એવો હોય છે, કે જે પોતાની સમગ્ર શક્તિનો પૂરેપૂરો ઉપયોગ કરે છે, કિંતુ તેવાં કર્મનું ભલેને

ઉત્તમ પરિણામ આવતું હોય, તોપણ માનવી પોતાની જાતને પોતાના મનની ક્ષુદ્ર સીમાની અંદર જકડી લે છે-બાંધી રાખે છે. વિચાર તેવી સૃષ્ટિ. વિચાર કે વૃત્તિની પાર જવાને તે સમર્થ થતો નથી. અને આખરે તો એણે દ્વંદ્વની ભૂમિકા ઉપર કરેલાં કર્મોનાં તે તે જાતનાં પરિણામો તે ઇચ્છે કે ના ઇચ્છે તોપણ તેને સ્વીકારવાં જ પડે છે. **જીવ**માત્રની કર્મની ભૂમિકા પણ જુદા જુદા પ્રકારની હોય છે. જેવી ભૂમિકાનો જેવો હેતુ હોય છે, તેટલા અને તેવા પ્રમાણમાં **જીવ**ની વૃત્તિ તેવી થવાનો સંભવ રહે છે. સાંસારિક વૃત્તિમાં માત્ર જે **જીવ** ખૂંપેલો રહ્યા કરે છે અને એવી બસ એક સ્વાર્થની પરંપરામાં જે **જીવ** જકડાયેલો રહે છે, તેના કરતાં જે **જીવ** સારાયે દેશ, જાતિ કે સમાજના કલ્યાણને લક્ષમાં રાખીને - પોતાના સ્વભાવને યોગ્ય ભાવમાં વિકસાવવાને-જે કર્મ કર્યા કરે છે, તો તેવો **જીવ** પોતે પસંદ કરેલાં કર્મક્ષેત્રની ઉચ્ચતર કક્ષાને ગુણભાવને પરિણામે દૈહિક અને કૌટુંબિક વૃત્તિના ટૂંકા કૂંડાળાંમાંથી વધારે મોકળો થતો જાય છે, કિંતુ આવા ઉચ્ચ ક્ષેત્રનાં કર્મમાં પણ જે **જીવ** રાગદ્વેષની ભૂમિકાને કાયમ રાખીને જ અથવા તો તે ભૂમિકા પરથી જ જો કામ કરવાનું રાખે છે, તો તે કર્મનું ક્ષેત્ર ઊંચી ભાવનાનું હોવા છતાં સાંસારિક કર્મક્ષેત્રવાળા **જીવ**ના ગુણવિકાસમાં અને બીજાં ઊંચાં કર્મક્ષેત્રવાળા **જીવ**ના ગુણવિકાસની સ્થિતિમાં કશો ફેર પડતો નથી.

## સમાજસેવા થકી આધ્યાત્મિક ઉન્નતિ

કર્મનું ક્ષેત્ર ઊંચું હોય કે નીચું, તેના પર કર્મનાં પરિણામનો આધાર નથી, કિંતુ પોતપોતાને મળતાં જતાં

કર્મક્ષેત્રમાં માનવી પોતાના મનનો જીવતોજાગતો હેતુ કેવા પ્રકારનો રાખે છે, તેના પર કર્મનાં કનિષ્ઠ કે ઉત્તમ પરિણામનો આધાર રહે છે. દેશ, જાતિ કે સમાજના કલ્યાણમાં-સેવામાં-પડેલો માનવી **જીવ** દૈહિક કે કૌટુંબિક સંબંધોની અવગણના કરી શકે નહિ. જો તે તેમ કરે, તો તેની સેવાનો દાવો ખોટો ઠરે. પોતાને મળતાં જતાં કર્મક્ષેત્રમાં પોતાના જીવનઆદર્શનો હંમેશાં જે સુમેળ સાધવાને હૃદયની ચેતનાભરી ઉત્કટ જાગૃતિથી એકધારો પ્રયત્નશીલ રહે છે, તે માનવીનું નૈતિક અને આધ્યાત્મિક જીવન ઉન્નત બનતું જાય છે. તે તે કર્મ કરવાના સમયે જો તે માનવીના અંતઃકરણનું વલણ તેના જીવનધ્યેયને અનુરૂપ હોય અને તે સાથે સાથે તેને યોગ્ય જીવતીજાગતી ધારણા તેમાં (કર્મમાં) એ રાખ્યા કરે, તો એનાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહં નિર્મળ થતાં જાય છે, કારણ કે કર્મનાં ફળનો, કઈ કઈ ભૂમિકા પર એ બન્યા કરે છે એના પર સકળ આધાર રહે છે. જે માનવી પોતાની ક્ષુદ્ર વાસનાઓને-સ્વાર્થને છોડી એકમાત્ર પારમાર્થિક જીવન સતત એકધારું ગાળવાનું કરે છે, તે સાપેક્ષ રીતે ઉચ્ચ જીવનનો અધિકારી બને છે ખરો, પરંતુ તે તે ક્ષેત્રનાં થતાં તે તે કર્મથી, જો તેની માનસિક ભૂમિકામાં મૂળભૂત ફેરફારો થયા કરતા, અથવા પોતાના જીવનનો સર્વાંગી વિકાસ થતો તે ના અનુભવી શકે, તો તેના ધ્યેયની તમન્નામાં અને તેના આચરણની ભાવનામાં ક્યાંક વિસંવાદ છે, તે વાત નક્કી. જ્યાં વિસંવાદ ત્યાં અશાંતિ. જ્યાં અશાંતિ ત્યાં વિકાસની રૂંધામણ. એવી રીતે જે કર્મક્ષેત્રની આંતરિક પ્રવૃત્તિમાં તટસ્થતાથી, નિરપેક્ષપણે પોતે પોતાને જોતો રહે છે, તે

પરમાર્થપ્રાપ્તિના માર્ગમાં આગળ વધી શકે છે. કર્મ કરતી પળે માનવીનું મન કેવા કેવા તુક્કા ઉઠાવે છે અને કેવી કેવી રીતે તેમાં પ્રેરાતું હોય છે, તે તેણે જાણવું જ પડશે. ત્યાં પણ યુદ્ધ જ થતું હોય છે. તેવું યુદ્ધ જ્ઞાન-ભક્તિ-યોગ યોગ્ય સમજપૂર્વક ખેલ્યા કરવાનું જે રાખે છે, તે **જીવ**નો ભાવના વિસ્તાર પણ થતો જ રહે છે. અનેક પ્રકારની ક્ષુદ્ર મર્યાદાઓમાંથી પોતે મુક્ત થતો જતો તે પોતાને અનુભવશે. મનુષ્ય એકમાત્ર શ્રીભગવાનની સેવારૂપ સર્વોત્તમ જીવનધ્યેયને પોતાના અંતઃકરણથી લક્ષમાં રાખી રાખીને જે જે પરિસ્થિતિ મળતી જાય, તેમાંના પોતાના સ્વધર્મને પિછાનીને યથાયોગ્ય, યથાપ્રાપ્ત આચરણ કરે, તો તે કર્મ દ્વારા જ સંસાર બંધનમાંથી પૂરેપૂરો મુક્ત થઈ શ્રીભગવાનની પ્રાપ્તિ કરી શકે છે. માનવી હૃદયની ભાવના કેટકેટલી સર્વોત્કૃષ્ટ અને કેટકેટલા પ્રમાણમાં જીવતીજાગતી કર્મ કરતી પળે રહે છે, તે પ્રમાણે કર્મનાં પરિણામનો આધાર રહે છે. તેવી રીતનાં થતાં કર્મોથી ઉત્પન્ન થતા આગલાપાછલા, કોઈ દોષ કે ગુણ બંધનકર્તા બનતા નથી. શ્રીભગવાનની ભક્તિ, જ્ઞાન અને યોગ અને ધ્યાનની એકાગ્ર, કેંદ્રિત અને સમગ્ર હૃદયની ભાવનાથી આદરાયેલા અને તેવા જીવનઆદર્શના સ્વધર્મથી અનુષ્ઠાતાં કર્મોમાંથી કશું ઊંધું નીપજી શકતું નથી. ઊંધા જેવું દેખાય, છતાં તેનું પરિણામ તો શ્રીભગવદ્‌ભાવનાની પરમ કલ્યાણની સ્થિતિમાં જ પરિણમે છે, તે વાત નક્કી છે.

જીવનની તેવા પ્રકારની સાધનાનાં કર્મોમાં હૃદયમાં સુમેળ જાગેલો અને જામેલો હશે, છતાં તેવાં કર્મોનાં બાહ્ય સ્વરૂપમાં

કદીક સાત્ત્વિક ઉગ્રતા પણ આવી જવાનો પૂરેપૂરો સંભવ છે. ત્યાં પણ યુદ્ધ જ રહેલું છે. એવાં કર્મનાં ક્ષેત્રમાં ભગવાન બ્રહ્માનું સર્જન પણ હોય, શ્રીભગવાન વિષ્ણુનું રક્ષણ અને પોષણ પણ હોય અને શ્રીભગવાન શંકરનું વિનાશકારી તાંડવ પણ હોય, પરંતુ કશુંક ઉપરથી દેખાતું હોય, તે પરથી કશાનો ખ્યાલ બાંધી લેવો તે જ્ઞાનયુક્ત નથી. જેની અંતરની ભૂમિકા તદ્દન શાંતિવાળી અને પ્રેમભાવથી અવિચ્છિન્નપણે સંપૂર્ણ એકતાના આનંદભાવવાળી હોય છે, તેનાં કર્મના આકાર પ્રકાર સામાન્ય માનવ **જીવ** કરતાં કોઈ જુદા જ પ્રકારના હોવા જોઈએ એવું અનુમાન સ્થૂળ રીતે પૂરેપૂરું સાચું નથી. તેવા કેટલાકની બાબતમાં સ્થૂળ રીતે તેમનાં કર્મનો આકાર અને પ્રકાર જુદો પણ હોય છે, તેમ જ વળી જીવનની સાધનાની સર્વોત્કૃષ્ટ દશામાં પણ તે તે સમયના યુદ્ધની ભયંકરતા જુદી જુદી હોય છે. તેવી દેખીતી ભયંકરતા છે, એ નરી સ્થૂળ ભયંકરતા છે, એમ માનવું એ ભ્રમજનક છે. આધ્યાત્મિક જીવનની સાધનાની ભૂમિકાનો પ્રકાર પણ બદલાતો જતો હોય છે. જેમ જેમ ભૂમિકા બદલાય, તેમ તેમ આકાર અને પ્રકાર પણ બદલાય.

### સાધક અને સંસારીનાં કર્મ અને પરિણામ

એક કર્મ જે સંસારી ઘરેડમાં પડેલો માનવી કરે, તેનું તે જ કર્મ સર્વોત્કૃષ્ટ કક્ષામાં પહોંચેલો આધ્યાત્મિક જીવન-સાધનાવાળો **જીવ** કરે તે બંનેમાં, કર્મ એક હોવા છતાં તેમના બંનેની આંતરિક મનો-ભાવનામાં સ્પષ્ટ ફેર હોય છે. પહેલો **જીવ** વાસનાથી ભરપૂર છે, જ્યારે બીજો સાત્ત્વિક જીવનના માધુર્યથી

ભરપૂર હોય છે. કોઈ પણ માનવી પોતાની આવી પડેલી પરિસ્થિતિમાંથી ભાગી જઈ કદી પણ છુટકારો મેળવી શકતો નથી. દેખીતી રીતે કોઈ તેવો છુટકારો મેળવે છે, તો કંઈ તે પરિસ્થિતિનાં તે કર્મના વિચાર કે તે કર્મની સુખદુઃખાદિ વૃત્તિ તેને કદી છોડી શકતી નથી. જે માનવી જે જાતની પરિસ્થિતિમાં આવી પડ્યો હોય તેમાં તેને તે પ્રમાણે જોડાવું જ પડે છે. 'જોડાવું' પડવાના અર્થમાં જ સંગ્રામ રહેલો છે. આવા સંગ્રામમાંથી મુક્ત થવાનો એકમાત્ર રામબાણ ઉપાય અંતરથી અંતરમાં શ્રીભગવાનને આપણા જીવનરથનો સારથિ બનાવી દઈને, ભાવનાથી તેને ભાવનામાં દૃઢપણે સ્થાપન કરીને જીવનનાં સર્વ કર્મોમાં, આદિ, મધ્ય અને અંતમાં, તેને તેના સંચાલકના ભાવમાં અને રૂપમાં નીરખ્યા કરી અને તેનાં ચરણકમળમાં સર્વ ભાવે અને સર્વ રીતે આત્મસમર્પણ કરવામાં જ રહેલો છે. શ્રીભગવાન દ્વારા મળેલા સંસારક્ષેત્રની મર્યાદામાં અને એ મર્યાદાના વિસ્તારમાં પણ તેણે કૃપા કરીને આપેલા શક્તિસામર્થ્યનો તેની જ જીવન ભાવનાને અર્થે હૃદયથી જ્ઞાન-ભક્તિ-યોગ-ધ્યાનપૂર્વક ઉપયોગ કર્યા કરી, તેના અટળ વિધાન અનુસાર મળતાં જતાં સંગ્રામના અંતર્બાહ્ય રૂપમાં જ્યારે જ્યારે જે પ્રકારનું જે કંઈ ઉદ્‌ભવ્યા કરે એનો હૃદયથી સત્કાર કરવો જ પડશે, એટલું જ નહિ, પરંતુ જીવનની દિવ્ય ઉચ્ચતમ ભૂમિકાઓ પર આરોહણ કરાવવા, તેનામાં પ્રભુતા પ્રગટાવવા, જીવનના આદર્શને તેજસ્વી રાખીને જીવનની સાધનાને વધારે પ્રજ્વલિતપણે તેનાં એક પછી એક ઊંચાં શિખરો કુદાવતી આપણે કરવી જ પડશે.

## બધા ધર્મો છોડીને તું મારે શરણે આવ-શ્રીકૃષ્ણ

જીવનમાં જ્ઞાન-ભક્તિ-યોગપૂર્વક શ્રીભગવાનનાં યંત્ર બનવાને માટે અથવા તો જીવનની તે તે અવસ્થા પછીની સ્થિતિમાં, તેવા ભાવનું સ્વરૂપ જીવતું રહે તે કાજે, તે તે ભૂમિકાઓમાં પણ યુદ્ધ આવવાનું જ. તે યુદ્ધ વળી જુદી જ તરેહનું હોય છે, કિંતુ જીવનની ઉચ્ચતર અને દિવ્ય થતી જતી ભૂમિકાઓમાં યુદ્ધની મથામણ પણ સૂક્ષ્મ, સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમ થતી જાય છે. જીવનની જે પ્રકારની ભૂમિકા પર પોતે ઊભો હોય, તે પ્રકારના હેતુની સમજણથી તેને ઓળખવાનું કે સમજવાનું બહુ ઓછા **જીવ**થી બની શકે છે. અર્જુન સાથે શ્રીકૃષ્ણ ભગવાન ઘણો સમય રહેલા છે, છતાં તે તેમને પૂરા ઓળખી શક્યો નથી, પરંતુ શ્રીભગવાન તેને કૃપા કરીને અંતર્દષ્ટિ આપે છે અને તેને સકળ જગતમાત્ર મૃત્યુના જડબામાં પળેપળ જકડાયેલું દેખાય છે, એવો પ્રત્યક્ષ અનુભવ હૃદયમાં કરાવે છે, ત્યારે જ તેની ભ્રમણા ભાંગે છે અને પોતે શ્રીકૃષ્ણ ભગવાનને 'હે કૃષ્ણ ! હે સખા !' એમ કહી સંબોધેલા, તે કેટલું બધું અજુગતું હતું એ એને સૂઝે છે અને એવા વર્તનનો એને હૃદયમાં આઘાત પણ થાય છે. એવા સંવેદનથી એનું હૃદય ગદ્ગદ બની જાય છે અને તે શ્રીકૃષ્ણની ક્ષમા માગે છે. જીવનની તેવી પળે જ શ્રીભગવાનની શરણાગતિનું માનવીને ભાન પ્રગટે છે. જ્યારે માનવી પોતાનાં **જીવ** કરણોના સ્વધર્મ છોડી શ્રીભગવાનને શરણે જાય છે, ત્યારે શ્રીભગવાન એને એનાં બધાં પાપોમાંથી મુક્ત કરે છે. મનનો સ્વધર્મ સંકલ્પ વિકલ્પનો, બુદ્ધિનો સ્વધર્મ એને પટ આપવાનો, ચિત્તનો

સંસ્કારનો અને પ્રાણનો કામનાનો હોય છે, અને **अहं** તે બધાંને તે વૃત્તિ અનુસાર ગતિમાં પ્રેરે છે. આ અને તેનાથી પણ બીજાં સૂક્ષ્મ કરણોના સ્વધર્મને જે **જીવ** સંપૂર્ણપણે છોડી દે છે, તેને કર્મબંધન નથી, જેને કર્મબંધન નથી, તેને યુદ્ધ પણ નથી. 'સર્વધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ.' અહીં 'બધા ધર્મો છોડીને' એવું સૂચન શ્રીભગવાન અર્જુનને કરે છે. માનવી **જીવ**થી એવા ધર્મો કંઈ એમ ને એમ છૂટી શકતા નથી, એટલે જે **જીવ**ને એ બાબતની ધગધગતી તમન્ના લાગેલી છે, તેને તેના આધારનાં કરણોના તેવા તેવા પ્રકૃતિજન્ય ધર્મોથી મોકળા થવા કાજે ઝૂઝવું જ પડે છે. આવા ધર્મોને છોડવા એ મહાન ભગીરથ કાર્ય છે, એવું કેટલાકનું કહેવું છે અને માનવું છે, કિંતુ જીવનના ધ્યેય માટે હૃદયની તાલાવેલી જેને લાગેલી છે, તેવા મનુષ્યને ધ્યેય પરત્વેની ચેતનાભરી જાગૃતિ રહે છે જ. જેને એવી જીવતી જાગૃતિ રહે છે, તેવાને માટે પોતાનાં કરણોના પ્રકૃતિજન્ય ધર્મો છોડવા, એ અઘરું બનતું નથી.

**સાધકની ધ્યેય પરત્વેની જાગૃતિ**

કોઈ મોટા વેપારીને ત્યાં ભારે રકમનો સોદો કરવા કોઈ ઘરાક આવે છે, તેનું વર્તન, તેની રીતભાત, પહેરવેશ અને હલનચલન, એટલાં બધાં વિચિત્ર અને બેહૂદાં હોય છે કે તે ઘૃણાને પાત્ર લાગે અને મનમાં સહેજે ક્રોધ ઉદ્‌ભવે, પરંતુ વેપારીના મનમાં 'ક્રોધ કરીશ તો આવડો મોટો સોદો બગડી જશે' અને થવાના સોદાની સાથે પેલાની બધી વિચિત્રતા અને બેહૂદાપણાને કશો સંબંધ નથી, એવી મનમાં સમજ રહેતી હોવાથી તે ક્રોધને ઊગવા દેતો નથી. આ હકીકત બરાબર

સમજી શકાય તેવી છે. ઘરાક એવો હતો, કે સ્વાભાવિક ક્રોધ ચડે, પરંતુ વેપારીના દિલમાં સોદો બગડી જવાની જાગૃતિ રહેતી હોવાથી ક્રોધને નિવારી શકવામાં એને જરાકે મુશ્કેલી પડતી નથી. આ ઉપરથી સમજી શકાશે કે સાધકના હૃદયમાં જો પોતાના જીવનધ્યેયની ચેતનાભરી અખંડ જાગૃતિ હોય, તો બધા પ્રકૃતિધર્મો છોડવાનું તેને માટે જરાકે મુશ્કેલ નથી. સાધકનું પોતાના જીવનધ્યેય પરત્વેનું, પોતાના આધારનાં બધાં કરણોનું, ધ્યેયને યોગ્ય જ્ઞાન-ભક્તિ-યોગની ભાવનાવાળું વલણ રહ્યા કરે, તો શ્રીભગવાને તેને બધાં પાપોમાંથી મુક્ત કરવાનું અભય વચન આપી રાખ્યું છે. અજ્ઞાની કે જ્ઞાની, સર્વ કોઈના જીવનમાં, જીવનની સર્વ પ્રકારની ભૂમિકા પર યુદ્ધ તો રહેલું જ છે, અને એ યુદ્ધનો માનવી જે રીતે સ્વીકાર કરે છે અને જે હેતુથી અને જે ભાવનાથી તેમાં પોતે પરોવાય છે, તેના પર એના જીવન વિકાસનો આધાર રહેતો હોય છે. યુદ્ધ વિના મંથન નહિ, મંથન વિના કશાનો ઉકેલ નથી.

આમ, યુદ્ધથી જ જીવનનું વિકસન અને ઊર્ધ્વારોહણ થતું હોય છે. એ કારણે શ્રીભગવાને અર્જુનને યુદ્ધનાં ક્ષેત્ર પર બોધ આપ્યો છે, તેનું રહસ્ય કેવું ગૂઢ છે અને તે કેટકેટલો યથાર્થ છે !

**॥ હરિઃૐ ॥**

॥ હરિઃૐ ॥

# સૂચિ


અર્જુન-૧, ૨૮, ૩૬, ૫૦, ૫૫, ૬૯...
અધર્મનું ભાન-૫૪
અધોગામી પ્રવૃત્તિ-૧૦
-વલણ-૪૨
અથડામણથી જન્મ-૩
અથડામણો અનિવાર્ય-૫૨
અજ્ઞાની માનવી-૧૨
અંતરમાં અંતર્યામી સારથિરૂપ-૪૬
અંતર્ગત ચેતનાશક્તિ-૫૭
-સાધના-૬
અંતર્યામી નટખટ ખેલાડી-૪૭
આવરણ દૂર કરવા-૩૨
આંતરપ્રેરણા-૩
આંતરિક જીવન-૧૮
-મનોભાવના-૬૫
ઐહિક અને પારલૌકિક કર્મ-૪૯
ઊર્ધ્વમુખી ભાવના-૪૬
કર્તવ્યનું પરિણામ-૫
કર્મનાં પરિણામનો આધાર-૬૪
-ની ભૂમિકા-૬૨
-નું ક્ષેત્ર-૬૨
કર્મક્ષેત્રે-પ્રભુની પ્રસાદી-૪૦
-ની મર્યાદા-૬૦
કાર્પણ્યદોષ (લાચારી)-૯૨
કામના-વાસનાઓનો વેગ-૪૨
કિંકર્તવ્યમૂઢ (મુંઝાયેલું)-૨૭, ૪૯
કુદરતી શક્તિ-૧૨
કુરુક્ષેત્ર-૨૩, ૨૫, ૪૯, ૫૩
કૌરવો-૫૦
ગતિ-અથડામણથી-૬
ગૂઢ ચેતનાશક્તિ-૨
ઘોર અધર્મ-૪૯
ચેતનાભરી જાગૃતિ-૬૩, ૬૮
જીવતાં સ્વજનો-૨૧
જીવતો ચોકીપહેરો-૧૧
જીવનનો આધાર સંગ્રામથી-૬
-રથનો સારથિ-૬૬
-વહેણનો પટ-૫૨, ૫૬
-સંગ્રામમાંથી મુક્ત-૬૦
-સારથિ-૪૫
ઝંખના-ઉન્માદકારી-૨૪
-કામના યુક્ત-૨૪
તત્ત્વજ્ઞાનનો ઉપદેશ-૧, ૭
દિવ્ય ચેતનાશક્તિ-૪૭
-સમર્પણ-૧૪
-દૃષ્ટિ-૩૪
દ્વંદ્વની રચના-૧૭

દ્વંદ્વોનાં જોડકાં-૧૭, ૧૮
દ્વિમુખી ગતિ-૧૧
દ્રોણાચાર્ય-૨૬
ધ્યેયપ્રાપ્તિ-૩૧
-મૂર્તિમંત-૩૦
નરસિંહ મહેતા-૫૯
પોતાના વિશે સ્વતંત્રતા-૫૬
પ્રકૃતિજન્ય ધર્મો-૬૮, ૬૯
પ્રકૃતિનો ખેલ-૨૦
પ્રતિકાર-૩
બ્રહ્મા-૬૫
ભીમ-૩૨
ભીષ્મપિતામહ-૨૬
ભ્રમદશા-૩૩
મતાગ્રહોનું મંથન-૧૩
મનની પ્રવૃત્તિ-૪૫
-ભૂમિકા-૩
-ક્ષુદ્ર સીમા-૬૨
-નો વિકાસ-૨
માનવજીવનનો વિકાસ-૧૪
માનવીની ટેવ-૧૩
-નું અંતર-૨૧
-નું મન-૨૦, ૨૧
માનસિક દુનિયા-૬૧
મુશ્કેલીઓનો દાવાનળ-૩૩
મૃત્યુથી હાર-૩૮
લીલોતરીનું ચેતનબીજ-૫૬
યુદ્ધ અનિચ્છાએ-૩૫
-આંતરિક-૧૨
-મરણની સામે-૩૮
-સંસારમાં-૭, ૩૯
સ્થૂળ અને સૂક્ષ્મ-૪, ૧૫
-થી ખંડન-૫
-થી મંડન-૫
-થી વિકાસ-૧, ૫ થી ૭, ૪૦, ૬૯
-નાં પરિણામોથી વિકાસ-૩૪
-ની અસર મન પર-૧૩
વિષ્ણુ-૬૫
શંકર-૬૫
સંગ્રામ અનિવાર્ય-૧૬
-ના અંતર્બાહ્ય રૂપ-૬૬
સંબંધ-સજ્જનનો-૫૩
સંસાર-યુદ્ધોની પરંપરાનું ક્ષેત્ર-૩૭
-વ્રજભૂમિ કે તપોભૂમિ-૩૯
સાત્ત્વિક જીવન-૬૫
સાધક અને સંસારી-૬૫
સાંસારિક મથામણો-૪૪
સુખદુઃખાદિ વૃત્તિ-૬૬
સૂક્ષ્મ થરો-૧૪
વિચાર-૧૩, ૧૪
-ના સંગ્રામ-૧૩
વિયોગની ભૂમિકા-૧૮

વિરહાકુલ-૪૨
વિષમ પરિસ્થિતિ-૪૯
વિજ્ઞાનના પ્રયોગ-૧૫
વ્યક્તિની સ્વતંત્રતા-૫૭
વ્યષ્ટિ તે સમષ્ટિ-૮, ૯, ૪૧
શ્રીકૃષ્ણ-૧, ૨૯, ૩૭, ૪૯, ૫૫...
શ્રીભગવાનની આસક્તિ-૩૬
-પ્રકૃતિ-૩૫
-માયા-૨૦, ૫૫
-શરણાગતિ-૬૭
-નો દિવ્ય સૂક્ષ્મ હેતુ-૧૭
-નો ભાવ-૧૫

•

# સ્મરણભાવના

(હરિગીત)

પ્રિય નામને ઉરમાં સ્મર્યા કરશું અમે બહુ પ્રેમથી,
પ્રિય નામને ઉરમાં સ્મર્યા કરશું અમે બહુ રીતથી,
પ્રિય નામને ઉરમાં સ્મર્યા કરશું અમે બહુ ખંતથી,
તુજ નામનો પ્રભુ તંત જરી ના છોડશું હરગિજ કદી.... ૧

જીવનતણા અતિશય કઠણ દારુણ ઝંઝાવાતમાં,
કે સહુ દિશે સૂઝે નહિ એવા જીવનઅંધારમાં,
જીવનતણી ચઢતી અને પડતીમહીં પળપળ સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૨

સંસારનાં કર્તવ્યમાં, વ્યવહારીઓની સાથમાં,
સહુ કામમાં, ખાતાં, પીતાં, ઊઠતાં અને વળી બોલતાં,
જે જે કંઈ કરતાં, બધાંની સાથ વર્તતાં સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૩

મુશ્કેલીમાં નડતી અમોને ને ઉપાધિમાં જગે,
ઝઘડા અને કંકાસમાં, દિલમાં થતાં સહુ દર્દમાં,
દિલની અમૂંઝણમાં અને આવી પડેલી ગૂંચમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૪

મનના વિચારોમાં અને મનની બધીયે વૃત્તિમાં,
મન વાસનામાં, પાપમાં, ચિતના બધા સંસ્કારમાં,
મનની રમત ને ગમતમાં, મનના રમણ ને વલણમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૫

અમ શરીરથી બનતી ક્રિયામાં, ઇંદ્રિયોના વિષયમાં,
અમ શરીરકેરા રોમરોમે, હૃદયકેરા લોહીમાં,
રગરગમહીં, નખશિખમહીં,ને શરીરના નવદ્વારમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૬

ખટરસતણા સહુ સ્વાદમાં, મીઠી મીઠી બધી વાસમાં,
ઉર ચેતનામાં, બુદ્ધિમાં, ચિત પ્રેરણામહીં, પ્રાણમાં,
અમ લાગણીમાં, ભાવનામાં, પ્રેમમાં, રસમાં બધા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૭

આધાર સૌ નિજનો સદા માની ઉપર જે ધારતું,
માને અતિશય વ્હાલથી જ્યમ બાલુડું પોકારતું,
વિખૂટું પડેલું માડીથી હરપળ કરે શું આરડ્યાં !
તેવી રીતે તુજ નામ પ્રભુ ! તારું સ્મરાજો તાનમાં.... ૮

જીવનતણા સહુ ભંગમાં, જીવનતણા સૌ રંગમાં,
જીવનતણા એ અટપટા આડા ઊભા સૌ તારમાં,
મારી ગમે તેવી ભલે હો સર્વ જીવનભાતમાં,
રસીલું વણાયા ત્યાં કરો પ્રિય નામ તારું ભાવમાં.... ૯

સંબંધીઓ ને સ્વજનની સહુ વાતમાં ને ચીતમાં,
સંસારના વ્યવહારમાં ને જે થતાં સહુ કાર્યમાં,
પત્ની અને પરિવારમાં છોને પરોવાયેલ હો,
તે તે દશામાંહે પ્રભો ! તુજ નામ પ્રિય હૈયે વસો....૧૦

પ્રિય નામ – સૂર્ય ઊગ્યા થકી ફીટે જીવનઅંધાર સૌ,
એવું કૃપાથી જીવનમાં અમને ફૂલવજો, ફળવજો,
ચાનક અમોને લાગજો તુજ દિવ્ય જે પ્રિય નામની,
પ્રગટી રહો અમ જીવન તે છાયારૂપે તુજ પ્રેમની....૧૧

સારાય જીવનપટતણા તાણા અને વાણા વિશે,
ભીંજાયેલા હો રગરગે તુજ પ્રેમથી રંગાયેલા,
તુજ નામના પ્રિય સ્મરણના ઠોકે સદા ઠોકાયેલા,
એવું પ્રભુપદ હો સમર્પિત આ જીવન, હો તુજ કૃપા...૧૨

તુજ નામનો મહિમા ઋષિઓ કૈંક ભક્ત કવિ કથે,
હું તો બિચારું રાંકડું તે શું કથી કથીને કથે ?
જ્યમ સૂર્ય આગળ આગિયો, દરિયા કને ખાબોચિયું.
હીરા કને જ્યમ કાચ એવો સાવ હું નાદાન છું....૧૩

'શ્રી ગંગાચરણે', પૃ. ૨૯ થી ૩૨ **- શ્રીમોટા**

## સાધનામર્મ

૧. મુખથી કે મનમાં જાગૃતપણે જપ, સાથે સાથે હૃદયપ્રદેશે ધ્યાન તથા ચેતનના ચિંતન સહ ભાવાત્મક ભાવનું રટણ.

૨. પ્રત્યેક પળે સતત સમર્પણ, સારું તેમ જ નરસું-બંનેનું.

૩. સાક્ષીભાવ, જાગૃતિ, વિચારોની સાંકળ ન જોડો.

૪. બને તેટલું વધુ વાચિક અને માનસિક મૌન રાખો, કેળવો અને ખૂબખૂબ શરણભાવ જીવનમાં ચેતનાપૂર્વકની જાગૃતિથી કેળવ્યા કરો.

૫. આગ્રહો—પ્રભુચિંતન સિવાયના સર્વ આગ્રહો છોડો, નમ્રતા કેળવો, શૂન્ય થવાનું ધ્યેય રાખો.

૬. ખૂબ ભાવપૂર્વક હૃદયસ્થ રહીને આર્દ્ર અને આર્તભાવથી પ્રાર્થના કરો, ભગવાનને સર્વ સુખદુઃખ જણાવતા રહો, તેની સાથે આત્મનિવેદન દ્વારા અંગત ખૂબ ગાઢો સંબંધ બાંધો, મનમાં કશુંયે ઘોળાવા ન દો. ખાલી રહો.

૭. આવી પડતાં કામો પ્રભુનાં સમજો, જરાયે કચવાટ વિના ખૂબ પ્રેમપૂર્વક તે કરો. પ્રત્યેક પ્રસંગ-બનાવ આપણા કલ્યાણ અર્થે જ છે અને પ્રત્યેક પ્રવૃત્તિ આપણા પોતાના જ વિકાસાર્થે થવી ઘટે. પ્રત્યેક પ્રસંગ પાછળ પ્રભુનો ગૂઢ, શુભ સંકેત રહેલો છે.

૮. આત્મલક્ષી-અંતર્મુખી થાઓ, માત્ર પોતાની દુનિયામાં વસો. જાણી-જોઈને જાતને સંડોવવા દો નહિ.

૯. પર (પારકાંની) સેવા પ્રભુની સેવા સમજો, સેવા લેનાર, સેવા દેનાર ઉપર, સેવા કરવાની તક આપીને ઉપકાર કરે છે. રામે આપ્યું છે અને રામને દઈએ છીએ, ત્યાં 'મારું મારું ' ક્યાં રહ્યું ? તારું આ જગતમાં છે શું ?

૧૦. પ્રત્યેક કાર્ય, પ્રત્યેક વાતચીત, વ્યવહાર આપણા ધ્યેયને વેગ આપે એવા ખાસ હેતુસર, હેતુનું લક્ષ જીવતું રાખીને કરવાં. વાંચતી-લખતી વખતે અને પ્રત્યેક કર્મ કરતી પળે ભાવની સ્મરણ ધારણાનો અભ્યાસ કેળવ્યા કરો.

૧૧. વૃત્તિનું મૂળ શોધો, તેનું પૃથક્કરણ કરો. તેમાં ભેળવાયા વિના તેને તટસ્થતાપૂર્વક અને સ્વસ્થતાપૂર્વક નિહાળો.

૧૨. પ્રભુની પ્રત્યેક કળા, સૌંદર્ય, રમ્યતા, વિશુદ્ધતા આદિ પ્રસાદીઓમાં

રહેલા ભાવનું, તેને તેને અનુરૂપ ભાવનું, આપણામાં ત્યારે અવતરણ થવા પ્રાર્થના કરવી.

૧૩. ઊર્મિ, આવેશ અને લાગણીને એમ ને એમ વહી જવા ન દો, તેમ જ તેમાં ભેળવાઈ પણ ન જાઓ. તેનો સાધનામાં ઉપયોગ કરો, તાટસ્થ્ય કેળવો.

૧૪. જમતી વખતે અને પાણી પીતી વખતે જીવનમાં ચેતનશક્તિના અવતરણ-ભાવની પ્રાર્થના કરવી, શૌચ, પેશાબ આદિ ક્રિયાઓ સમયે વિકારો, નબળાઈઓ ઇત્યાદિના વિસર્જનભાવની પ્રાર્થના કરવી.

૧૫. સ્થૂળનો ખ્યાલ ત્યજીને સૂક્ષ્મતત્ત્વને નજર સામે રાખો. વૃત્તિની શુદ્ધિ કરો, ભાવની વૃદ્ધિ કરો.

૧૬. પ્રભુ સચરાચર છે. आत्मवत् सर्वभूतेषुની ભાવના કેળવો.

૧૭. પ્રત્યેક વ્યક્તિ અને વસ્તુની ઊજળી બાજુ જુઓ. કોઈનાય કાજી ન થાઓ, કશાય ઉપર ઝટ અભિપ્રાય ન આપો, વાદવિવાદ ના કરો, પોતાનો આગ્રહ ન રાખો, બીજાઓમાં શુભ હેતુઓનું આરોપણ કરો, માનસિક અને સાર્વત્રિક ઉદારતા જીવનમાં પ્રગટાવો, ખૂબ પ્રેમભાવ કેળવો, પ્રકૃતિનું રૂપાંતર કરવાનું છે, તે લક્ષમાં રાખીને પ્રકૃતિવશ ન થતાં કર્મોની ઉપરવટ વર્તો. ફળની આસક્તિ છોડો. પોતાને થતા અન્યાયો-આવી પડતાં દુઃખો-આદિનું મૂળ પોતામાં જ છે એમ દૃઢાવો, ગુરુમાં પ્રેમભક્તિભાવ દૃઢતર કર્યા કરો. અભીપ્સા, ઇન્કાર અને સમર્પણનો ત્રિવેણીસંગમ ઉદ્‌ભવાવો, સદાય પ્રસન્નતા પ્રવર્તાવો, કૃપા અને પુરુષાર્થના યુગલને જીવનમાં ઉતારો, પ્રત્યેક કર્મના આદિ, મધ્ય અને અંતમાં પ્રભુની સ્મૃતિ પ્રગટાવો, મન નિઃસ્પંદ કરો, રાગદ્વેષ નિર્મૂળ કરવાની જાગૃતિ રાખો, થયેલા આધ્યાત્મિક અનુભવો પ્રત્યક્ષ રોજિંદા વહેવારમાં જીવતા કરો, ક્યાંયે કશામાંથી ભાગવાનું ના હોય, યદૃચ્છા જે આવી મળે તે પ્રભુપ્રસાદી ગણીને તેને વધાવી લો. ક્યાંય કોઈની સરખામણી ના કરો, અનુકૂળ પ્રતિકૂળ પરિસ્થિતિ એ મનની ભ્રમણા છે, જીવનસાધના સારુ સર્વ કંઈ સાનુકૂળ જ હોય છે, પ્રભુમય-તેના મૂક યંત્ર-થવાની જ બસ એક ઉત્તેજના હવે જીવનમાં રાખો.

૧૮. કર્મમાં, કર્મનું મહત્ત્વ નથી, પરંતુ જીવનના ભાવનું સતત એકધારું, જીવતું ચિંતન રહ્યા કરે એ સવિશેષપણે મહત્ત્વનું છે. તેવો જીવતો અભ્યાસ કર્મ કરતી પળે કેળવવો.

- **શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

## પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

**જન્મ : તા. ૪-૯-૧૮૯૮, ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪**
સ્થળ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ,
માતા : સૂરજબા, પિતાઃ આશારામ, અટક : ભાવસાર.

**૧૯૧૬ :** પિતાનું અવસાન.

**૧૯૦૫ થી ૧૯૧૮ :** તૂટક અભ્યાસ-સાથે આકરી મજૂરી.

**૧૯૧૯ :** મૅટ્રિક પાસ.

**૧૯૨૦ :** વડોદરા કૉલેજમાં.

**તા. ૬-૪-૧૯૨૦:** કૉલેજ ત્યાગ.

**૧૯૨૦ :** ગૂજરાત વિદ્યાપીઠ પ્રવેશ.

**૧૯૨૧ :** વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

**૧૯૨૨ :** ફેફરુંના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ ઉપરથી આત્મહત્યાનો પ્રયાસ, દૈવી બચાવ, 'હરિઃૐ' જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ.

**૧૯૨૨ :** 'મનને'ની રચના.

**૧૯૨૩ :** 'તુજ ચરણે'ની રચના તથા પ્રકાશન.

**૧૯૨૩ :** વસંતપંચમીએ પૂ. શ્રીબાળયોગીજી દ્વારા દીક્ષા. શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાનાં દર્શને - સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજન સેવા.

**૧૯૨૪ :** 'તુજ ચરણે' ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૨૬ :** લગ્ન-હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

**૧૯૨૭:** સાકુરીના પૂ. શ્રીઉપાસની બાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકુરી જવું-ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

**૧૯૨૮ :** હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ-પરિણામે 'હરિઃૐ' જપ અખંડ થયો.

**૧૯૨૮ :** પહેલી હિમાલય યાત્રા.

**૧૯૩૦ :** મનની નીરવતાનો સાક્ષાત્કાર.

**૧૯૩૦ થી '૩૨** દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ-દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ-મૌન. વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ભાષામાં શ્રીમદ્ ભગવદ્ગીતાનું વિવરણ લખ્યું-'જીવનગીતા'

**૧૯૩૪ :** સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

**૧૯૩૪થી ૧૯૩૯** દરમિયાન હિમાલયમાં અઘોરી બાવા પાસે જવાનું બન્યું, ધુંવાધારના ધોધની પાછળની ગુફામાં સાધના. ચૈત્ર માસમાં છાણાંની ૬૩ ધૂણી ધખાવી નર્મદાકિનારે ખુલ્લામાં શિલા ઉપર નગ્ન બેસીને ૨૮ દિવસની સાધના, શીરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન-આદેશ-સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

**૧૯૩૯ :** તા. ૨૯-૩-૧૯૩૯ : રામનવમી, સંવત : ૧૯૯૫ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવક સંઘમાંથી રાજીનામું. 'મનને'ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૪૦ :** (તા. ૯-૯-૧૯૪૦) વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

**૧૯૪૧ :** માતાનું અવસાન.

**૧૯૪૨ :** હરિજન સેવક સંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યાછાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

**૧૯૪૩ :** ૨૪, ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

**૧૯૪૫ :** હિમાલયની યાત્રા-અદ્‌ભુત અનુભવો.

**૧૯૪૬ :** હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૦ :** દક્ષિણ ભારતના કુંભકોણમ્‌માં કાવેરી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૪** થી સુરતના કુરુક્ષેત્રમાં એક ઓરડીમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૫ :** (તા. ૨૮-૫-૧૯૫૫) નડિયાદ, શેઢી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૬ :** (તા. ૨૩-૪-૧૯૫૬) સુરત, કુરુક્ષેત્રમાં હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૬૨થી ૧૯૭૫ :** શરીરના અનેક રોગો-સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ-અનુભવ ગ્રંથોનું લેખન-પ્રકાશન.

**૧૯૭૬ :** ફાજલપુર-મહીનદીના કિનારે શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ માત્ર છ જણની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ. પોતાનું 'ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ' અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતનાં પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં કરવાની સૂચના.

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

## આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

## આશ્રમમાં ઉપલબ્ધ પુસ્તકોની યાદી

| નંબર | પુસ્તકોના વિભાગ | ટોટલ પુસ્તકો |
|---|---|---|
| ૧. | ગદ્ય પુસ્તકો | ૧૪ |
| ૨. | પદ્ય પુસ્તકો | ૫૧ |
| ૩. | શ્રીમોટા ટેપવાણી | ૧૨ |
| ૪. | પ્રવચન વાણી | ૭ |
| ૫. | સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો | ૯ |
| ૬. | સ્વજનોની અનુભવકથા તથા સ્મૃતિગ્રંથ | ૮ |
| ૭. | સંકલિત પુસ્તકો | ૨૨ |
| ૮. | જીવનકવન | ૧૧ |
| ૯. | અન્ય પુસ્તકો | ૧૪ |
| ૧૦. | હિંદી પુસ્તકો | ૧૫ |
| ૧૧. | અંગ્રેજી પુસ્તકો | ૨૨ |
| ૧૨. | કેલેન્ડર (દીવાલ અને ટેબલ) | ૧ |

### પૂજ્ય શ્રીમોટા વિરચિત ગદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસંગ્રામ | ૧૯૪૬ |
| ૨. | જીવનસંદેશ | ૧૯૪૮ |
| ૩. | જીવનપાથેય | ૧૯૪૯ |
| ૪. | જીવનપ્રેરણા | ૧૯૫૦ |
| ૫. | જીવનપગરણ | ૧૯૫૧ |
| ૬. | જીવનપગથી | ૧૯૫૧ |
| ૭. | જીવનમંડાણ | ૧૯૫૨ |
| ૮. | જીવનસોપાન | ૧૯૫૨ |
| ૯. | જીવનપ્રવેશ | ૧૯૫૩ |
| ૧૦. | જીવનપોકાર | ૧૯૫૪ |
| ૧૧. | હરિજન સંતો | ૧૯૫૪ |
| ૧૨. | જીવનમંથન | ૧૯૫૬ |
| ૧૩. | જીવનસંશોધન | ૧૯૫૭ |
| ૧૪. | જીવનદર્શન | ૧૯૫૯ |

### પૂજ્ય શ્રીમોટા વિરચિત પદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મનને | ૧૯૨૨ |
| ૨. | તુજ ચરણે | ૧૯૨૩ |
| ૩. | નર્મદાપદે | ૧૯૨૭ |
| ૪. | જીવનગીતા (નાની) | ૧૯૩૨ |
| ૫. | હૃદયપોકાર | ૧૯૪૪ |
| ૬. | જીવનપગલે | ૧૯૪૪ |
| ૭. | શ્રીગંગાચરણે | ૧૯૪૫ |
| ૮. | કેશવ ચરણ કમળે | ૧૯૪૬ |
| ૯. | કર્મગાથા | ૧૯૪૬ |
| ૧૦. | પ્રણામ પ્રલાપ | ૧૯૪૭ |
| ૧૧. | પુનિત પ્રેમગાથા | ૧૯૪૭ |
| ૧૨. | જીવનગીતા (મોટી) | ૧૯૫૩ |

| | |
|---|---|
| ૧૩. આર્તપોકાર | ૧૯૫૪ |
| ૧૪. અભ્યાસીને | ૧૯૬૭ |
| ૧૫. જિજ્ઞાસા | ૧૯૭૦ |
| ૧૬. ભાવ | ૧૯૭૧ |
| ૧૭. જીવનઝલક | ૧૯૭૧ |
| ૧૮. જીવનસૌરભ | ૧૯૭૧ |
| ૧૯. જીવનઅનુભવગીત | ૧૯૭૧ |
| ૨૦. જીવનસ્મરણ | ૧૯૭૧ |
| ૨૧. શ્રદ્ધા | ૧૯૭૧ |
| ૨૨. જીવનલહરી | ૧૯૭૧ |
| ૨૩. જીવનતપ | ૧૯૭૨ |
| ૨૪. જીવનરસાયણ | ૧૯૭૨ |
| ૨૫. જીવનઆહ્‌લાદ | ૧૯૭૨ |
| ૨૬. રાગદ્વેષ | ૧૯૭૨ |
| ૨૭. નિમિત્ત | ૧૯૭૨ |
| ૨૮. ગુણવિમર્શ | ૧૯૭૨ |
| ૨૯. જીવનસ્પંદન | ૧૯૭૩ |
| ૩૦. જીવનરંગત | ૧૯૭૩ |
| ૩૧. જીવનકથની | ૧૯૭૩ |
| ૩૨. જીવનસ્મરણસાધના | ૧૯૭૩ |
| ૩૩. જીવનમથામણ | ૧૯૭૩ |
| ૩૪. પ્રેમ | ૧૯૭૩ |
| ૩૫. મોહ | ૧૯૭૩ |
| ૩૬. કૃપા | ૧૯૭૩ |
| ૩૭. સ્વાર્થ | ૧૯૭૩ |
| ૩૮. શ્રીસદ્‌ગુરુ | ૧૯૭૩ |
| ૩૯. કર્મઉપાસના | ૧૯૭૩ |
| ૪૦. જીવનચણતર | ૧૯૭૪ |
| ૪૧. જીવનઘડતર | ૧૯૭૪ |
| ૪૨. જીવનપગદંડી | ૧૯૭૪ |
| ૪૩. જીવનકેડી | ૧૯૭૪ |
| ૪૪. ભાવકણિકા | ૧૯૭૪ |
| ૪૫. ભાવરેણુ | ૧૯૭૪ |
| ૪૬. ભાવજ્યોતિ | ૧૯૭૪ |
| ૪૭. ભાવપુષ્પ | ૧૯૭૪ |
| ૪૮. ભાવહર્ષા | ૧૯૭૫ |
| ૪૯. જીવનપ્રભાત | ૧૯૭૫ |
| ૫૦. જીવનપ્રવાહ | ૧૯૭૫ |
| ૫૧. મૌનાર્થીને માર્ગદર્શન | ૨૦૦૩ |

●

## પૂજ્ય શ્રીમોટા ટેપવાણી

| **નં.** | **પુસ્તક** | **પ્ર.આ.** |
|---|---|---|
| ૧. | શેષ-વિશેષ | ૧૯૮૯ |
| ૨. | જન્મ-પુનર્જન્મ | ૧૯૮૯ |
| ૩. | તદ્રૂપ-સર્વરૂપ | ૧૯૯૦ |
| ૪. | એકીકરણ-સમીકરણ | ૧૯૯૦ |
| ૫. | જીવતા નર સેવીએ | ૧૯૯૧ |
| ૬. | અગ્રતા-એકાગ્રતા | ૧૯૯૧ |
| ૭. | જોડા-જોડ | ૧૯૯૨ |
| ૮. | અન્વય-સમન્વય | ૧૯૯૨ |
| ૯. | શ્રીમોટાવાણી ૧ થી ૧૪ (૭ પુસ્તકો) | ૧૯૯૨ થી ૧૯૯૫ |
| ૧૦. | ગ્રહ-ગ્રહણ | ૧૯૯૩ |
| ૧૧. | દક્ષિણ ભારતનાં સ્વજનોને સંબોધન | ૨૦૦૬ |
| ૧૨. | શ્રી ઝીણાકાકા સાથે વાર્તાલાપ | ૨૦૧૫ |

●

## પૂજ્ય શ્રીમોટાનાં પ્રવચનનાં પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટા સાથે વાર્તાલાપ | ૧૯૭૯ |
| ૨. | મૌનએકાંતની કેડીએ | ૧૯૮૨ |
| ૩. | મૌનમંદિરનું હરિદ્વાર | ૧૯૮૩ |
| ૪. | મૌનમંદિરનો મર્મ | ૧૯૮૪ |
| ૫. | મૌનમંદિરમાં પ્રભુ | ૧૯૮૫ |
| ૬. | મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા | ૧૯૮૫ |
| ૭. | મૌનમંદિરમાં હરિસ્મરણ | ૨૦૧૫ |

●

## પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મુક્તાત્માનો પ્રેમસ્પર્શ | ૧૯૮૦ |
| ૨. | દાંપત્ય ભાવના | ૧૯૮૦ |
| ૩. | સંતહૃદય | ૧૯૮૩ |
| ૪. | ધનનો યોગ | ૧૯૮૪ |
| ૫. | પગલે પગલે પ્રકાશ | ૧૯૮૯ |
| ૬. | સમય સાથે સમાધાન | ૧૯૯૩ |
| ૭. | શ્રીમોટા પત્રાવલિ ૧/૨ | ૧૯૯૫ |
| ૮. | કેન્સરની સામે | ૨૦૦૨ |
| ૯. | હસતું મૌન | ૨૦૦૪ |

●

## સ્વજનોની અનુભવકથા

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | આશ્રમની અટારીએથી | ૧૯૮૧ |
| ૨. | શ્રીમોટાની સાથે સાથે | ૧૯૯૦ |
| ૩. | શ્રીમોટા સાથે હિમાલયયાત્રા | ૧૯૯૪ |
| ૪. | શ્રીમોટાની મહત્તા | ૧૯૯૫ |
| ૫. | મળાયું પણ ભળાયું નહિ | ૧૯૯૫ |
| ૬. | મળ્યા ફળ્યાની કેડી | ૨૦૦૧ |
| ૭. | મોટા - મારી મા | ૨૦૦૩ |

●

## સ્મૃતિગ્રંથ

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસ્ફુલિંગ | ૧૯૭૩ |

●

## સંકલિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનપરાગ | ૧૯૬૩ |
| ૨. | સંતવાણીનું સ્વાગત (તમામ પુસ્તકોની પ્રસ્તાવનાનું સ્વતંત્ર પુસ્તક) | ૧૯૭૭ |
| ૩. | અંતિમ ઝાંખી | ૧૯૭૮ |
| ૪. | વિધિ-વિધાન | ૧૯૮૨ |
| ૫. | સુખનો માર્ગ | ૧૯૮૩ |
| ૬. | પ્રાર્થના | ૧૯૮૪ |
| ૭. | લગ્ને હજો મંગલમ્ | ૧૯૮૫ |
| ૮. | નિરંતર વિકાસ | ૧૯૮૭ |
| ૯. | સમર્પણગંગા | ૧૯૮૯ |
| ૧૦. | જન્મમૃત્યુના રાસ | ૧૯૮૯ |
| ૧૧. | નામસ્મરણ | ૧૯૯૨ |
| ૧૨. | શ્રીમોટા અને શિક્ષણ | ૧૯૯૪ |
| ૧૩. | ફનાગીરીનો નિર્ધાર | ૧૯૯૬ |
| ૧૪. | પૂજ્ય શ્રીમોટા વચનામૃત ૧ થી ૪ (૧ પુસ્તક) | ૧૯૯૬ |
| ૧૫. | પ્રસન્નતા | ૧૯૯૭ |
| ૧૬. | ભગતમાં ભગવાન | ૨૦૦૦ |

१७. दुर्लभ देह मनुष्यनो २००७
१८. दैवासुर संग्राम २००७
१९. प्रसादी (गुजराती) २००८
२०. पूज्य श्रीमोटाना बे बोल २०१४
(तमाम पुस्तकोमांथी
लेखकना बे बोलनुं
स्वतंत्र पुस्तक)
२१. जीवनयोग भाग १
अने २ २०१६
२२. बुद्धि २०१७

●

## जीवनकवन

| नं. | पुस्तक | प्र.आ. |
|---|---|---|
| १. | जीवन अने कार्य भाग-१,२ | १९७५ |
| २. | पारसलीला | १९७५ |
| ३. | तरणामांथी मेरु | १९७६ |
| ४. | विद्यार्थी मोटानो पुरुषार्थ | १९८९ |
| ५. | महामना अब्राहम लिंकन | १९९३ |
| ६. | प्रेरक विभूति महात्मा गांधी | १९९४ |
| ७. | श्रीकेशवानंदजी धूणीवाळा दादा | १९९६ |
| ८. | गोधराना बापजीनुं जीवनचरित्र | १९९८ |
| ९. | मारी साधनाकथा | २००५ |
| १०. | पूज्य श्रीमोटाना वहाला झीणाभाई | २००५ |
| ११. | जीवन सार्थकतानी केडीए पूज्य श्रीमोटाना वहाला 'भाई' श्री नंदुभाईनी संक्षिप्त जीवनविकासगाथा भाग-१ अने २ | २०२० |

●

## अन्य पुस्तको

| नं. | पुस्तक | प्र.आ. |
|---|---|---|
| १. | श्रीमोटाचरणे | १९७० |
| २. | बाळकोना मोटा | १९८० |
| ३. | श्रीमोटा चित्रकथा | १९८७ |
| ४. | आहुति मंत्र अने आरती | १९९५ |
| ५. | हरिःॐ आश्रम श्रीभगवानना अनुभव काजेनुं स्थळ | १९९६ |
| ६. | कृपायाचना शतकम् | १९९६ |
| ७. | ध्येय अने ध्यान | २००० |
| ८. | चिदाकाश | २००० |
| ९. | प्रार्थना पोथी | २०१० |
| १०. | श्रीमोटा उपलब्धि अने उपदेश | २०१४ |
| ११. | श्रीमोटा चरणे आंतर प्रवेश | २०१६ |
| १२. | श्रीमोटा चरणे त्रिभाषी (गु. हिं. अं.) | २०१८ |
| १३. | बधुं आपणामां ज छे | २०१८ |
| १४. | समर्थ सद्‌गुरु पूज्य श्रीमोटा | २०१८ |

●

## हरि:ॐ आश्रम में उपलब्ध हिंदी पुस्तिका का लिस्ट

| क्रम | पुस्तक | प्र.आ. |
|---|---|---|
| १. | पूज्य श्रीमोटा एक संत | १९९७ |
| २. | कैंसर का प्रतिकार | २००८ |
| ३. | सुख का मार्ग | २००८ |
| ४. | दुर्लभ मानवदेह | २००९ |
| ५. | प्रसादी | २००९ |
| ६. | नामस्मरण | २०१० |
| ७. | हरि:ॐ आश्रम – श्रीभगवान के अनुभव का स्थान | २०१० |
| ८. | श्रीमोटा के साथ वार्तालाप | २०१२ |
| ९. | विवाह हो मंगलम् | २०१२ |
| १०. | बालकों के मोटा | २०१२ |
| ११. | विद्यार्थी मोटा का पुरुषार्थ | २०१२ |
| १२. | मौनमंदिर का मर्म | २०१३ |
| १३. | मौनमंदिर का हरिद्वार | २०१३ |
| १४. | मौनएकांत की पगडंडी पर | २०१३ |
| १५. | मौनमंदिर में प्रभु | २०१४ |

●

## હરિ:ૐ આશ્રમમાં ઉપલબ્ધ અંગ્રેજી પુસ્તકોની યાદી. જાન્યુઆરી - ૨૦૨૦

**English books available at Hariom Ashram Surat.**
**January - 2020**

| No. | Book | F. E. |
|---|---|---|
| 1. | At Thy Lotus Feet (Tuj Charane) | 1948 |
| 2. | To The Mind (Man ne) | 1950 |
| 3. | Life's Struggle (Jeevan Sangram) | 1955 |
| 4. | The Fragrance of a Saint (Paraslila) | 1982 |
| 5. | Vision of Life - Eternal | 1990 |
| 6. | Bhava | 1991 |
| 7. | Nimitta | 2005 |
| 8. | Self-interest (Swarth) | 2005 |
| 9. | Inquisitiveness (Jignasa) | 2006 |
| 10. | Shri Mota | 2007 |
| 11. | Rites and Rituals (Vidhi-Vidhan) | 2007 |
| 12. | Naamsmaran | 2008 |
| 13. | Mota for Children (Balako na Mota) | 2008 |
| 14. | Against Cancer (Cancer ni Same) | 2008 |
| 15. | Faith (Shraddha) | 2010 |
| 16. | Shri Sadguru | 2010 |
| 17. | Human to Divine (Bhagat ma Bhagwan) | 2010 |
| 18. | Prasadi | 2011 |
| 19. | Grace (Krupa) | 2012 |
| 20. | I Bow at Thy Feet (Tuj Charane) | 2013 |
| 21. | Attachment and Aversion (Raag Dhwesh) | 2015 |
| 22. | The Undending Odyssey - My Experience of Sadguru Sri Mota's Grace | 2019 |

●

॥ હરિ:ૐ ॥



કિંમત : રૂ. ૧૦/-